Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
$AVE MAX Achievers Realty

FRIDAY, 17 NOVEMBER, 2023 Vol. 20, No. 44 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ચીનના શાંક્સી પ્રાંતના લુલિયાંગમાં કોલસા કંપનીની બિલ્ડિંગમાં આગ ભભૂકી ઉઠી

# ચીનમાં ઈમારતમાં આગ: 25ના મોત, અનેક ઘાયલ

### બિલ્ડિંગમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવેલા 63 લોકો પૈકી 51ને હોસ્પિટલમાં ખસેડાયા, ઘટનાનું કારણ શોધવા કવાયત

**બેઈજીંગ**

ચીનમાં ગુરુવારે શાંક્સી પ્રાંતના લુલિયાંગમાં કોલસા કંપનીની બિલ્ડિંગ આગની ચપેટમાં આવી હતી. આ આગ એટલી ભયંકર હતી કે જેમાં 25 લોકોએ જીવ ગુમાવ્યા હતા. સવારે લગભગ 6.50 વાગ્યે બનેલી આ ઘટના બાદ અત્યાર સુધીમાં 63 લોકોને બિલ્ડિંગમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી 51 લોકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટના સ્થળની નજીક બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. આ સાથે જ આગના કારણની તપાસ કરવામાં આવી હતી.

ચીનમાં અવારનવાર આગની ઘટનાઓ બાદ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે દેશવ્યાપી અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષે એપ્રિલ મહિનામાં બેઈજિંગની એક હોસ્પિટલમાં લાગેલી આગમાં 29 લોકોના મોત થયા હતા. ચીનના ઈતિહાસની સૌથી મોટી દુર્ઘટના 2015માં ચીનના તિયાનજિનમાં થઈ હતી, જ્યારે કેમિકલ વેરહાઉસમાં વિસ્ફોટને કારણે 165 લોકોના મોત થયા હતા. ગુરુવારે બનેલી ઘટના બાદ કારણ જાણવા ફરી વાર કવાયત શરૂ કરાઈ હતી.



## મણિપુરમાં IED બ્લાસ્ટ કરી આસામ જવાનો પર આતંકીઓનું ફાયરિંગ

**ઈમ્ફાલ**

ગુરુવારે મણિપુરના ટેંગ્નોપાલ જિલ્લામાં આસામ રાઈફલ્સના જવાનો પર ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ બ્લાસ્ટ કરાયા બાદ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટના બાદ સુરક્ષા જવાનો સાવધાન થઈ ગયા હતા અને જે વિસ્તારમાં ઘટના બની ત્યાં સુરક્ષા દળોએ કથિત આતંકવાદી હુમલાખોરોને પકડવા માટે કવાયત શરૂ કરી હતા. F/20 આસામ રાઈફલ્સની એક ટીમ ભારત-મ્યાનમાર બોર્ડર પાસે આવેલ ટેંગનૌપાલ પોલીસ સ્ટેશન વિસ્તારના નારુમ શૈબોલમાં તૈનાત હતી. આ દરમિયાન ગુરુવારે સવારે 8.30 કલાકે કેટલાક અજાણ્યા હથિયારધારી બદમાશોએ ટીમ પર જીવલેણ હુમલો કર્યો હતો. ઘટનાને પગલે વિસ્તારને સુરક્ષા દળોએ ચારેકોરથી ઘેરી લીધું છે. અધિકારીઓએ જણાવ્યું કે, સેનાનું વાહન મજબુત અને સુરક્ષિત હોવાથી હુમલામાં કોઈપણ સૈનિક ઈજાગ્રસ્ત થયો નથી. તેમણે કહ્યું કે, આઈઈડી વિસ્ફોટ બાદ આતંકવાદીઓ દ્વારા ગોળીબાર કરાયો હતો. જે બાદ હુમલાખોરોને શોધવા વિશેષ અભિયાન હાથ ધરાયું હતું.

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

HAPPY DIWALI! MAY THIS FESTIVAL OF JOY BRINGS MORE HAPPINESS TO YOUR LIFE.
SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*Conditions apply ...... ASK NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph. : 416-890-3232
Email : sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS/ NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

$AVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
$AVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- urshilamehulrealtor@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટો સ્વામિ. ટેમ્પલ દ્વારા દિવાળીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

## મંદિરને શણગાર કરી શ્રી ઘનશ્યામ મહાપ્રભુને સુંદરવસ્ત્રો અને અલંકારો પહેરાવાયા

### અન્નકૂટમાં 100થી વધુ વાનગીઓનો ભોગ ભગવાનને ધરાવાયો

**ટોરન્ટો**

શ્રી સ્વામિનારાયણ ટેમ્પલ ટોરોન્ટો કેનેડા દ્વારા દિવાળીના પર્વની આનંદોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જીતેન્દ્રયત્રિયદાસજી સ્વામી મહારાજની આજ્ઞા અને આર્શીવાદથી તા. 11 અને 12 નવેમ્બર 2023 શનિવાર અને રવિવારના રોજ ઉજવાયેલા કાર્યક્રમમાં ધાર્મિક વિધિ તથા મંત્રોચ્ચાર સાથે સરસ્વતી ચોપડા, પૂજન ધનલક્ષ્મી પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

આ પ્રસંગે મંદિરને સત્સંગી ભાઈબહેનોએ સુંદર રીતે શણગાર્યું હતું. શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ સુંદર વસ્ત્ર અલંકારો ધારણ કર્યા હતા. અને બાળસભા અને કિશોરસભાના 100 બાળકો દ્વારા



મહાઆરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે ભક્તોએ ફટાકડા-Fireworkનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ ઠાકોરજી સમક્ષ પ્રેમીભક્તોએ સો (100) કરતા પણ વધુ વાનગીઓનો અન્નકૂટ ઉત્સવ કરવામાં આવ્યો હતો. બે દિવસ દરમિન ભક્તિભાવપૂર્વક હરિભક્ત ભાઈ-બહેને દિપાવલી પર્વનો આનંદ માણ્યો હતો. શ્રી સ્વા.ગાદીના આચાર્ય મહારાજ જીતેન્દ્રીયત્રિયદાસજી સ્વામીએ ફોનથી આર્શીવાદ પાઠવ્યા હતા. જે ચાલુ સભામાં સહુને સંભળાવવામાં આવ્યા હતા. દિવાળી પર્વમાં ટોરન્ટો શહેર સ્કારબોરો, બ્રામ્પ્ટન, મિસીસાગા, ઈટો, ઓસાવા, ઓટાવા, મોન્ટ્રીયલ તેમજ હેમિલ્ટન કેલિડોનીયા, બ્રેન્ફર્ડ, લંડન, કીચનર, કેમ્બ્રીઝ સારનીયા, વીન્ડસર જેવા દૂર દૂરના વિસ્તારોના ભક્તો આવીને સહભાગી બન્યા હતા. ગાદી સંસ્થાન દ્વારા સંચાલિત સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ વતી મંડળના પ્રમુખ હરેશભાઈ પટેલે સૌનો આભાર માન્યો હતો. બંને દિવસ માટે મંડળ દ્વારા મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# અમેરિકાનું પ્રભુત્વ આજે પણ સમગ્ર દુનિયામાં યથાવત્ : મંત્રી એસ જયશંકર

### લંડનમાં યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીએ કેનેડાને ઠપકો આપ્યો

**પેરિસ**

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે લંડનમાં આયોજિત એક કાર્યક્રમમાં અમેરિકા-કેનેડાથી લઈને ચીન-તાઈવાન સુધીના દરેક મોટા મુદ્દા પર વાત કરી હતી. એક તરફ કેનેડાને નિર્જ્જર હત્યા કેસમાં કોઈ પુરાવા ન આપવા અંગે ફરી એકવાર ઠપકો આપવામાં આવ્યો તો બીજી તરફ અમેરિકાની વાત કરીને ચીનને પણ ટેન્શન આપ્યું હતું. જયશંકરે સ્પષ્ટ કહ્યું હતું કે અમેરિકા એવી શક્તિ નથી કે જે ઘટી રહી છે પરંતુ તે પોતાની જાતને નવો આકાર આપી રહી છે. વિભાજિત અમેરિકા અથવા કોઈપણ વિભાજિત દેશ સ્પષ્ટપણે આંતરરાષ્ટ્રીય બાબતોમાં ઓછા અસરકારક ખેલાડી હશે. અમેરિકા આપણા સમયની મોટી શક્તિ છે. હું કહીશ કે અમેરિકા છેલ્લાં કેટલાંક વર્ષોથી ઘણી રીતે વિદેશમાં ઘણું પ્રભુત્વ ધરાવે છે. અમેરિકા આજે ઈન્ડો-પેસિફિકને આકાર આપી રહ્યું છે જેણે ક્વાડ જેવી સંસ્થા બનાવી છે.

# કેનેડિયન હિંદુ કલ્ચરલ સેન્ટર એન્ડ ધ લેવિટ દ્વારા દિવાળીની ઉજવણી



### સિનિયર્સ અને વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક પરફોમન્સ દ્વારા સાંસ્કૃતિક પ્રતિભા દર્શાવાઈ

**ટોરોન્ટો**

શુક્રવારે કેનેડિયન હિંદુ કલ્ચરલ સેન્ટર અને ધ લેવિટે દ્વારા દિવાળીની ઉજવણી કરાઈ હતી. આ તકે 1969માં કેનેડાના હેમિલ્ટન ખાતેની મેકમાસ્ટર યુનિવર્સિટીમાં આવનારા સૌથી પહેલા જાણીતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંના એક મહેન્દ્ર જોષી અને સનાતન મંદિર સિનિયર્સ ક્લબના વર્તમાન પ્રમુખ અને સામાજિક કાર્યકર સવિતાબેન પટેલ ખાસ હાજર રહ્યા હતા. સિનિયર્સ અને વિદ્યાર્થીઓ બંનેએ મનમોહક પર્ફોર્મન્સ દ્વારા તેમની સાંસ્કૃતિક પ્રતિભા દર્શાવી હતી. આ તકે મહેમાનોમાં કેનેડિયન હિંદુ કલ્ચરલ સેન્ટરના પ્રમુખ શર્મિષ્ઠા જોશી સાથે જોડાયા હતા અને યુવા ટીમના પ્રમુખ જેરીન રાજે આ પ્રતીકાત્મક ક્ષણ માટે મંચને બિરદાવ્યો હતો, ત્યારબાદ પ્રેક્ષકોમાંના દરેક સભ્યએ તેમના પર ટી-લાઈટ પ્રગટાવી હતી. કાર્યક્રમ માટે ICICI બેંક, નાવા વિલ્સન LLP, સનરે ગ્રૂપ ઓફ હોટેલ્સ, ફોર્ચ્યુન કન્સલ્ટન્સી, મલ્ટી-રિસ્ક ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એન્ડ ફાઈનાન્સિયલ ગ્રૂપ ઈન્ક અને DGM - સેલ્સ લિમિટેડ જેવા પ્રખર પ્રાયોજકોનો સહયોગ રહ્યો હતો. ગતિશીલ emcee યુગલ, ટેસા મારિયા મેથ્યુ અને જયદેવ વેણુગોપાલે પ્રાંસગિત વાતો કરી હતી. જે બાદ સૌને વિવિધ વાનગીઓ પીરસવામાં આવી હતી. સાંસ્કૃતિક વિવિધતાની સમૃદ્ધિને ઉજાગર કરતી યાદગાર ક્ષણોથી પ્રેક્ષકો મોહિત થયા હતા.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# વાનકુવર રેસ્ટોરન્ટમાં ટ્રુડોના ઘેરાવ બાદ સુરક્ષા વધારાઈ, 100 અધિકારી તૈનાત

## પોલીસ અધિકારી સાથે ધક્કામુક્કી બદલ બેની ધરપકડ કરાઈ

**ઓન્ટેરિયો**



ઈઝરાયેલ-હમાસ યુદ્ધને વિરામ આપવાની હાકલ બાદ મંગળવારે રાત્રે વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને વાનકુંવર રેસ્ટોરન્ટ પાસે કેટલાક લોકોએ ઘેરી લીધા હતા. જો કે, આ ઘટના પછી ટ્રુડોની સુરક્ષા વધારાઈ હતી અને 100 પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. તેમના ઘેરાવ સંદર્ભે બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. વિરોધકર્તાઓની ક્રિયાઓ અને ટ્રુડોને ચાઈનાટાઉન રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળવાની સુવિધા આપવાની જરૂરિયાતને કારણે ભારે પોલીસને પડકાર ઉભો થયો હતો એમ વાનકુંવર પોલીસ વિભાગના પ્રવક્તાએ બુધવારે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતુ કે, અમારું માનવું છે કે, વિરોધીઓએ કેટલીક ચોક્કસ ક્રિયાઓ કરી હતી. જેના કારણે ચિંતાઓ થઈ હતી. લેનના ભાગને અવરોધિત કરવા માટે બેરિકેડ ખસેડવા જેવી હરકત થઈ હતી. વિરોધીઓ સંગઠિત હોવા છતાં, પોલીસને અગાઉથી જાણ ન હતી, જે બાદ અમે તરત જ શહેરના વિવિધ ભાગોમાં લગભગ 100 અધિકારીઓને તૈનાત કરીને તરત જ જવાબ અપાયો હતો. એડિસને કહ્યું કે, ટ્રુડો અને તેમની સુરક્ષા ટીમ ત્યાંથી નીકળી ગયા પછી ભીડને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. મહિલા પોલીસ અધિકારીને કથિત રૂપે મુક્કો મારવા અને તેની આંખોમાં કંઈક નાંખવાનો પ્રયાસ કરવા બદલ એક 27 વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

# RCMP, CBSA દ્વારા $ 13Mની દવા જપ્ત, ટોરોન્ટોના દંપતી સામે આરોપ ઘડાયો

## અધિકારીઓને ગુના અને મની લોન્ડરિંગની આવકના કબજાના પુરાવા પણ મળ્યા

**ટોરોન્ટો**

ટોરોન્ટોના એક પુરુષ અને સ્ત્રી સામે તેમના વાહન અને મિલકતમાંથી કથિત રૂપે $ 13M મૂલ્યનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા પછી આરોપ મૂકવામાં આવ્યો છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) દ્વારા બુધવારે જારી કરાયેલા એક પ્રકાશન મુજબ 4 માર્ચે, વિન્ડસર, ઓન્ટ. માં એમ્બેસેડર બ્રિજ પર સેમી-ટ્રકે કેનેડામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.

શરૂઆતમાં વાહન “સામાનનું કાયદેસર શિપમેન્ટ” વહન કરતું હોવાનું જણાયું હતું, પરંતુ વધુ નિરીક્ષણ કરી બોર્ડર એજન્ટોએ શોધી કાઢ્યું હતું કે, તેઓને ટ્રકમાં થામ્ફેટામાઈન હોવાની શંકા છે. જે બાદ ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને છોડી દેવામાં આવ્યો હતો. વિન્ડસર આરસીએમપીના બોર્ડર ઈન્ટિગ્રિટી એકતા અને કેનેડિયન બોર્ડર સર્વિસિસ એજન્સી ઈન્ટેલિજન્સ એન્ફોર્સમેન્ટ્સ વિભાગ દ્વારા તપાસ થયા પછી ટોરોન્ટિન માર્વિન વોટસન શપન્શિના શંકાસ્પદ આયોજક તરીકે ઓળખવામાં આવી હતી. આરોપીની ટોરોન્ટોના નિવાસસ્થાને વેન ચલાવતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ દરમિયાન પોલીસે જણાવ્યું કે 120 કિલો કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. તેના ભાગીદાર, મારિયા કિગુરુ, કે જે ટોરોન્ટોની રહેવાસી છે, તેની પણ કથિત ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ હોવાની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી. દંપતીના ઘરે અનુગામી સર્ચ વોરંટના પરિણામે 100 કિલો મેથામ્ફેટામાઈન, એક કિલો અફીણ, બે કિલોગ્રામ MDMA અને કેટલાક કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

# તિરંગાનું સન્માન કરનારા શીખ પરિવાર ઉપર ખાલિસ્તાન સમર્થકો દ્વારા હુમલો

**વાનકુંવર**

કેનેડામાં ખાલિસ્તાન જૂથ શીખ ફોર જસ્ટિસ (SFJ) ના સભ્યો દ્વારા ફરી વખત એક ભારતીય પરિવાર પર હુમલો કરવામાં આવ્યો છે. એબોટ્સફોર્ડમાં વાનકુવર એમ્બેસી દ્વારા ભારતીય હાઈ કમિશનના સહયોગથી આયોજિત કાર્યક્રમમાં એક ભારતીય પરિવારે જમીન પર પડેલો ભારતીય રાષ્ટ્રધ્વજ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ખાલિસ્તાન જૂથ દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉ પણ અનેક વખત ખાલિસ્તાની સમર્થકોએ ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું છે.










તંત્રી સ્થાનેથી

# ભારત એક 'સેફ સ્ટેટ' : યુકેની બેવડી નીતિ ફરીવાર ઉજાગર



તંત્રી - સ્વદેશ

ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ મુદ્દે ચાલી રહેલી મંત્રણામાં યુકેની ઋષિ સુનકની સરકારે મહત્વનો નિર્ણય ચારેક દિવસ પહેલાં લીધો. જેમાં સુનક સરકારે ભારતનો સમાવેશ 'સેફ સ્ટેટ્સ'માં કર્યો. બ્રિટનનું આ પગલું પ્રાથમિક દૃષ્ટિએ તો ભારતને લાભદાયી જણાય છે. પરંતુ હકીકતમાં તે બ્રિટન માટે વધુ ફાયદાકારક છે. કારણ કે, ભારતને 'સેફ સ્ટેટ' જાહેર કરવાથી બ્રિટન કાયદેસર રીતે તેમને સંઘરવાની પળોજણમાંથી મુક્ત થઈ જશે. બલ્કે બ્રિટન પોલીસને ગેરકાયદેસર રીતે ઘૂસનારા ભારતીયોની અટકાયત કરવાની સત્તા મળશે અને તેમને તાત્કાલિક રીતે ભારત પાછા મોકલી શકાશે.

બ્રિટને ચાલુ વર્ષમાં જ તેને ત્યાં ઘૂસણખોરી કરનારાંને રોકવા માટે ઈલ્લીગલ માઈગ્રેશન એક્ટ બનાવ્યો છે. ભારતમાંથી ગેરકાયદેસર રીતે જતા લોકોને હવે બ્રિટનમાં રાજ્યાશ્રય મળવાના દરવાજા સદંતર બંધ થઈ જશે. બ્રિટનનું માનવું છે કે ભારત સામાન્ય લોકો માટે સલામત દેશ છે, ભારતમાં રાજકીય સ્થિરતા છે અને વ્યાપક પ્રમાણમાં મનવાધિકાર ભંગ થતો નથી. માનવાધિકાર ભંગની નાની નાની ઘટનાઓ બનતી હશે, પણ લશ્કરી સરમુખત્યારો કે ધાર્મિક કટ્ટરવાદીઓના શાસનમાં વિરોધીઓ કે લઘુમતીઓ પર થાય એવા અત્યાચારો થતા નથી. બ્રિટને આ નિર્ણય લેવો પડયો કેમ કે, છેલ્લાં કેટલાંક વરસોથી દરિયાઈ માર્ગે બ્રિટનમાં ઘૂસવા મથતા ભારતીયોનું પ્રમાણ વધ્યું છે. બ્રિટનની સરકારે બહાર પાડેલા આંકડા પ્રમાણે, 2023ના પહેલા ત્રણ મહિનામાં દરિયાઈ માર્ગે ૬૭૫ ભારતીયો યુકેમાં પ્રવેશ્યા હતા. જયારે 2022માં ૨૩૩ ભારતીયો આખા વર્ષમાં બ્રિટનમાં બોટ દ્વારા ઘૂસ્યા હતા. આખા વરસના આંકડા કરતાં પહેલા ત્રણ મહિનામાં જ ત્રણ ગણા ભારતીયો ગેરકાયદેસર રીતે ઘૂસી ગયા છે એ જોતાં ભારતીયોના પ્રમાણમાં બહુ મોટો ઉછાળો આવ્યો છે એ સ્પષ્ટ નથી. આ વરસના પહેલા ત્રણ માસમાં ૯૦૯ અફઘાનો બોટ દ્વારા યુકેમાં ઘૂસ્યા હતા. એટલે ભારતીયો બીજા નંબરે હતા.

કોઈ પણ દેશમાં ગેરકાયદેસર રીતે ઘૂસવું યોગ્ય નથી જ. બ્રિટનમાં ઘૂસનારા ભારતીયો પણ કાયદાનો ભંગ કરતા હતા તેથી તેમની સામે પગલાં લેવામાં કશું ખોટું નથી. પણ અત્યાર સુધી તેમને બ્રિટનના કાયદાની છટકબારીનો લાભ મળતો હતો. બ્રિટને એ છીંડું બંધ કરી દીધું છે. કાયદાની છટકબારીનો લાભ લેનારા ભારતીયોને હવે એ લાભ નહીં મળે. બ્રિટન સહિતના પશ્ચિમના દેશો અત્યાચારો, આતંકવાદ કે કિન્નાખોરીનો ભોગ બનેલી પ્રજાને આશ્રય આપે છે. જે દેશોમાં અત્યાચારો કે માનવાધિકાર બંગ થાય ત્યાં લોકો રહી ના શકે. પોતાના દેશમાંથી ભાગેલાં આવાં લોકોને માનવતાના ધોરણે ત્યાં આશરો અપાતો હતો. બ્રિટન સહિતના પશ્ચિમના દેશો તેને પોતોની ફરજ પણ માને છે. આ કારણે સીરિયા સહિતના આંતરિક યુધ્ધમાં ફસાયેલા દેશોમાંથી ભાગીને આવતા લોકોને બ્રિટન સહિતના દેશોમાં પ્રવેશ મળે છે.

બીજી તરફ ભારતમાં વર્ષોથી આ પ્રકારની સ્થિતિ સર્જાઈ નથી. લોકતાંત્રિક ભારતમા કાયદાઓ પણ અમલમાં છે. અને કાયદો અને વ્યવસ્થાની મોટી કોઈ સમસ્યા નથી, કોઈ વર્ગ, સમુદાય કે ધર્મનાં લોકોને નિશાન બનાવીને અત્યાચારો કરાતા નથી કે તેમના માનવાધિકારોનો ભંગ કરાતો નથી. આ સંજોગોમાં જે લોકો ભારત છોડીને ગેરકાયદેસર રીતે યુકે કે બીજે દેશમાં ઘૂસવા માગે છે એ લોકોનો એક માત્ર ઉદ્દેશ આર્થિક ફાયદો મેળવવાનો હોવાનું હવે બ્રિટન સહિતના દેશો સમજવા માંડ્યા છે.

અલબત, વિકાસશીલ ભારત કરતાં બ્રિટન સહિતના પશ્ચિમના દેશોમાં વધારે બહેતર જીંદગી છે, વધારે ભૌતિક સવલતો છે અને વિશેષ તો વધારે પ્રમાણમાં સોશિયલ સીક્યુરિટી છે. નિવૃત્તિ પછી સરકાર જ લોકોનો બોજ ઉઠાવે છે. આ બધી બાબતોથી અંજાઈને ભારતીયોનું સ્થળાંતર યુકે, અમેરિકા, કેનેડા સહિતના પશ્ચિમના દેશો તરફ થતું રહ્યું છે તે પણ એક હકીકત છે.

જો કે, બ્રિટનના આ નિર્ણયને ભારતના કેટલાક બુદ્ધિજીવીઓ પશ્ચિમના દેશોના સ્વાર્થીપણાન ઉદાહરણ તરીકે લેખાવી રહ્યા છે. આ લોકોનું માનવું છે કે, બ્રિટન, અમેરિકા સહિતના દેશોમાં ગેરકાયદે ઘૂષણખોરી વર્ષોથી થાય છે. અત્યાર સુધી બ્રિટન સહિતના દેશો આ પ્રવૃત્તિ સામે આંખ આડા કાન કરતા હતા. કારણ કે, આ પ્રકારે પ્રવેશ મેળવનારા લાકો પાસે તેઓ સસ્તા દરે મજૂરી કરાવતા હતા. ગેરકાયદેસર રીતે ઘૂસનારા ઓછા પગારમાં કામ કરતા હોય છે. સ્થાનિક લોકો કે પછી કાયદેસરના વિઝા પર આવેલા સ્કીલ્ડ પર્સન્સ જે કામ ના કરે એવાં બધાં કામ આ લોકો કરી લેતા હોય. વળી, ત્યાંની સરકારોએ તેમને કોઈ સોશિયલ સીક્યુરિટી આપવી પડતી નથી. તેથી જે તે દેશ પણ ફાયદામાં રહેતો હતો.

હવે આ દેશોમાં પણ આવાં લોકોનો ભરાવો થઈ ગયો છે તેથી તેમને પણ નવા મજૂરોની જરૂર નથી, તેથી ઘૂસણખોરીનો મુદ્દો તેવા દેશ માટે ગંભીર બની રહ્યો છે. જેના કારણે જ ચતુરાઈ પૂર્વક કાયદા આકરા બનાવાઈ રહ્યા છે, બ્રિટન કે બીજા કઈ પણ દેશ ભારતને સેફ સ્ટેટ માનતા હોય તો તેમણે ભારતથી ભાગીને બ્રિટન જતા અપરાધીઓના મામલે પણ આ જ વલણ અપનાવવું જોઈએ. ભારતથી ભાગીને ગયેલા વિજય માલયા, લલિત મોદી કે બીજા આર્થિક ગુનાના અપરાધીઓને પણ તાત્કાલિક ભારત પાછા મોકલી આપવા જોઈએ. પણ બ્રિટન એવું કરતું નથી. તેની પાછળ પણ તેનો સ્વાર્થ છે.

આ ભાગેડુ અપરાધીઓ બ્રિટનમાં નોંધપાત્ર ટેક્સ ભરે છે અને તેમની લેવિશ લાઈફસ્ટાઈલના કારણે બ્રિટનના અર્થતંત્રને પણ ફાયદો કરાવે છે. પોતાના ફાયદાની વાત આવે ત્યારે બ્રિટનને ભારત સેફ સ્ટેટ નથી લાગતું. ભારતમાં યોગ્ય રીતે કેસ નહીં ચાલે એવા વાંધા ઉઠાવાય છે. તેને સરકાર અને બ્રિટનની અદાલતો માન્ય રાખે છે. એટલે બ્રિટનની બેવડી નીતિ પણ અહીં દેખાઈ રહી છે. ભારતને સેફ સ્ટેટ જાહેર કરવાનો નિર્ણય બ્રિટનનાં બેવડાં ધોરણાનો વધુ એક નમૂનો છે. બ્રિટનમાં કોઈ પણ દેશને સેફ સ્ટેટ જાહેર કરવાનો નિર્ણય કલમ ૮૦એએ હેઠળ લેવાય છે. બ્રિટનનાં હોમ સેક્રેટરી એટલે કે ગૃહ મંત્રી દ્વારા કોઈ દેશમાં નાગરિકો પર અત્યાચાર નથી થતા કે હ્યુમન રાઈટ્સ કન્વેન્શન હેઠળ યુકે જે નિયમોને પાળવા બંધાયેલું છે તેનો ભંગ થતો નથી એ દેશને જ સેફ સ્ટેટ જાહેર કરાય છે. ભારતને સેફ સ્ટેટ જાહેર કરાય તેનો મતલબ એ કે, બ્રિટન સ્વીકારે છે કે, ભારતમાં કોઈ ચોક્કસ સમુદાયનાં લોકોના માનવાધિકારોનો ભંગ થતો નથી કે તેમના પર અત્યાચારો પણ થતા નથી. ત્યારે બીજી તરફ ભારતમાં શીખો પર અત્યાચારના આક્ષેપો કરનારા ખાલિસ્તાનવાદીઓ કે મુસ્લિમો પર અત્યાચારની વાતો કરનારાં ચળળકારોને પણ પોષે છે. બ્રિટનની ધરતી પર રહીને આવા આક્ષેપો કરનાર સામે બ્રિટન કશું કરતું નથી.

manoj1968@yahoo. ca






# ફટાકડા ફોડવા અંગે ઠપકો આપવા ગયેલા અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ મંત્રીની હત્યા

## હુમલામાં ઘાતક શસ્ત્રોનો ઉપયોગ, પતિ અને પુત્ર ઉપર પણ પાડોશીએ હુમલો કર્યો

**અમરેલી**

અમરેલી જિલ્લાના ધારીમાં ભાજપના પૂર્વ મંત્રીની હત્યાથી ચકચાર મચી ગઈ છે. ભાજપના પૂર્વમંત્રી અને ધારી તાલુકા પંચાયત પૂર્વ સભ્ય મધુબેન જોશી અને તેમના પુત્ર તેમજ મધુબેનના બહેનના પુત્ર પર ઘાતક હુમલો કરાયો હતો. આ હુમલા બાદ મધુબેનને સારવાર માટે અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન જ તેમનું મૃત્યુ થયું હતું.



ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી હતી.

મળતી વિગતો પ્રમાણે ગુરુવારે સવારે અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી મધુબેન જોશીની હત્યા થઈ હતી. આ બનાવમાં હુમલો કરનાર અને પતિ અને દીકરા પર પણ જીવલેણ હુમલો કરનાર તેમનો પાડોશી નીકળ્યા હતા. ફટાકડા ફોડવાની માથાકૂટમાં બંને પક્ષે બોલાચાલી થયા બાદ મોટી તકરાર થઈ હતી. જેમાં પાડોશી દ્વારા ઉશ્કેરાઈ જઈને મહિલા પર હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ ફટાકડા ફોડવા અંગે ઠપકો આપવા જતા પાડોશીએ મધુબેન પર હુમલો કર્યો હતો. જેમાં મધુબેનની બહેનનો પુત્ર પણ હુમલામાં ઈજાગ્રસ્ત થયો હતો. આ કેસમાં હુમલાખોર 3 પૈકી બે આરોપીને પકડી પડાયા હતા જેઓ હાલ અમરેલી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે અન્ય એક આરોપી પોલીસ કસ્ટડીમાં છે.

# સુરેન્દ્રનગરમાં એક જ દિવસમાં 3ના ધબકારા બંધ થયા, હાર્ટએટેકથી મોત

**સુરેન્દ્રનગર**

હાલના દિવસોમાં રાજ્યમાં હાર્ટએટેકથી થતા મોતની ઘટનામાં ચિંતાજનક રીતે વધારો નોંધાયો છે. એક જ દિવસમાં ઘણાં લોકો રાજ્યના વિવિધ ભાગોમાં જીવ ગુમાવી રહ્યા છે. આવી જ રીતે આજે સુરેન્દ્રનગર જિલ્લામાં પણ કુલ 3 લોકોએ આજે જીવ ગુમાવ્યા છે. જેમાં 56 વર્ષીય બહાદુર સિંહ નામના આધેડની તબિયત લથડયા બાદ બેહોશ થયા હોસ્પિટલમાં હાજર ડોક્ટરે હાર્ટએટેક આવ્યો હોય અને મોત નિપજ્યા હોવાનું જાહેર કર્યું હતું.

આ સિવાય સ્વામીનારાયણ મંદિરના સ્વામીનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની ઘટના પણ સામે આવી હતી. જેમાં માહિતી પ્રમાણે પરમપ્રકાશ સ્વામીનું હાર્ટ એટેકથી મોત થયું હોવાનુ જાહેર થયું હતું. આ સિવાય ડેરવાળા ગામમાં પણ એક અન્ય વૃદ્ધનું હાર્ટએટેકથી મોત થયું હોવાનું સામે આવ્યું હતું. અહીં 65 વર્ષીય વૃદ્ધ ધીરજ ભાઈને પણ હાર્ટએટેક બાદ હોસ્પિટલમાં લઈ જવાયાં પણ ડૉક્ટરે મૃત જાહેર કર્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં એક જ મહિનામાં હાર્ટ એટેક થી 20 થી વધુ લોકો મોતને ભેટ્યા છે. આમ સુરેન્દ્રનગર પંથકમાં હાર્ટએટેકનો ભય વધ્યો છે.

# ખોડલધામમાં નવા વર્ષે ભક્તો ઉમટી પડ્યા, આખું પરિસર રંગોળીથી રંગાયું

**ખોડલધામ**

આજથી નવા વર્ષની શરૂઆત થઈ રહી છે ત્યારે લેઉવા પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર એવા રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે આવેલ ખોડલધામ મંદિરે ખાતે નવા વર્ષની શુરૂઆત થતાં વહેલી સવારથી જ ભકતો દર્શન માટે ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં અવનવી રંગોળી પણ કરવામાં આવી હતી. સાથે ખોડલધામ મંદિર અને કેમ્પસને પણ અવનવી લાઈટોથી શણગારવામાં સાથે સુશોભન કરવાના આવ્યું છે. નવા વર્ષે માતાજીની પણ વિશેષ પૂજા કરવામાં હતી, અને વિશેષ શણગાર સાથે વાઘા પહેવારમાં આવ્યા



છે. તેમજ દિવસ દરમિયાન ધજારોહણ પણ થશે. સાથે દર્શનાર્થીઓએ પણ વિશ્વમાં શાંતિ રહે તેવી પ્રાર્થના કરી હતી. સાથે જ પાર્કિંગથી લઈને મંદિર સુધી દર્શનાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે સ્વયંસેવકો સ્ટાફ પણ સેવામાં બજાવે છે. તહેવાર નિમિતે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે.

# કચ્છમાં રણોત્સવનો પ્રારંભ : દેશ-વિદેશનાં લાખો સહેલાણીઓ મોંઘેરા મહેમાન બન્યા

**કચ્છ**

દિવાળીના વેકશન સાથે જ કચ્છમાં દેશ-વિદેશનાં લાખો સહેલાણીઓ ઉમટી પડ્યાં છે. સફેદ રણથી લઈ છેક લખપત સુધી સર્વત્ર પ્રવાસીઓની ભીડ છે. જિલ્લાનું મુખ્ય મથક ભુજ જાણે કે કોઈ ફેમસ ટૂરીસ્ટ સ્પોટમાં ફેરવાઈ ગયુ છે. ભુજમાં આવેલ પ્રાગમહેલ, આયનામહેલ ,મ્યુઝીયમ, છતરડી તેમજ સ્વામીનરાયણ મંદિર સહિતના સ્થળો પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.

દિપોત્સવીના પર્વની શરૂઆત સાથે જ કચ્છ ટૂરીસ્ટ ડેસ્ટીનેશનમાં ફેરવાઈ



ગયું છે. દરવર્ષે દેશ વિદેશમાંથી લાખો પ્રવાસીઓ કચ્છ પર્યટન સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. કચ્છના અન્ય પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળે છે. માંડવીનો બીચ હોય કે માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર કે લખપત સર્વત્ર પ્રવાસીઓની ભીડ જોવા મળે છે. કચ્છના સફેદ રણ, માંડવી બીચ, વિજય વિલાસ મહેલ, નારાયણ સરોવર, કોટેશ્વર, માતાના મઢ તેમજ ભુજમાં આવેલા સ્વામીનારાયણ મંદિર, આયના મહેલ, પ્રાગપર મહેલ, મ્યુઝીયમ જેવા અનેક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે.




# ભાઈબીજના દિવસે બનાસકાંઠાના મુડેઠા ગામમાં પરંપરા પ્રમાણે અશ્વદોડ યોજાઈ

**બનાસકાંઠા**

ભાઈ બીજના દિવસે મુડેઠા ગામમાં લગભગ 755 વર્ષથી અશ્વદોડ યોજાય છે. આ વર્ષે અશ્વદોડને નિહાળવા માટે દૂર દૂરથી હજારોની સંખ્યામાં લોકોની ભીડ ઉમટી હતી. આ પ્રસંગે દરબાર અને રાજપૂત સમાજના લોકો તેમની બહેન પ્રત્યેના પ્રેમને શૌર્યની ભાષામાં રજુ કરે છે.

વર્ષો અગાઉ રાજસ્થાનના ઝાલોરમાં વિરમસિંહ ચૌહાણ નામના રાજા થઇ ગયા. જે તે સમયે મોગલોએ જયારે ઝાલોરના રાજા વિરમસિંહ ચૌહાણ પર ચઢાઈ કરી ત્યારે શક્તિશાળી મોગલોથી તેમની પુત્રી ચોથબાને બચાવવા માટે વિરમસિંહે ચોથબાને નાથ બાબજી નામના એક સંતને સોંપી દીધી હતી. ચોથબાને બચાવી આ સંત ચોરી છુપીથી લાખણી તાલુકાના પેપળુ ગામે આવી પહોંચ્યા હતા.. પેપળુ પહોંચ્યા બાદ ચોથબા ઉંમર લાયક થતા તેમના લગ્ન



પેપળુના રાજવી પરિવારના દેવીસિંહ વાઘેલા સાથે નક્કી થયા. પરંતુ રાજસ્થાનથી લાવેલા ચોથબાને કોઈ ભાઈ ન હોવાથી રાજપૂત કુળની દીકરીનું કન્યાદાન રાજપૂત ભાઈઓ દ્વારા જ કરવામાં આવે તેવી માન્યતાને લઈ મુડેઠા ગામના રાઠોડ પરિવારના ભાઈઓ આગળ આવ્યા હતા.

# નડિયાદ શહેર અને ગ્રામ્ય પંથકમાં દિવાળીના દિવસે આગના 6 બનાવ

**નડિયાદ**

નડિયાદ શહેરમાં દિવાળીના તહેવાર નિમિત્તે ત્રણ જુદા-જુદા સ્થળે કચરાપેટીમાં આગ લાગી હોવાની ઘટનાઓ બનવા પામી છે. તા. ૧૨મી ઓક્ટોબર દિવાળીના દિવસે નડિયાદ શહેરમાં પશ્ચિમમાં પટેલ બેકરી રોડ પર કચરાના ઢગલામાં સળગતા ફટાકડાના કારણે આગ લાગી હતી. જેની ફાયર બ્રિગેડને જાણ થતા ટીમે સ્થળ પર જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઉપરાંત કોલેજ રોડ પર કિશન સમોસાના ખાંચામાં સાંઈધામ સોસાયટીની બહાર જ્યારે પીજ રોડ પર દિવેલીયા મીલ પાસે આવેલી કચરાપેટીમાં સળગતા ફટાકડા પડતા સળગેલા કચરાને કારણે લાગેલી આગ પર પાણીનો મારો કરી કાબૂ મેળવ્યો હતો. બીજી બાજુ નડિયાદ ગ્રામ્ય વિસ્તારમાં દિવાળીના દિવસે કેરિયાવી ગામના આનંદપુરા સીમમાં તેમજ ડભાણ-હાથનોલી રોડ પર પણ પુળામાં સળગતું દારૂખાનું પડતા પૂળા સળગી ગયા હતા. જેની પર નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે કાબુ મેળવ્યો હતો. આવી જ રીતે ડભાણથી કમળા તરફ જતા રોડ પર એક ઝુપડપટ્ટીમાં સામાન્ય આગ લાગી હતી. જે કાબૂમાં લેવાઈ હતી. જો કે આ આગની એક પણ ઘટનામાં કોઈ જાનહાનિ થઇ નથી.

# આણંદ ખાતે સાધુ-સંતો સાથે સમુહ ચોપડા પૂજનનો કાર્યક્રમ

**આણંદ**

દિપોત્સવીના પાવન પર્વ નિમિત્તે આણંદના પ્રખ્યાત અક્ષરફાર્મ ખાતે સાધુ સંતોની ઉપસ્થિતિમાં સમૂહ ચોપડા પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાથે સાથે આણંદ મંદિરે ભવ્ય અન્નકૂટ પણ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. વિક્રમ સંવત ૨૦૭૯ના દિપોત્સવીના પાવન પર્વે આણંદ અક્ષરફાર્મમાં ગતરોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન શ્રી અક્ષર પુરુષોત્તમ મહાપૂજા વિધિ સાથે ચોપડા પૂજન, લક્ષ્મી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. કોઠારી પૂ.ભગવતચરણ સ્વામી સાથે સૌ હરિભક્તો પૂજન વિધિમાં જોડાયા હતા. વિદ્વાન પુરોહિત કનુભાઈ શાસ્ત્રીએ વેદોક્ત વિધિ પૂર્વક વૈદિક મંત્રોચ્ચાર સાથે સમુહ મહાપૂજા વિધિમાં સૌને જોડયા હતા. અક્ષરફાર્મની હરિયાળી ભૂમિ પર યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ લાઈટોથી શોભતા વૃક્ષો, સ્વર અને પ્રકાશના સંયોજન સાથેનું સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું. વિશેષમાં કાર્યક્રમના અંતે સહજ આનંદ મ્યુઝિક અને ફાયર શો ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે વિશેષ કરીને ચોપડા પૂજન કાર્યક્રમને પ્રત્યેક મંદિરોમાં વ્યાપક બનાવ્યો છે.

# પાદરામાં નાહવા પડેલા 6 પૈકી 3 કિશોર ડૂબ્યા

## દિવેર મઢી નર્મદા નદીમાં 3 કિશોરો લાપતા, ફાયર વિભાગની ટીમ દ્વારા શોધખોળ શરૂ

**પાદરા**

વડોદરાના પાદરામાં નદીમાં 3 કિશોર ડુબ્યા છે. જેમાં ભદારી ગામે 6 કિશોર નદીમાં નાહવા પડ્યા હતા. તેમાં દિવેર મઢી નર્મદા નદીમાં 3 કિશોરો લાપતા બન્યા છે. ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમે શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે 6 કિશોર નદિમાં પડ્યા હતો. જેમાં ત્રણ પૈકી એક કિશોરની લાશી મળી છે, જ્યારે અન્ય બેની શોધખોળ કરવામાં આવી રહી છે. જે કિશોરની ડેડબોડી મળી છે તેનું નામ અક્ષય રમેશ વસાવા છે. કિશોરો ડૂબવાની ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા તાત્કાલિક ફાયરની



ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જે બાદ અક્ષય રમેશ વસાવા નામના કિશોરની બોડી બહાર કાઢવામાં આવી હતી. હાલમાં કિશોરના મોતને લઈને પરિવારમાં શોકનો માહોલ છે. હજી અન્ય બેની શોધખોળ ફાયર વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. અત્યારે રાજ્યમાં ઠેર ઠેર દિવાળીનો માહો છે, ત્યારે સુરતમાંથી એક અનહોની ઘટના સામે આવી છે, અહીં રામ રાખે તેને કોણ ચાખે કહેવત પુરવાર કરતી ઘટના ઘટી છે, અહીં એક સાત વર્ષના બાળક પર આખેઆખી વોલ્વો કાર ચઢી ગઇ છતાં પણ બાળક આબાદ રીતે જીવત રહ્યું હતુ. આ સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ થઇ ગઇ છે.

# હિંમતનગરમાં ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે હત્યા, 7 જેલહવાલે

**હિંમતનગર**

નવાગામ ખાતે દિવાળી નિમિત્તે સ્થાનિક યુવકો દ્વારા ફટાકડા ફોડવા મામલે ગામના ગૃહસ્થે નકારો પાડતા અચાનક ઉશ્કેરાયેલા યુવકોએ ગૃહસ્થને માર મારતા સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. જોકે તેમના પરિવારજન દ્વારા સાત યુવકો સામે પોલીસ ફરિયાદ કરાતા પોલીસે તમામની અટકાયત કરી છે. તેમજ અટકાયત બાદ તમામને સબજેલ ધકેલાયા છે.

નવાગામ ખાતે દિવાળી નિમિત્તે લોકો જ્યારે ફટાકડા ફોડી રહ્યા હતા. ત્યારે સ્થાનિક ગૃહસ્થે ફટાકડા ન ફોડવાની રજૂઆત કરતા ઉશ્કેરાયેલા યુવકોએ અચાનક માર મારતા મામલો બિચકે હતો. તેમજ એકસાથે સાત જેટલા યુવકોએ ગૃહસ્થને મૂઢ માર મારતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયુ છે. જેના પગલે પરિવારે ફરિયાદ દાખલ કરતા પોલીસે પણ ફરિયાદમાં નોંધાયેલ તમામ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યા છે. જોકે દિવાળી જેવા તહેવારમાં ભાન ભૂલેલા યુવકો દ્વારા સ્થાનિક ગામના ગૃહસ્થને મરણ તોલ માર મરાતા પરિવારજનો દ્વારા તેમને પ્રથમ સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરાયા હતા. જ્યાં તેમનુ મોત થયું હતું. જોકે અચાનક થયેલા હંગામા દરમિયાન ગૃહસ્થનું મોત થતા પરિવારજનો માટે પણ સમગ્ર બનાવ આઘાતજનક બન્યો હતો. જોકે સામાન્ય બાબત હત્યા સુધી પહોંચતા પોલીસે તમામ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યા છે.

# વડોદરામાં 1.50 લાખની લાંચ-ગિફ્ટ કેસમાં ટીડીઓના પીએના ઘરે દરોડા

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બાંધકામ શાખાના ટીડીઓના પીએ રૂા.૧.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ એસીબી દ્વારા પીએ યોગેશ પરમારના ઘેર સર્ચ કરવામાં આવી હતી .

કિશનવાડીરોડ પર સાંઇડ્રીમ એપાર્ટમેન્ટ નામની બાંધકામ સ્કીમને સીલ કરી કાર્યવાહી કરવા માટે કોર્પોરેશનના ટીડીઓ જીતેશ ત્રિવેદીએ રૂા.૨ લાખનું પેકેજ માંગ્યું હતું અને છેલ્લે રૂા.૧.૫૦ લાખ નક્કી થયા હતાં. લાંચની રકમ તેમજ દિવાળી નિમિત્તે ડ્રાયફ્રૂટ, મેકઅપ બોક્સ, પરફ્યૂમ, મીઠાઇના બોક્સો સહિતની વસ્તુઓ તેમના પીએ યોગેશ પરમારને આપવાની સૂચના આપતા વકીલની ફરિયાદના આધારે એસીબી દ્વારા વકીલની ઓફિસે દિવાળીના દિવસે ગોઠવેલી ટ્રેપમાં ટીડીઓના પીએ રૂા.૧.૫૦ લાખની રોકડ અને દિવાળીની ગિફ્ટો સાથે રંગે હાથ ઝડપાઇ ગયો હતો. એસીબીની એક ટીમ દ્વારા યોગેશ પરમારના બાપોદ-વાઘોડિયારોડ પર દ્વારકાનગરી ખાતે એક બેડરૂમ, હોલ અને કિચનના મકાનમાં સર્ચ કરવામાં આવ્યું હતું જેમાં કુલ રૂા.૩.૨૦ લાખની અસ્કયામતો મળી હતી. પોલીસે યોગેશ પરમારની અટકાયત બાદ આજે પૂછપરછ હાથ ધરી છે. એસીબીએ જણાવ્યું હતું કે ફરિયાદમાં જેના પર આક્ષેપો કરવામાં આવ્યા છે તે ટીડીઓ જીતેશ ત્રિવેદી, ડે.ટીડીઓ અને બાંધકામશાખામાં ફરજ બજાવતા ક્લાર્કોની પણ પૂછપરછ કરવામાં આવશે.

# ડીસા નજીક નર્મદા કેનાલમાં ગાબડું પડતાં 25 એકરનો પાક પાણીમાં ડૂબ્યો

**ડીસા**

બનાસકાંઠા જિલ્લાના ડીસા નજીક કેનાલમાં ગાબડું પડતા ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. જેમાં ૨૫ એકર જમીનમાં લોકોના પાકને ઘણું નુકસાન થયું હતું. ખેડુતો સહિતના સ્થાનિકો સિંચાઈ વિભાગની કામગીરી પર સવાલો કરી કેનાલની કામગીરીમાં મસમોટો ભ્રષ્ટાચાર આચરાયાની આશંકાના પગલે લોકોમાં રોષનો માહોલ ફેલાયો છે.

સીપુ ડેમમાંથી છોડવામાં આવેલા પાણીના કારણે વિઠોદર નજીક આવેલી એમડી એક કેનાલમાં ગાબડું પડતા પાણી સીધું ખેતરોમાં ઉતરી આવ્યું હતું. જેના લીધે ખેડૂતોના ઊભા પાક પર પાણી ફરી વળ્યા હતા. એક માહિતી પ્રમાણે આ ઘટનાના લીધે લગભગ ૨૫ એકર જમીનમાં ઊભેલો રાયડો, એરંડા અને ઘઉં સહિતનો પાક પ્રભાવિત થયો હતો. કેનાલમાં ગાબડું પડી જવાથી પશુઓ માટે ઊગાડવામાં આવતા ઘાસચારાનું પણ પાણીમાં પલળી જતાં નુકસાન થયું હતુ. બીજી તરફ આ મામલે ખેડૂતો સહિતના સ્થાનિકોએ સિંચાઈ વિભાગની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે.

# આઝાદીની લડાઈમાં આદિવાસીઓએ પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યુ છે: મુખ્યમંત્રી પટેલ

## અંબાજીથી CM પટેલ અને રાજ્યપાલના હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ

**અંબાજી**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ અંબાજીમાં પહોંચ્યા છે. જેમાં CM ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલે મા અંબાના દર્શન કર્યા છે. તેમજ ચીખલામાં જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમમાં હાજરી આપી છે. તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કર્યો છે.

અંબાજીથી વિકસિત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ભૂદાન યજ્ઞના પ્રણેતા વિનોબા ભાવેની પૂણ્યતિથિ છે. સૌને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ. નવા વર્ષની શરૂઆત આદિવાસી વિસ્તારથી કરી રહ્યા છીએ. મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવવાનું સૌભાગ્ય મળ્યુ છે. ભગવાન બિરસા મૂંડાની આજે જન્મજયંતિ છે. આ દિવસને જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવીએ છીએ. આઝાદીની લડાઈમાં આદિવાસીઓએ પોતાનું યોગદાન આપ્યુ છે. ભારતે નાની નાની વસ્તુઓ પહેલા વિદેશથી મંગાવવી પડતી હવે મેક ઇન ઈન્ડિયા હેઠળ ભારત ઉત્પાદન કરે છે.

અનેક વસ્તુઓની નિકાસ ભારત કરે છે. ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, કોટનના કાપડની નિકાસ કરીએ છીએ. સ્માર્ટ ફોનનું ઉત્પાદન ભારતમાં થાય છે.

# પલસાણાની કિરણ ઇન્ડસ્ટ્રીઝમાં ટાંકીમાં ગૂંગળાઇ જતાં 4 શ્રમિકના કરૂણ મોત




**પલસાણા**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ગામ નજીક કિરણ ઈન્ડસ્ટ્રીઝ નામની મિલમાં ચાર શ્રમિકો ના મોત થયાં હતાં. મિલના ઈન્ફ્યુલેન્ટ ટ્રીટમેન્ટ નામની મિલમાં બનાવામાં આવેલ ઉડી ટાંકીમાં મંગળવારે ચાર જેટલા શ્રમિકો સાફ સફાઈ કરવા માટે ઉતર્યા હતા. તે દરમિયાન તેઓને ગૂંગળામણ થઈ હતી. જેને પગલે બારડોલી ફાયર વિભાગ અને કામરેજ ERC ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર જવાનોએ ઊંડી ટાંકીમાં ઉતરી શ્રમિકોને શોધવાની તજવીજ હાથ ધરી હતી.

આ દરમિયાન ચારેય શ્રમિકો મૃત હાલતમાં મળી આવ્યા હતા. રાજેશ, કમલેશ, સેહનવાઝ અને દિપક નામના ચાર કામદારોના મોત થયાનું બહાર આવ્યું છે. દૂષિત પાણીને શુદ્ધ કરવાની ટાંકી સાફ કરવા પ્રથમ બે કામદારો ઉતર્યા હતા. લાંબા સમય સુધી તેઓ બહાર નહીં આવતા અન્ય બે કામદારો અંદર જોવા જતા તેઓ ઓણ ગૂંગળામણને લીધે મોતને ભેટ્યા હતા.

હાલ આ ચારેય શ્રમિકોના મૃતદેહોને પીએમ અર્થે મોકલી અપાયાં છે. તેમજ કડોદરા પલસાણા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી મિલમાં સેફટી માટે કયા પ્રકારની સુવિધાઓ હતો એ તમામ બાબતોની પણ ચકાસણી કરવામાં આવી છે. આમ નવા વર્ષનો દિવસ સુરતના 4 શ્રમિકો માટે ગોઝારો બની ગયો હતો.

# સુરતમાં ફટાકડા ફોડતા બાળક પર કાર ફરી વળી, બાળકનો આબાદ બચાવ

**સુરત**

સુરતમાં શેરીમાં ફટાકડા ફોડતા માસૂમ બાળક પરથી એક કાર પસાર થઈ ગઇ હતી, પરંતુ આ ઘટનામાં તેને સાવ નજીવી ઈજા પહોંચી છે, ઘટનાના સીસીટીવી સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. સુરતના કતારગામ વિસ્તારની આ ઘટના છે કે જેના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા. એક 7 વર્ષનું બાળક શેરીમાં ફટાકડા ફોડી રહ્યું હતું. બાળક એકલું હતું અને તેની સાથે અન્ય કોઈ હતું નહિ. આવા વખતે અચાનક ક્યાંકથી એક વોલ્વો કાર આવે છે અને બાળકના માથા પરથી પસાર થઈ જાય છે. બેદરકાર કાર ચાલકે ગલીના વળાંકમાંથી આવીને બેફામ રીતે કાર હંકારી દીધી હતી અને ફટાકડા ફોડતું બાળક તેની નીચે આવી ગયું હતું. જો કે, કારની નીચે જગ્યા વધુ હોવાથી બાળક રસ્તા પર પટકાઈને ઢસડાઈ ગયો હતો. જેથી તેને માત્ર માથાના ભાગે અને પગના ભાગે ઈજા થઈ હતી.

# ભાઈબીજની સવારે સુરતમાં દુર્ઘટના સિલિન્ડર લીકેજ થતા 7 લોકો દાઝ્યા



**સુરત**

સચિન વિસ્તારમાં બુધવારે ગેસ લીકેજ બાદ આગ લાગી હતી. જેમાં 3 બાળકો સહિત 7 લોકો આગમાં દાઝી ગયા હતા. 3 બાળકો અને 4 પુખ્તવયના લોકો આગમા દાઝ્યા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વહેલી સવારે દૂધ બનાવતાં સમયે ગેસ લીકેજ થતાં દુર્ઘટના સર્જાઈ છે.

સુરતના સચિન વિસ્તારના સુડાના આવાસમાં મોડી રાતે ગેસ લિકેજ થયુ હતું. જેના બાદ આગ લાગી હતી. આ આગામાં પતિ પત્ની સહિત બાળકોનો આખો પરિવાર ગંભીર રીતે દાઝ્યો હતો જેથી તમામને સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ દાઝેલા બાળકોની સ્થિતિ સ્થિર છે, પરંતુ પતિ પત્ની ગંભીર રીતે દાઝી ગયા છે. પરિવારના લોકોએ જણાવ્યું કે, સચિનના સુડા સેક્ટર 2માં રાત્રે આ પરિવારમાં માતા તેનું નાનું બાળક રડતું હોવાથી દૂધ પીવડાવવા માટે જાગી હતી. લગભગ અઢીથી ત્રણ વાગ્યાની આસપાસ તેમણે લાઈટરથી ગેસ ચાલુ કરવા પ્રયાસ કર્યો હતો. તે સમયે ગેસ લિકેજ હોવાથી સમગ્ર રૂમમાં આગ લાગી ગઈ હતી. જેથી ઘરમાં રહેલા પતિ-પત્ની અને ત્રણ બાળકો દાઝી ગયા હતા. બાદમાં તેમને 108 દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.










સ્વદેશ CANADA

Email : info@swadesh.news

Shree Balaji Inc.

Editor : Manoj Gandhi

Director & Publisher : Rameshbhai Vyas

Director Marketing : Pareshkumar Champakbhai Peshwa

Director : Nilesh Tailor

Montreal Bureau : Vijay Patel (514-826-7442)

MAC AGENCIES

WWW.SWADESH.NEWS


# સોમનાથ, અંબાજી સહિતનાં મંદિરોમાં નવા વર્ષે ભક્તોનું ઘોડાપૂર

## મંદિરોમાં રોશનીની સજાવટ અને આંગણે રંગોળી પૂરાઈ, ભક્તોએ પૂજા-અર્ચના કરી નવા વર્ષને વધાવ્યું

**અમદાવાદ**

ગુજરાતમાં નવા વર્ષના આરંભ સાથે મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. રાજ્યના સોમનાથ, અંબાજી, આશાપુરા સહિતના મંદિરોમાં શિશ ઝૂકાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં નવા વર્ષના પ્રારંભે ભગવાન શામળિયાના દર્શન કરવા ભક્તોની ભારે ભીડ જામી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં ૬૦ હજાર ઉપરાંત માઈ ભક્તોએ મહાકાળી માતાજીના ચરણોમાં શિશ ઝુકાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પંચમહાલ જિલ્લામાં આવેલા ૫૧ શક્તિપીઠો પૈકીના એક ગણાતા સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગરની ટોચ પર બિરાજમાન મહાકાળી માતાજીના દર્શન કરવા ભગતોના ધોડાપૂર ઊમટી પડયું હતું. નવા વર્ષે વહેલી સવારે મંદિરના કપાટ ખુલવાની સાથે જ માઈ ભક્તોએ લાંબી લાંબી કતારોમાં જોડાઈ વારાફરતી શ્રદ્ધાના ભાવ અને આસ્થા સાથે માતાજીના દર્શન કરી માતાજીની પૂજા અર્ચના કરી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરી હતી. સુરેન્દ્રનગરના ચોટીલા ચામુંડા મંદિરે





નવા વર્ષને લઈને ચામુંડા માતાજીના દરબારમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જામી હતી. ચામુંડા ડુંગર ટ્રસ્ટ દ્વારા તળેટીથી મંદિર સુધી ૧૦૦થી વધુ સીસીટાવી કેમેરા દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં નવા વર્ષના પ્રારંભે ભગવાન શામળિયાના દર્શન કરવા ભક્તોની ભારે ભીડ જામી હતી. ભગવાન દેવ ગદાધર શામળિયાના દર્શન કરવા દૂર દૂરથી ભક્તો ઊમટી પડ્યા હતા. સોમનાથ મંદિરમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા દીપવલીના પર્વ પર વિશેષ મહાપૂજા, શ્રૃંગાર, સહિતના ભક્તિમય આયોજન કરવામાં આવ્યા હતા. મહાદેવને વિવિધ પ્રકારના પુષ્પ, ચંદન, ભસ્મ, તેમ જ વિવિધ આભૂષણ દ્વારા વિશેષ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. વિશેષ ધાર્મિક આયોજનો ઉપરાંત સોમનાથ મંદિર, અતિથિગૃહો ને સોમનાથ ટ્રસ્ટ દ્વારા સુંદર રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા હતા. જેથી સોમનાથ આવનાર શ્રદ્ધાળુઓને પણ અદ્વિતિય આતિથ્યનો અનુભવ થયો હતો. કચ્છની કુળદેવી શ્રી આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢ ખાતે નવા વર્ષે દેશ દેશાવરથી માઈ ભક્તો આઈશ્રી આશાપુરા માતાજીના દર્શન માટે ઊમટી પડ્યા હતા. લોકોના અભૂતપૂર્વક ઘસારાથી માતાના મઢ જાણે જનસાગરમાં ફેરવાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ઉપરાંત વડોદરા શહેરના માંડવી ખાતે આવેલા પૌરાણિક એવા ઘડિયાળી પોળના મા અંબા માતાનું આશરે ૪૦૦ વર્ષ જૂના મંદિરમાં ભક્તોનું માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું.

# સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજીને વિશેષ સુવર્ણના વાઘા પહેરાવી શણગાર

### હનુમાનજી મંદિર ખાતે અન્નકૂટ, ગૌપુજન સહિતના કાર્યક્રમનું આયોજન થયું

**સાળંગપુર**

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજને મંગળવારે કરોડોની માતબર રકમથી બનાવાયેલા વિશેષ વાઘા શણગારના દર્શન સજાવવામાં આવ્યા હતા. યાત્રાધામ કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે અન્નકૂટ, ગૌપુજન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તરફ હનુમાનજી મંદિર પરિસરને વિવિધ રંગબેરંગી ફૂલોના શણગાર કરાયા હતા.

ભક્તોએ કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના ચરણોમાં આદિ વ્યાધી અને ઉપાધિમાંથી મુક્તિ મેળવવા પ્રાર્થના કરી હતી. ભક્તોએ સુખ શાંતિ અને સમૃદ્ધિ મળે તે માટેના આશીર્વાદ મેળવ્યા હતા. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરના શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય તેને લઈ પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરી હોય તેવા નુતન વર્ષના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. મંદિરે નવા વર્ષના આંરભે હનુમાનજીને કરોડોના ખર્ચે તૈયાર થયેલા સુવર્ણ વાઘા પહેરાવાયા હતા. આ સાથે અન્નકૂટ અને પૂજા સહિતના કાર્યક્રમો યોજાયો હતા.

# ડાકોરના મંદિરમાં પડતર દિવસે અન્નકૂટ લૂંટાયો, ભક્તો ઉમટયા

### સવા સો મણ ભાત-બૂંદી, સખડીનો ભોગ ધરાવાયો

**ડાકોર**

ડાકોર મંદિરમાં સોમવારે અન્નકૂટ લૂંટયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. સવા સો મણ ભાત બુંદી સખડીભોગની સામગ્રી ફળફ્ટ સૂકો મેવો અને ઘી સાથે તુલસીપત્રનો હાર ચઢાવીને ઠાકોરજીની સન્મુખ પીરસવામાં આવ્યો હતો. સોમવારે પડતર દિવસના દિવસે ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. રસોઈ બનાવનારા બ્રાહ્મણ પાસે આ સાવ સો મણની સામગ્રીનો પ્રસાદ બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોજીને ચાંદીની થાળીમાં કપૂર ભરી આરતી ઉતારવામાં આવી હતી. અને જે ક્ષત્રિયભાઈઓને ડાકોર મંદિર તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે ક્ષત્રિય ભાઈઓ પણ ગોમતીજીમાં સ્નાન કરી દળદતા શરીરે આવી ને ઠાકોરજીને ઘરાવેલી સામગ્રી પરંપરા મુજબ લૂંટી લઈ ગયા હતા.

# સારથી ફાઉન્ડેશન નિકોલ દ્વારા સ્વચ્છતા કર્મીનું પગ ધોઈ સન્માન

**અમદાવાદ**

“પૈસા તો કમાઈ લેવાય પણ ઈજ્જત મળે એનાથી રૂડું શું હોય, આ શબ્દો હતા એક સ્વચ્છતા કર્મીના કે જેઓનું સન્માન સારથી ફાઉન્ડેશનના કાર્યકર્તાઓએ કર્યું હતું તેઓના હતા. તાજેતરમાં જ સારથી ફાઉન્ડેશન દ્વારા દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નિકોલની વિવિધ સોસાયટીમાં જઈને સ્થાનિકોને જોડીને સ્વચ્છતા કર્મીના ચરણ ધોઈ, તિલક કરીને આદર સત્કાર સાથે સન્માન કરાયું હતુ. કાર્યક્રમમાં સન્માન થતાં સ્વચ્છતા કર્મીઓએ કહ્યું, પૈસા તો કમાઈ લેવાય પણ જીવનમાં ઈજ્જત મળે એનાથી મોટું શું હોય! આ સંસ્થાએ મારું ખરું સન્માન કર્યું છે અને પહેલી દિવાળી એવી છે જેમાં અમે આત્મસમ્માન સાથે ઉજવણી કરી રહ્યા છે. સારથી ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકો, ગરીબ બાળકો સાથે દિવાળી મનાવી એમની એકલતા દૂર કરી હતી. સારથી ફાઉન્ડેશનના પ્રમુખ મયુરભાઈ પટેલનું માનવું છે કે “સંપન્ન લોકો તો દિવાળી આનંદ અને ઉલ્લાસથી ઉજવે છે. પણ વંચિતો કે જરુરિયાતમંદ લોકો સાથે દિવાળી ઉજવાય તો જ ખરી દિવાળી કહેવાય. એટલે દિવાળીએ માનવતાની એક જ્યોત પ્રગટાવીએ છીએ.

# ભાવનગરના કાળિયાબીડમાં આવેલાં મંડપ સર્વિસમાં આગ લાગતાં સામાન બળીને ખાક

### સદનસીબે જાનહાનિ નહીં, માલ મિલ્કતને નુકશાનઃ એકશન પ્લાન સફળ નિવડયો

**ભાવનગર**

રવિવાર સાંજથી સોમવાર સવાર સુધીમાં ભાવનગરમાં અલગ-અલગ ૩૦ સ્થળોએ અકસ્માતે આગના બનાવ નોંધાયા હતા. જેમાં એક લકઝુરિયસ કાર, એમ્બ્યુલન્સ, સ્પોર્ટસ બાઈક તથા મંડપ સર્વિસમાં રહેલો સામાન તથા ૨૬ જેટલા સ્થળોએ પડેલો કચરો બળીને ખાક ખઈ ગયો હતો. શહેરમાં ગત દિવાળી સાંજથી લઈ આજે સવારના ૮ કલાક સુધીમાં ફાયર ટીમને શહેરના અલગ-અલગ સ્થળોએથી આગના ૩૦ કોલ મળ્યા હતા. જેમાં ખાસ કરીને શહેરના કાળિયાબીડ બેઠેલા પૂલ પાસે આવેલાં મંડપ સર્વિસમાં આગ લાગી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મંડપ સર્વિસમાં પડેલાં ગાદલા અને અન્ય સામાન ભડભડ સળગી ઉઠયો હતો. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગ્રેડ ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. અને પાણી છાંટી આગને કાબમાં લીધી હતી. એ જ રીતે શહેરના આતાભાઈ રિલાયન્સ મોલ સામેના ભાગમાં લકઝુરિયસ કારમાં આગ લાગ્યાનો ફાયર ટીમને કોલ મળ્યો હતો. ટીમ ફાયર ફાયટર સાથે સ્થળ પર દોડી ગઈ હતી. અને એક ગાડી પાણી છાંટીને આગને કાબૂમાં લીધી હતી. ભરતનગર વિસ્તારમાં સીચારામ ચોક પાસે પાર્ક થઈને પડેલાં સોપ્ટસ બાઈકમાં આગ લાગી હતી. ફાયર ટીમે સ્થળ પર જઈ પાણીનો છંટકાવ કર્યો હતો. અને આગને કાબૂમાં લીધી હતી. ઉપરાંત, ગત મોડી રાત દરમિયાન શહેરના કાળુભા રોડથી સર ટી. હોસ્પિટલ જવાના માર્ગ પર સર ટી. હોસ્પિટલ સામેના પાર્કિંગમાં પડેલી એક ખાનગી એમ્બ્યુલન્સમાં અકસ્માતે આગ લાગી હતી.

# બોટાદ અને આણંદમાં બે યુવાનોની હત્યાથી ચકચાર

**અમદાવાદ**

બોટાદના શીરવાણીયા ગામે અને આણંદમાં બે શીખ યુવાનો વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ વાત વણસી જતાં હત્યાની બે ઘટના નોંધાઈ હતી. બોટાદમાં અલ્પેશ વીરજા નામના યુવાનની હત્યા પાછળ પૈસાની લેતીદેતી બહાર આવી હતી. બુધવારે રાત્રે બનેલી આ ઘટનમાં તીક્ષણ હથિયારના ઘા ઝીંકવામાં આવ્યા હતા. પૈસાની લેતીદેતી મામલે યુવાનની હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક કારણ છે. અન્ય એક ઘટના આણંદના તારાપુરમાં બની હતી. તારાપુરના ઈસરવાડા સીમમાં નજીવી બાબતે બે યુવકો વચ્ચે બોલાચાલી બાદ ખુની હુમલો થયો હતો. હુમલામાં ગુરદીપસિંગ નામના શખ્સનું મોત થયુ હતુ. જેને લવપ્રીતસિંહ નામના શખ્સે માથામાં વાંદરીપાનું મારી દીધું હતુ. જેને કારણે ગુરદીપસિંગને ગંભીર ઈજા થતા તેનું મોત નિપજ્યું હતુ.

# સૌરાષ્ટ્રના અમરેલી ખાતે 22મીથી દાદા ભગવાનનો ૧૧૬મો જન્મોત્સવ ઉજવાશે

**અમરેલી**

દાદા ભગવાન જ્ઞાની પુરુષ તરીકે જાણીતા છે. દાદા ભગવાનનું મૂળ નામ અંબાલાલ મૂળજીભાઈ પટેલ હતું. તેઓનો જન્મ ૭ નવેમ્બર ૧૯૦૮માં વડોદરા પાસેના તરસાલી ગામે થયો હતો. પિતા મૂળજીભાઈ અને માતાનું નામ ઝવેર બા હતું. તેઓ બાળપણથી દિવ્ય લક્ષણો ધરાવતા હતા. મેટ્રિક સુધી ભણ્યા પછી લગ્ન થયા. અભ્યાસ કાળમાં તેમની દ્રષ્ટિમાં આધ્યાત્મિક વિચારો જ પ્રગટ થતા રહ્યા. ગણિત વિષય ભણતા વખતે પણ આ સંસારમાં અવિભાજ્ય તો ભગવાન જ છે તેનું જ્ઞાન બાળપણમાં જ ઉદભવ્યું હતું. પિતા મુળજીભાઈ અને ઝવેરબા વૈષ્ણવ પાટીદારો હતા. તેઓ મધ્ય ગુજરાતનાં ભાદરણ નામનાં ગામમાં ઉછર્યા. તેઓ ૧૯૨૪માં હીરાબા સાથે લગ્નગ્રંથિ થી જોડાયા. તેમનાં બધા જ સંતાનો જન્મ પછીના કેટલાક મહિનાઓમાં જ મૃત્યુ પામ્યાં હતાં. આ સમયગાળા દરમિયાન તેઓ શ્રીમદ્ રાજચંદ્ર નામના જૈન સાધુનાં લખાણોથી પણ પ્રભાવિત થયા, જેમના જ્ઞાને નવી ધાર્મિક ચળવળને વેગ આપ્યો. તેઓએ કામચલાઉ બ્રહ્મચર્યનું પાલન કરવાનો પ્રારંભ કર્યો. અંતે આજીવન બ્રહ્મચર્યનું વ્રત અંગીકાર કર્યું હતુ.

# હવે અમદાવાદીઓને પજવી રહ્યો છે પ્રદૂષણનો ધૂમાડો

**અમદાવાદ**

દેશની રાજધાની દિલ્હી પ્રદૂષણથી ત્રાહિમામ છે ત્યારે ગુજરાતના શહેરોની હવા પણ સ્વાસથ્ય માટે જોખમકારક બનતી જાય છે. અમદાવાદનો AQI 164 પર પહોંચ્યો છે. તો ઓવરઓલ અમદાવાદનો પીએમ 2.5 થયો છે. વટવા જીઆઈડીસી વિસ્તાર સૌથી વધારે 171 AQI સાથે સૌથી વધારે પ્રદુષિત બની છે. કઠવાડા અને મણિનગર 169 AQI સાથે બીજા નંબર પર છે. સામાન્ય રીતે સૌથી વધારે AQI ધરાવતો પીરાણા અને ગ્યાસપુર વિસ્તારમાં 168 AQI પર પહોંચ્યો છે. અમદાવાદના તમામ વિસ્તારનો AQI લગભગ 150ને પાર થયો છે. આવી હવાને લીધે શ્વાસ સંબંધી દર્દીઓ બાળકો, વૃધ્ધા, હૃદય અને ફેફસાના દર્દીઓને તકલીફો થઈ શકે છે.



## કંગનાએ સાઉથની ફિલ્મ સાઈન કરી

મુંબઇ : કંગના રનૌતની હાલની રિલીઝ થયેલી ફિલ્મ તેજસ બોક્સ ઓફિસ પર ઊંધા માથે પટકાઇ છે. તેમ છતાં તેની પરવાહ કર્યા વિના અભિનેત્રી પોતાની કારકિર્દીમાં આગળ વધી રહી છે અને તેણે દક્ષિણની એક ફિલ્મ સાઇન કરી છે. જોકે હાલ આ ફિલ્મ સાથે કોઇ સ્ટુડિયો જોડાયો નથી. અભિનેત્રીએ દક્ષિણની બિગ બજેટ ફિલ્મ ભૈરવી શિર્ષકની સાઇન કરી છે. આ ફિલ્મનું બજેટ ૮૦-૧૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

## સાન્યા મલ્હોત્રાને ગુજરાતી નાટકોમાં કામ કરવું છે !



શાહરૂખ ખાનની ‘જવાન’ ફિલ્મ હિટ જતાં સાન્યા મલ્હોત્રા સાતમા આસમાનમાં વિહરી રહી છે. સાન્યા મોજથી કહે છે, ‘બોલિવુડમાં મારી એન્ટ્રી ‘દંગલ’માં આમીર ખાનની સાથે થઈ હતી... ને હવે મેં શાહરૂખ ખાન સાથે સુપર હિટ ફિલ્મ આપી છે. હું આશા રાખું છું મને ત્રીજા ખાન સલમાન સાથે પણ કામ કરવાની તક પણ જલદી મળી જાય!’ ‘આરઆરઆર’ ફિલ્મ ઓસ્કર વિજય આપણે ભૂલ્યા નથી. હવે આ વર્ષ મલયાલમ ફિલ્મ ‘૨૦૧૮: એવરીવન ઇઝ અ હીરો’ને ભારતની પ્રતિનિધિ ફિલ્મ તરીકે ઓસ્કરમાં મોકલવામાં આવી છે. આમ, પ્રાદેશિક ફિલ્મો ઓસ્કરમાં જવા માંડી છે ત્યારે સાન્યાને સવાલ કરવામાં આવ્યો કે તું ક્યારે પ્રાદેશિક ફિલ્મોમાં કામ કરીશ ખરી? એ કહે છે, ‘મને તો કેમેરાની સામે ઊભાં રહીને એક્ટિંગ કરવામાં રસ છે. હા, કોઇક દિવસ હું પ્રાદેશિક ફિલ્મમાં પણ કામ કરીશ. પ્રાદેશિક કથાવસ્તુઓની વાત કરીએ તો ગુજરાતી નાટકો સરસ ચાલે છે અને મેઇનસ્ટ્રીમ કમર્શિયલ નાટકો તો કમાણી પણ કરે છે. મને ગુજરાતી આવડતું નથી પણ મારા માટે એ શીખવું મુશ્કેલ નહીં હોય. તક મળે તો મારે ગુજરાતી નાટકમાં પણ કામ કરવું છે.’ ગુજરાતી નાટકો પર વારી ગયેલી આ પંજાબી કુડીની હિન્દી ફિલ્મ ‘મિસિસ’ ટોલિન બ્લેક નાઇટ્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થવાની છે. આમ, ઓસ્કર ભલે દૂર રહે પણ સાન્યાની ફિલ્મ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રિમિયર માટે પસંદગી પામી એ પણ એના માટે તો આનંદની વાત છે. મૂળ મલયાલમ ફિલ્મ ‘ધ ગ્રેટ ઇન્ડિયન કિચન’ની હિન્દી રી-મેક ‘મિસિસ’નું નિર્દેશન આરતી કડવે કર્યું છે.

## વોર ટુ માટે દીપિકા પદુકોણ તથા આલિયા બંનેને ઓફર

મુંબઇ



ઋતિક રોશનની ‘વોર ટૂ’માં મુખ્ય અભિનેત્રીઓ તરીકે દીપિકા પદુકોણ અને આલિયા ભટ્ટને ઓફર કરાઈ હોવાની ચર્ચા છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આલિયા આ ફિલ્મમાં કેમિયો કરે તેવી શક્યતા છે. જોકે દીપિકાના રોલ વિશે કોઈ વિગતો પ્રગટ કરાઈ નથી. એક રિપોર્ટ એવો પણ હતો કે આ ફિલ્મ માટે શર્વરી વાઘનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. નિર્માણહાઉસ આ ત્રણેય અભિનેત્રીઓની તારીખોની રાહ જોઈ રહ્યુ છે. જોકે આ ફિલ્મમાં કઈ અભિનેત્રીઓને લેવામાં આવી છે તે વિશે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. દીપિકા અગાઉ ‘પઠાણ’માં એક્શન રોલમાં જોવા મળી હતી. બીજી તરફ આલિયા ભટ્ટ ‘રાઝી’ ફિલ્મમાં ફિમેલ સ્પાયનો રોલ કરી ચૂકી છે.

## દીપિકા પાદુકોણે પોતાના જૂના દિવસો યાદ કર્યા કહ્યું, કેબમાં સૂઈ જતી




દીપિકા પાદુકોણનું નામ બોલિવૂડની ટોચની અભિનેત્રીઓની યાદીમાં સામેલ છે. તેણે ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે અને માત્ર બોલિવૂડમાં જ નહીં, અભિનેત્રીએ હોલીવુડમાં પણ પોતાનો જાદુ પાથર્યો છે. અભિનેત્રી આજે ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રી પણ છે. પરંતુ દીપિકાની અહીં સુધીની સફર એટલી સરળ નથી રહી. તેણે પણ ફિલ્મોમાં આવતા પહેલા ઘણો સંઘર્ષ કર્યો છે. અભિનેત્રીએ પોતે આ વાતનો ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ કહ્યું કે મારી માતા એ સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ ચિંતિત હતી કે હું સુરક્ષિત રીતે ઘરે પહોંચી શકું. પણ આજે જ્યારે હું એ સફરને જોઉં છું ત્યારે મને લાગે છે કે તે ખરાબ નહોતું. તમે તે કર્યું અને તમે તમારા પોતાના પર કર્યું. દીપિકાને પતિ રણવીર સિંહ સાથે સમય પસાર કરવો પસંદ છે. આ ઈન્ટરવ્યુમાં દીપિકાએ તેના અને રણવીર સિંહના લગ્ન જીવન વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું કે તે તેના પતિ રણવીર સિંહ સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ માને છે. તે હંમેશા તેના કામમાંથી સમય કાઢે છે અને તેને એન્જોય કરે છે. ઘણી વખત તેમને લાગે છે કે કામના કારણે તેઓ સાથે સમય નથી કાઢી શકતા. અભિનેત્રીએ કહ્યું- અમને સાથે સમય પસાર કરવો ગમે છે. અમે અમારા પરિવાર સાથે સમય પસાર કરવાનું પણ પસંદ કરીએ છીએ. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો દીપિકા પાદુકોણ ટૂંક સમયમાં ફિલ્મ ફાઈટરમાં જોવા મળશે. આ ફિલ્મમાં તે રિતિક રોશનની સામે જોવા મળશે. આ ફિલ્મ આવતા વર્ષે 26 જાન્યુઆરીએ રિલીઝ થશે. દીપિકા પાદુકોણે આપેલા ઈન્ટરવ્યુમાં પોતાના સંઘર્ષના દિવસો વિશે વાત કરી છે. અભિનેત્રીએ જણાવ્યું કે નવા શહેરમાં એકલી આવી હતી. તેની બેગ લઈને અહીં-ત્યાં ભટકતી હતી. રાતે કેબમાં પણ સૂઈ જતી હતી.

## રીલેશનશીપ અંગે કરીનાએ કરી મોટી ચોખવટ, કહ્યું પાંચ વર્ષ રહી સૈફ સાથે



કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાન બોલિવૂડના સૌથી લોકપ્રિય સેલિબ્રિટી કપલ્સમાંથી એક છે. આ દંપતી છ વર્ષના પુત્ર તૈમૂર અને બે વર્ષના પુત્ર જેહના માતા-પિતા છે. કરીના અને સૈફે વર્ષ 2012માં લગ્ન કર્યા હતા. આ પહેલા પણ આ કપલ થોડા વર્ષો સુધી સાથે રહેતું હતું. બેબોએ સૈફ સાથે લગ્ન કરવાના નિર્ણય વિશે વાત કરી હતી. કરીના કપૂર ખાને કહ્યું, “હવે તમે લગ્ન કરી રહ્યા છો તેનું કારણ એ છે કે એક બાળક ઈચ્છો છો, ખરું ને? મારો મતલબ અન્યથા ફક્ત સાથે રહી શકો છો. તેણે વધુમાં કહ્યું કે સૈફ અને તે પાંચ વર્ષ સુધી સાથે રહ્યા હતા. જ્યારે તેઓએ આગળનું પગલું લેવાનું નક્કી કર્યું, તે એટલા માટે હતું કારણ કે તેઓ બાળકો મેળવવા માંગતા હતા. પેરેંટિંગ પર પોતાના મંતવ્યો શેર કરતી વખતે કરીના કપૂર ખાને કહ્યું કે કોઈ ‘સાચો કે ખોટો રસ્તો’ નથી.

## મૃણાલ ઠાકુર અને બાદશાહ ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળ



મુંબઇ : મૃણાલ ઠાકુર અને રેપર બાદશાહ હાલ એક વીડિયોને કારણે ચર્ચામાં છે. આયુગલ એક દવાળી પાર્ટીમાં હાથમાં હાથ પરોવીને જોવા મળ્યું હહતો. જેનો વીડિયો સોશયલ મીડિયા પર વાયરલ થયો છે. તેમની આ રોમાન્ટિક અદા પરથી તે ઓ ડેટ કરી રહ્યા હોવાની અટકળ ફેલાઈ છે. રસપ્રદ વાત તો એ છે કે, મૃણાલે પોતે જ આ પાર્ટી વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેમાં તેણે તે અને બાદશાહ હાથમાં હાથ પકડીને આવ્યા છે તે પોસ્ટનો પણ સમાવેશ થાય છે. જોકે, બાદશાહ તથા મૃણાલ બંને માટે અન્ય સાથે ડેટિંગની વાત અગાઉ ચર્ચાઈ ચુકી છે.

## શાહરૂખ અને પુત્રી સુહાનાની ફિલ્મનું ટાઇટલ ‘ધી કિંગ’ હશે



મુંબઈઃ શાહરૂખ ખાન અને તેની દીકરી સુહાના ખાન એક ફિલ્મમાં સ્ક્રીન શેર કરવાનાં છે. આ ફિલ્મને હાલ ‘ધ કિંગ’ એવું કામચલાઉ ટાઈટલ અપાયું છે. બોલીવૂડમાં પ્રખ્યાત અભિનેતાઓની દીકરીઓ પણ અભિનેત્રી બની હોય તેવા અનેક કિસ્સા છે. જોકે, બાપ અને દીકરી કોઈ ફિલ્મમાં સાથે આવ્યાં હોય તેવા બહુ જુજ કિસ્સા છે. ૨૦૧૯માં ‘એક લડકી કો દેખા તો ઐસા લગા’ નામની ફિલ્મ રીલીઝ થઈ હતી તેમાં અનિલ કપૂર અને સોનમ કપૂરે સ્ક્રીન શેર કરી હતી. તે પહેલાં ૨૦૧૦માં ‘તીન પત્તી’ નામની ફિલ્મમાં શ્રદ્ધા કપૂર અને શક્તિ કપૂર બંનેની ભૂમિકા હતી.

## આમિર ખાન ક્રિકેટર યુવરાજ સિંઘની બાયોપિક બનાવશે



મુંબઈ : આમિર ખાન ક્રિકેટર યુવરાજસિંઘની જીવનકથા પરથી ફિલ્મ બનાવશે. તેણે આ માટેના રાઈટ્સ ખરીદી લીધા છે. આમિર ખાન પ્રોડયૂસર તરીકે અતિશય સક્રિય બની ગયો છે. તે સ્પેનિશ સ્પોર્ટસ ડ્રામાની રિમેક ‘ચેમ્પિયન’ બનાવી રહ્યો છે. તેમાં તે પોતે જ મુખ્ય ભૂમિકા ભજવશે. આ ઉપરાંત તે સની દેઓલને મુખ્ય ભૂમિકામાં લઈ ‘લાહોર ૧૯૪૭ ફિલ્મ ‘ બનાવી રહ્યો છે. પુત્ર જુનૈદ માટે પણ તેણે એક ફિલ્મનું કામ શરુ કરી દીધું છે. હવે તેણે ભારતના એક સમયના ટોચના ક્રિકેટર યુવરાજસિંઘની જીવનકથા પરથી ફિલ્મ બનાવવાના રાઈટ્સ પણ ખરીદી લીધા છે. યુવરાજ સિંઘની ક્રિકેટ કેરિયરમાં ભારે ચઢતી પડતી આવી હતી.



## ॥ સંસ્કૃતિ ॥



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH


### અનિમિટેડ એન્ટરટેઇનમેન્ટની અપેક્ષા સંતોષતા ડિઝની પાસે સાડા 12 લાખ કરોડની નેટવર્થ

# એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીઝનું બાદશાહ ડિઝની વર્લ્ડ

પ્રાસંગિક
ધવલ શુક્લ

ફિલ્મો અને ટેલિવિઝનના રસીકો ડિઝની વર્લ્ડથી સારી રીતે પરિચિત છે. હાલમાં આ કંપનીને સ્થપાયાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે. એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીઝના બાદશાહ તરીકેનું સ્થાન આજે ડિઝની ભોગવી રહ્યું છે અને વિશ્વભરમાં સૌ કોઈ એક સદીથી અનિમિટેડ મનોરંજનની અપેક્ષા તેની પાસે રાખતા આવ્યા છે. જગવિખ્યાત ડિઝની કંપની એ ૨ ભાઈઓએ જોયેલું અને સાકાર થયેલું સપનું છે. તેને કારણે જે વિશાળ નેટવર્ક સ્થપાયું છે તેના થકી આજે આશરે અઢી લાખ લોકોને રોજગારી મળી રહી છે. ભારતીય ચલણમાં તેની નેટવર્થ સાડા ૧૨ લાખ કરોડની છે. આમ ડિઝની વર્લ્ડ આજે આર્થિક રીતે પણ સદ્ધર છે. આમ તો ઓફિશિયલ રીતે ડિઝની કંપનીનું નામ ધ વોલ્ટ ડિઝની કંપની' છે. અમેરિકન એનિમેશન ઈન્ડસ્ટ્રીઝના અગ્રેસર ગણતા વોલ્ટ ડિઝનીએ ૬૫ વર્ષના જીવનમાં એનિમેશન ક્ષેત્રે જે કંઈ આપ્યું તે અદ્વિતિય છે.

ડિઝનીએ પ્રોડયુસ કરેલી ફિલ્મોનો આંકડો મોટો છે. અત્યારે મુખ્યત્વે ૩ કંપનીઓ છે, તેમાં એક 'ડિઝની એન્ટરટેઈનમેન્ટ' છે. આ અંતર્ગત ધ વોલ્ટ ડિઝની, ડિઝની જનરલ એન્ટરટેઈનમેન્ટ કન્ટેન્ટ, પ્લેટફોર્મ ડિસ્ટ્રીબ્યુશન જેવા વિભાગો આવે છે. તે પછી કંપનીનો બીજો હિસ્સો ઈએસપીએનનો છે. મહદંશે રમતગમતને લગતું કન્ટેન્ટ અને તેના પ્રસારણના વિભાગો છે અને ત્રીજો હિસ્સો 'ડિઝની પાર્ક એન્ડ પ્રોડ્ક્ટસ'નો છે. આ અંતર્ગત રિસોર્ટ એમ્યુઝમેન્ટ પાર્ક, નેશનલ જિયોગ્રાફી એક્સપેડિશન પબ્લિશિંગ હાઉસ અને ડિઝનીની ગ્લોબલ કન્ઝયુમર પ્રોડક્ટસ પણ આવે છે.

માત્ર એક વ્યક્તિના મનમાં એનિમેશનનો સ્ફુરેલો વિચાર આજે આટલો વિશાળ થઈ ચૂક્યો છે કે, તેની સંભાળ માટે વિશ્વના શ્રેષ્ઠ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ કામ કરી રહ્યા છે. વોલ્ટ ડિઝનીની સફર પણ રોચક રહી છે. તે પોતે આર્ટિસ્ટ હતા. આજે દુનિયાભરમાં ડિઝની કંપનીની શાખાઓ પ્રસરેલી છે ત્યારે તેની શરૂઆત ડિઝનીએ દોરેલા એક ડ્રોઈંગથી થઈ હતી.

તે પહેલાં વોલ્ટ ડિઝનીએ તેના મિત્ર ઉબ લ્વેકર્સ સાથે 'લાફ-સો ગ્રામ' નામે એક સ્ટુડિયો શરૂ કર્યો હતો. બંનેએ મળીને મેલિસ થેન્ડરલેન્ડ નામની એક ફિલ્મ બનાવ્યા બાદ તેમના સ્ટુડિયો નાદારીમાં ગયો. જયારે તેની ફિલ્મ અન્ય એક કંપનીએ ખરીદી અને પછી તે ફિલ્મ તો હિટ



ગઈ, પરંતુ ફિલ્મની આ સફળતાથી વોલ્ટ અને તેના મિત્રને કોઈ લાભ થયો ન હતો.

જો કે, ડિઝનીની કલાકારીને આ વખતે દર્શકોએ ઓળખી લીધી હતી. જે બાદ એલિઝ કોમેડિઝ નામની ફિલ્મ બનાવવા તેની સાથે કરાર થયા. નવી ફિલ્મ માટે કોન્ટ્રાક્ટ સાઈન કરતા પહેલાં ડિઝની લોસ એન્જલિસ આવ્યા. હોલીવુડ માટે લોસ એન્જલિસ મુખ્ય અને મહત્વનું મથક છે. અહીં આવ્યા બાદ ડિઝનીએ પોતાની પ્રતિભા પારખીને ડિઝની બ્રધર્સ નામે સ્ટુડિયો શરૂ કર્યો. ત્યારબાદ ડિઝનીની ગાડી મનોરંજન ક્ષેત્રે પૂરપાટ ઝડપે દોડવા માંડી, માત્ર ૩ વર્ષમાં તેમનો સ્ટુડિયો નિર્માણ પામ્યો અને કંપનીને ને "વોલ્ટ ડિઝની સ્ટુડિયો નામ અપાયું. 'આ સ્ટુડિયોએ ગ્રેટ એનિમેશન કેરેક્ટર આપ્યા છે, તેમાંથી એક વોલ્ટ અને તેના મિત્ર ઉબ સ્કવેર્મ દ્વારા તૈયાર કરાયું તે ઓસ્વાલ્ડ ધ લકી રેબિટ. આ કેરેક્ટર પર વોલ્ટ ડિઝની સ્ટુડિયોએ ૨૬ ફિલ્મો નિર્માણ કરી પણ ૧૯૨૮નું વર્ષ આવતાં આવતાં વોલ્ટ તે સમયના ગ્રેટ એનિમેટર્સની ટીમ બનાવી ચૂક્યા હતા અને ઓસ્વાલ્ડ ધ લકી રેબિટ'નું રિપ્લેસમેન્ટ થયું, તે આજનો મિકી માઉસ છે. જે અનિમેશનની દુનિયાનું અતિપરિચિત કેરેક્ટર છે.

મિકી માઉસના નામે આજે પણ આખા વર્ષમાં કોઈને કોઈ ફિલ્મ કે ટેલિવિઝન સિરીઝ દર્શકો માટે આવે છે. ઓસ્વાલ્ડ ધ લકી રેબિટનું કેરેક્ટર રસપ્રદ બન્યુ તેની પણ કહાની છે. વોલ્ટને અને તેના મિત્રની શરૂઆતની ફિલ્મો અન્ય એક ડિસ્ટ્રીબ્યુટરના કારણે સફળ થઈ હતી. તે ડિસ્ટ્રીબ્યુટર અંતર્ગત વોલ્ટ ડિઝનીએ ૧૯૨૮ સુધી ફિલ્મો બનાવી અને ડિસ્ટ્રીબ્યુટર તેનાથી જ મોટી કમાણી કરતો રહ્યો હતો. પણ જ્યારે વાલ્ટે પોતે જ ફિલ્મોનું માર્કેટ જોયું અને તે પ્રમાણે ડિસ્ટ્રીબ્યુટર પાસે ભાવ માંગ્યો ત્યારે તેણે માંગેલા પૈસા આપવા ઈન્કાર કરી દીધો હતો. ડિસ્ટ્રીબ્યુટર પાસે પૈસાની કમી નહોતી, તેણે વોલ્ટ ડિઝની સ્ટુડિયોના એનિમેટરો સાથે કોન્ટ્રાક્ટ કર્યા અને ડિઝની પાસે માત્ર તેનોમિત્ર ઉબ ફ્લેકર્સ જ રહી ગયો. આ રીતે ધ લકી રેબિટનું કેરેક્ટર વોલ્ટના હાથમાંથી ડિસ્ટ્રીબ્યુટર પાસે ગયું અને એક નવું કેરેક્ટર તૈયાર કરવામાંની વોલ્ટ ડિઝનીને પ્રેરણા કે તક મળી.

અંતે મિકી માઉસ તૈયાર થયું અને તે કેરેક્ટરના ટેસ્ટ માટે ડિઝની સ્ટુડિયોએ પ્લેન કેડી' અને ૫ શૈલોપિન્સ ગીચ' ફિલ્મ બનાવી. ત્યારબાદ આ કેરેક્ટરનો ડંકો આખી દુનિયામાં વાગવા માંડ્યો. જો કે, તેમ છતાં ફિલ્મમાંથી પુરતો આર્થિક લાભ થાય તેવું શકય બન્યુ નહીં. કારણ કે, તેમણે જે અન્ય ડિસ્ટ્રીબ્યુટર સાથે કોન્ટ્રાક્ટ કર્યા હતા, તેને કારણે નજીવો નફો ડિઝની સ્ટુડિયો સુધી પહોંચતો હતો. આખરે તેમણે લિમીટેડ કંપની શરૂ કરી. શેર કાઢીને રોકાણ કરવા માટે નાગરિકોને અપીલ કરાઈ.

આમ મનોરંજન આપવાની સાથે બિઝનેસ કરવાની યોજના સફળતાની દીશામાં આગળ વધી. આજે આ કંપની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અવ્વલ છે. ૧૯૩૧માં 'ન્યૂયોર્ક ડેઈલી મિરર' સહિત મિકી માઉસના કેરેક્ટર અંગેનો અહેવાલ અમેરિકાના અને દુનિયાના અન્ય ૬૦ છાપામાં પ્રસિદ્ધ થયા. આ રીતે પૂરી દુનિયામાં મિકી માઉસ જાણીતું બન્યું અને ન્યુયોર્ક સ્થિત એક કંપનીએ મિકી માઉસને રાઈટીંગ ટેબલ પર છાપવા માટે વોલ્ટ ડિઝનીની કંપનીને ૩૦૦ ડોલર ઓફર કર્યા. ઓફર સ્વીકાર્યા બાદ મિકી માઉસ પ્રથમ લાઈસન્સ્ડ કેરેક્ટર બન્યું. તે પછી ૨ વર્ષમાં મિકી માઉસ કેરેક્ટરે વોલ્ટ ડિઝની કંપનીને આર્થિક રીતે એટલી સદ્ધરતા અપાવી કે જેનાથી કંપનીની કાયાપલટ થઈ ગઈ.

ત્યાર બાદ ડિઝની કંપની અલગ-અલગ બિઝનેસમાં પ્રવેશતી ગઈ. હવે ટેલિવિઝન માટે એનિમેશન ફિલ્મો અને એમ્યુઝમેન્ટ પાર્ક મુખ્ય આકર્ષણ જન્માવે તેવા સ્થળ હતા. વોલ્ટ ડિઝનીના નજર હેઠળ પ્રથમ આવો એમ્યુઝમેન્ટ પાર્ક ડિઝનીલેન્ડ નામે બન્યો. ૧૯૫૫માં શરૂ થયેલો આ પાર્ક આજે પણ આકર્ષણનું કેન્દ્ર છે.

૭ દાયકા પહેલાંનો આ પાર્ક વિશ્વનો સૌથી વિઝિટ થતો પાર્ક છે. હવે ડિઝની કંપની દ્વારા નિર્મિત મેજિક કિંગ્ડમ પણ એ જ રીતે જાણીતો પાર્ક બન્યો છે. વોલ્ટ ડિઝનીનું આ સામ્રાજ્ય કોઈ સંઘર્ષ વિના માર્કેટમાં ટકી જ રહ્યું તેવું પણ નથી, તેમાં બદલાતાં સમય મુજબ તેણે અનેક પડકારોનો સામનો કરવા પડ્યો. ૧૯૮૦ના સ્ટુડિયો અરસામાં ડિઝની કંપની દ્વારા નિર્મિત દુનિયાભરના ડિઝની એમ્યુઝમેન્ટ પાર્કમાં આવનારાં પ્રવાસીઓની સંખ્યા ઘટવા માંડી હતી. આ સમયે પણ તેનો નિશ્ચિત ખર્ચ હતો અને તે કારણે કંપનીને મસમોટું નુકસાન ભોગવવું પડયું.

જો કે, તે પછી પણ ડિઝની કંપનીએ હિંમત હારી નહીં અને અદભૂત ફિલ્મો અને ટેલિવિઝન સિરીઝ આપી. ડિઝની આજે અનેક ક્ષેત્રોમાં કાર્યરત છે અને તેની સફળતા અદ્વિતિય છે. પરંતુ આ સફળતા પાછળ પણ કેટલીક એવી ઘટનાઓ છે, જે ડિઝની કંપનીની મહત્તાને ઘટાડે. જેમ કે, ૧૯૯૦ના અરસામાં ડિઝની દ્વારા સંચાલિત ડિસ્કવરી આઈલેન્ડ પર અનેક પ્રાણીઓ અને પક્ષીઓના મોત થયા હતા. આ બાબતે કાયદાકીય કાર્યવાહી ન થાય તે માટે ડિઝનીએ લાખ ડોલર ચૂકવ્યા હતા. જો કે, કંપની આજે એટલી વિશાળ થઈ છે કે, તેનો સમાવેશ ફોર્ચ્યુન 500 કંપનીમાં થયો છે.

**1931માં 'ન્યૂયોર્ક ડેઇલી મિરર' સહિત મિકી માઉસનું કેરેક્ટર અને તેની સ્ટ્રીપ અમેરિકા સહિત દુનિયાના 60 છાપામાં પ્રકાશિત થઇ. આ રીતે પૂરી દુનિયામાં મિકી માઉસ જાણીતું બન્યું અને ન્યુયોર્ક સ્થિત એક કંપનીએ મિકી માઉસને રાઇટીંગ ટેબલ પર છાપવા માટે વોલ્ટ ડિઝનીની કંપનીને 300 ડોલર ઓફર કર્યા**

# કેનેડાનું હાઉસિંગ માર્કેટ હજુ પણ મંદીમાં : CREA

## ઘરોના વેચાણમાં ઓક્ટોબર મહિનામાં 5.6 ટકાનો ઘટાડો નોંધાયો : નવી લિસ્ટિંગ રેશિયો ઘટીને 49.5 ટકા થઈ ગયો

**ટોરોન્ટો**

કેનેડિયન રિયલ એસ્ટેટ એસોસિએશનના નવા માસિક ડેટા અનુસાર કેનેડાનું હાઉસિંગ માર્કેટ હજુ પણ મંદીમાં છે, ઓછી પ્રોપર્ટીઝ લિસ્ટેડ છે અને ઓછું વેચાણ થયું છે. CREA દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, કેનેડિયન ઘરોના વેચાણમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, જે ઑક્ટોબરમાં 5.6 ટકા ઘટ્યો છે.

હજુ ફક્ત નવેમ્બર છે, પરંતુ એવું લાગે છે કે, ઘણા ઘર ખરીદનારાઓ પહેલેથી જ હાઇબરનેશનમાં ગયા છે. ઓક્ટોબરના આંકડાએ એ પણ જાહેર કર્યું કે, કેટલાક વિક્રેતાઓ આગામી વસંત સુધી તેમની યોજનાઓને પૂરી કરી શકે છે. નવા લિસ્ટિંગની




સંખ્યામાં પણ પાછલા મહિનાની સરખામણીએ ઓક્ટોબરમાં 2.3 ટકાનો ઘટાડો થયો છે. આનો અર્થ એ થયો કે, વેચાણથી નવી લિસ્ટિંગ રેશિયો ઘટીને 49.5 ટકા થઈ ગયો છે. જે CREA કહે છે કે 10-વર્ષનો નીચો રેશિયો છે. વેચાણથી નવા લિસ્ટીંગનો રેશિયો એ એવી રીત છે કે રિયલ એસ્ટેટ નિષ્ણાતો આપેલા સમયગાળામાં કેટલા ઘરો વેચ્યા અને બજારમાં કેટલું નવું લિસ્ટીંગ થયું તે વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરે છે. આ રેશિયો માટે ઊંચી ટકાવારી સૂચવે છે કે તે વિક્રેતાનું બજાર છે, એટલે કે વેચાણ કરવાનો આ સારો સમય છે. CREAમુજબ, કેનેડાનો લાંબા ગાળાના સરેરાશ વેચાણથી નવા લિસ્ટીંગનો રેશિયો લગભગ 55 ટકા છે, અને તે એપ્રિલમાં વધીને 67.9 ટકા થયો છે. જો કે, આ ઘટાડામાં ઘરના વેચાણમાં ઘટાડો થવાનું ચાલુ છે, તેમ છતાં આ ઓક્ટોબરમાં હાઉસિંગ માર્કેટ હજુ પણ અગાઉના વર્ષ કરતાં વધુ સક્રિય હતું.

# બ્રામ્પટન ખાતે કેનેડિયન ગુજરાતી વિમેન્સ એસોસિએશન દ્વારા “હાલો ગુજરાત” ઇવેન્ટ





## ગઝલ બાદ નૃત્ય અને સાંસ્કૃતિક કૃતિઓએ કાર્યક્રમમાં રંગત જમાવી, 32 વિક્રેતાઓ દ્વારા વિવિધ ચીજવસ્તુના સ્ટોલ ઉભા કરાયા

**બ્રામ્પ્ટન**

કેનેડિયન ગુજરાતી વિમેન્સ એસોસિએશન દ્વારા 4 નવેમ્બર 2023ને શનિવારે બ્રામ્પટન ત્રિવેણી મંદિર અને કોમ્યુનિટી સેન્ટર ખાતે “હાલો ગુજરાત” ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન થયું હતું.

સમૃદ્ધ ગુજરાતી સંસ્કૃતિ અને વારસાની પ્રતિતિ કરાવતી આ ઈવેન્ટમાં CGWA સલાહકાર બોર્ડના સભ્ય અને દિવસના યજમાન તુષાર ઉનડકટે સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યા બાદ વિરલ પારેખે ભાવપૂર્ણ ગુજરાતી ગઝલનું ધમાકેદાર પર્ફોર્મન્સ આપ્યું હતુ. જે બાદ નિલેશ પટેલ અને પરમેશી વ્યાસે વધુ મનમોહક ગીતો ગાયા હતા.

વિભૂતિ વિંચીના અદભૂત નૃત્ય પ્રદર્શન સાથે સાંસ્કૃતિક પર્ફોર્મન્સે ઈવેન્ટની રંગત જમાવી દીધી હતી. આ તકે અતિથિ વિશેષ તરીકે CGI, ટોરોન્ટો, સિદ્ધાર્થનાથે ગુજરાતીમાં વક્તવ્ય આપીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કમલ ખેરા (એમપીપી, બ્રામ્પટન ઈસ્ટ) પણ આ તકે હાજર રહ્યા હતા.

સમગ્ર દિવસ દરમિયાન કુલ 600 ઉપસ્થિતોએ કાર્યક્રમને માણ્યો હતો. ફેસ્ટિવલનું એક વાઈબ્રન્ટ પાસું 32 સ્થાનિક નાના મોટા વિક્રેતાઓની હાજરી હતી. મધ્યમ વ્યવસાયના માલિકો માટે તેઓએ બૂથ સ્થાપ્યા હતા જ્યાં કપડાં, સ્વાદિષ્ટ ખોરાક, મેકઅપ ઉત્પાદનો અને હસ્તકલા વસ્તુઓ પ્રદર્શનમાં વેચાણ અર્થે મુકાઈ હતી. આ સ્થળને ગુજરાતની થીમમાં તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં ઝૂંપડી, સરદાર વલ્લભભાઈ પટેલના કટ-આઉટ, રંગોળીઓના પ્રદર્શન અને લેમ્પ્સ અને પ્રોપ્સ જેવા તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સુપ્રિયા ચાવડા અને અરુણા નારોલા સાથે CGWAની ત્રણ સંસ્થાપક મહિલાઓમાંની એક ચિંતન ભાવસારે કહ્યું હતુ કે, “હું તમામ આયોજકો, પ્રાયોજકો, સ્વયંસેવકો અને આ ઈવેન્ટને સફળ બનાવવામાં ભાગ લેનાર દરેકને ઓળખવા માંગુ છું,”

દિપક આનંદ (એમપીપી મિસીસગા) એ કહ્યું હતુ. આ પ્રકારની ઈવેન્ટ્સ આપણા સમુદાયને એકસાથે લાવવામાં મદદ કરે છે. “સોનિયા સિદ્ધુએ CGWA ટીમને પ્રશસ્તિ પત્ર આપ્યું હતુ.

# NewsClick મામલે કાર્યવાહી, અમેરિકી કરોડપતિ નેવિલ રોય સિંઘમને સમન્સ

## નેવિલ રૉય સિંઘમ પર ન્યૂઝક્લિકને કરોડોનું ફન્ડિંગ કર્યું હોવાનો આરોપ

**નવી દિલ્હી**

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓનાં કેસમાં ફસાયેલા વેબસાઈટ ‘ન્યૂઝક્લિક’ના સંસ્થાપક પ્રબીર પુરકાયસ્થ વિરુદ્ધ કાર્યવાહી ચાલી રહી છે, ત્યારે આ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહી છેક અમેરિકા સુધી પહોંચી ગઈ છે. આ કેસમાં ઈડીએ અમેરિકાના કરોડપતિ નેવિલ રૉય સિંઘમને સમન્સ પાઠવ્યું છે. અમેરિકી બિઝનેસમેન અને આઈટી કન્સલ્ટિંગ ફર્મ થૉટવર્કર્સના પૂર્વ અધ્યક્ષ નેવિલ રૉય સિંઘમ છેલ્લા ઘણા સમયથી રાજકારણમાં સક્રિય જોવા મળી રહ્યા છે. ધ અમેરિકી ટાઈમ્સની તપાસ દરમિયાન નેવિલે ન્યૂઝક્લિકને લાખો ડૉલરનું ફન્ડિંગ કર્યું હોવાનું સામે આવ્યું છે. નેવિલ રૉય સિંઘમ અમેરિકાના પ્રખ્યાત બિઝનેસમેન અને સામાજિક કાર્યકર્તા છે. તેઓ થૉટવર્કર્સના સંસ્થાપક અને પૂર્વ અધ્યક્ષ પણ છે. આ કંપની ગ્રાહકોને સૉફ્ટવેર, સૉફ્ટવેર ટુલ્સ અને સલાહ આપવાની સેવા પૂરી પાડે છે. સિંઘમે જુદી જુદી સંસ્થાઓને ફન્ડિંગ કર્યું હોવાનું કહેવાય છે. આ સંસ્થા ચીનના વિચારોને પ્રોત્સાહન આપે છે, તેમજ ઉઈગર નરસંહારને ખોટો કહી રહ્યો છે. ઉપરાંત સંસ્થા ચીનની પાર્ટીનું મુખ્ય સમર્થન પણ રહેલું છે. સિંઘમના નેટવર્કે દિલ્હી સ્થિત સમાચાર વેબસાઈટ ન્યૂઝક્લિકને ફંડ પુરુ પાડ્યું છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, ન્યૂઝક્લિકને 38 કરોડ રૂપિયાનું ફન્ડિંગ કરવામાં આવ્યું. એવો પણ દાવો કરાયો છે કે, સિંઘમ ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી માટે કામ કરે છે.

# લાભ પાચમ

## શુભ 卐 લાભ



પ્રસ્તુતિ : સ્મિતા પટેલ
(Guelph On.)

હિન્દુ ધર્મના પંચાગ અનુસાર વર્ષમાં કુલ 24 (ચોવીસ) પાચમ આવે છે. જેમાંથી સાત પાચમનું વિશેષ મહત્ત્વ છે. જેમ કે વસંત પંચમી, રંગ પંચમી, નાગ પંચમી, લલિતા પંચમી, ઋષિ પંચમી, કડી પંચમી અને શ્રી પંચમી.

શ્રી પંચમી જેને આપણે લાભપાચમ તરીકે ઉજવીએ છીએ. દિવાળીનું પર્વ રમા એકાદશીથી શરૂ થઈને લાભ પાંચમ સુધીનું ગણાય છે. દિવાળીના તહેવારોનો અંતિમ દિવસ એટલે લાભપાચમ જેને અન્ય નામોથી પણ ઓળખીએ છીએ. જેવાં કે જ્ઞાન પાચમી, શ્રી પચમી કે સૌભાગ્ય પચમી, આ તહેવાર આપણાં ગુજરાતી પંચાગ અનુસાર કારતક સુદ પાંચના અનુસાર કારતક સુદ પાંચમના દિવસે ઉજવવામાં આવે છે.

આ તહેરવારનો વિશેષ મહિમા એટલા માટે છે કેમ કે તે લાભ સાથે જોડાયેલો છે. આ દિવસ એટલે લાભ અને બપાગ્યની ઉન્નતિનો દિવસ આ તિથિ લાભકર્તા છે. લાભ અને ભાગ્યમાં વૃદ્ધિકર્તા છે.

આ તિથિ સાથે શ્રીનો એટલે કે લક્ષ્મી પ્રાપ્તિનો લાભ જોડાયેલો છે માટે જ તેને શ્રી પંચમી પણ કહે છે. લક્ષ્ય કરીને કરવામાં આવતું કર્મ અને મનોકામના પૂર્ણ કરનાર આ તિથીએ વિશેષ પૂજા-ઉપાસના કરવામાં આવે છે.

દરેક શુભકાર્યમાં સૌપ્રથમ વિઘ્નહર્તા, સુખકર્તા અને દુ:ખહર્તા ગણેશજીની પૂજા કરવામાં આવે છે, તેમજ આ દિવસે પણ સૌપ્રથમ ગણપતિજનું ધ્યાન, સ્તુતિ અને પૂજા કરવામાં આવે છે. ગણપતિના બે પત્નીઓ રિદ્ધિ અને સિદ્ધિ તેમના બંને પુત્રો શુભ અને લાભ જે કલ્યાણકારી પ્રતીકો માનવામાં આવે છે. આ દિવસે ઘરના કે દુકાનના ઉંબરે સ્વસ્તિક - સાથિયાનું ચિન્હ દોરવામાં આવે છે. અને શુભ-લાભ લખવામાં આવે છે.

દિવાળીના તહેવારો બાદ વ્યવસાય ધંધો કે પેઢી શરૂ કરવાનું સૌપ્રથમ શ્રેષ્ઠ મુહૂર્ત એટલે લાભપાચમ. આ શુભ દિવસે રજાઓના વિસ્રામ બાદ ધંધા-વેપારના શુભારંભ માટે આજનો આકોય દિવસ જ શ્રેષ્ઠ ગણાય છે. આ કામકાજનો પ્રથમ દિવસ હોઈ, ગણેશજીની સાથે સાથે શ્રી મહાલક્ષ્મી અને કુબેરજીની પૂજા થાય છે. આ દિવસે ચોપડા પૂજન પણ થાય છે. નવા વહી ખાતા શરૂ કરવામાં આવે છે. નવા વર્ષના હિસાબી ચ ોપડામાં “શ્રી૧૧” લખીને સવાઈ લક્ષ્મી અને ઐશ્વર્ય પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવામાં આવે છે.

જૈન ધર્મમાં આ દિવસે જ્ઞાનની દેવી માતા સરસ્વતીનીપૂજા-ઉપાસના કરવામાં આવે છે. માટે તેને જ્ઞાન પંચમી પણ કહેવામાં આવે છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માંગતા દરેક વિદ્યાર્થી માટે માતા સરસ્વતી-શારદા પૂજનના આ દિવસ ખૂબ જ મહત્ત્વનો છે.

પૌરાણિક કથા અને મહાભારત અનુસાર પાંડવો અજ્ઞાતવાસ સહિતના બાર વરસના વનવાસ બાદ આ દિવસે જ રાજમહેલમાં પરત ફરયા હોવાથી તેને પાંડવ પંચમી પણ કેહવામાં આવે છે.

લાભ પાંચમના દિવસથી દેવોની દિવાળીની શરૂઆતની થાય છે. જેમાં અષાઢ સુદ અગિયારસના દિવસે ભગવાન શ્રી હરિ-વિષ્ણુ નારાયમ ક્ષીરસાગરમાં શયન કરી ગયા હોવાનું પોઢી ગયા હોવાનું મનાય છે. તે કારતક સુદ અગિયારસે ઊઠી જાય છે અને તેને આપણે દેવ ઊઠી એકાદશી તરીકે ઉજવીએ છીએ. દેવપોઢી કે દેવશયની એકાદશીથી દેવઉઠી એકાદશી કે પ્રબોધિની એકાદશીના ચાર માસના શયનગાળા બાદ પ્રભુજી જ્યારે ઊઠે છે ત્યારપછી જ લગ્નના શુભ મુહુર્તોનો પ્રારંભ થાય છે અને કારતક સુદ પૂનમ-કાર્તિકી પૂર્ણિમાનો દિવસ દેવદિવાળી તરીકે ઉજવવામાં આવે છે.

સૌને લાભપાચમ અને દેવદિવાળીની મંગલમય શુભકામના..


SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
Highly Competitive Launching Rates
Guaranteed!!! $500,000 taxable CASH VALUE at age of 65 with Life Insurance of a Million Dollar.*
*Plan is suitable for age upto 45!
Call for more details
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



# ટોરોન્ટો BAPS મંદિરે દિવાળી અને અન્નકુટ ઉત્સવ ઉજવાયા

## મંદિરના પ્રવેશ દ્વારે રંગબેરંગી શણગાર સાથે રંગોળી કરાઈ, અક્ષરધામને રજૂ કરવા વિશેષ પ્રદર્શન યોજાયું







**ટોરોન્ટો**

ટોરોન્ટો BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર 61 ક્લેરવિલે ડ્રાઈવ ખાતે 12-13 નવેમ્બર 2023 દરમિયાન દિવાળીની ઉજવણી કરાઈ હતી. જેમાં વિશ્વાસ, સંસ્કૃતિ અને સમુદાયની સમકાલીન અભિવ્યક્તિઓ સાથે વર્ષો જૂની પરંપરાઓને એકીકૃત રીતે વણી લેવામાં આવી હતી. મંદિરના પ્રવેશદ્વારે રંગબેરંગી શણગાર સાથે રંગોળી કરવામાં આવી હતી. ઉપરાતં રંગીન પાવડરમાંથી અલંકૃત ફ્લોર ડિઝાઈન બનાવાઈ હતી. વધુમાં સૌથી મોટા હિન્દુ ધર્મસ્થાન BAPS સ્વામિનારાયણ અક્ષરધામને રજૂ કરવા માટે એક વિશેષ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.


BAPS સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો ખાતે થયેલી ઉજવણીમાં પિયર પોઈલીવરે (કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા અને સત્તાવાર વિરોધ પક્ષના નેતા), અનીતા આનંદ (ટ્રેઝરી બોર્ડના પ્રમુખ), કમલ ખેરા (વિવિધતા, સમાવેશ અને વિકલાંગ વ્યક્તિઓના મંત્રી), રૂબી સહોતા (સંસદ સભ્ય, બ્રામ્પટન નોર્થ), સોનિયા સિદ્ધુ (સંસદ સભ્ય, બ્રેમ્પટન સાઉથ), શફકત અલી (સંસદ સભ્ય, બ્રેમ્પટન સેન્ટર), ફ્રાન્સેસ્કો સોરબારા (સંસદ સભ્ય, વોન-વુડબ્રિજ), અર્પણ ખન્ના (સંસદ સભ્ય, ઓક્સફર્ડ), લેરી બ્રોક (સંસદ સભ્ય, બ્રાન્ટફોર્ડ-બ્રાન્ટ), ટોરોન્ટોમાં ભારતના કોન્સલ જનરલ સિદ્ધાર્થ નાથ, ડગ ફોર્ડ (ઑન્ટેરિયોના પ્રીમિયર), માઈકલ ડી. ફોર્ડ (ઑન્ટેરિયોના નાગરિકતા અને બહુસાંસ્કૃતિક પ્રધાન) તથા સ્ટીફન લેસી (ઑન્ટેરિયોના શિક્ષણ પ્રધાન) વગેરે હાજર રહ્યા હતા. BAPSના આધ્યાત્મિક નેતા મહંત સ્વામી મહારાજે તમામ ભક્તો અને શુભેચ્છકોને દિવાળીના આશીર્વાદ પાઠવ્યા હતા. તેમણે એકતા, મૂલ્યો, આધ્યાત્મિકતા અને દાનની ભાવનાનો સમાવેશ કરીને અંદરથી પ્રકાશ શોધવા અને તેને વધુ તેજસ્વી બનાવવા માટે બધાને પ્રોત્સાહિત કર્યા હતા.

# ઊંચા જીવન ખર્ચને કારણે ત્રીજા ભાગનાં કેનેડિયન ડ્રાઇવરો ટાયર ખરીદવા અસક્ષમ

## એસોસિએશન દ્વારા સરવે, 85 ટકા લોકોએ ટાયર બદલવાની પ્રક્રિયાને આવશ્યક ગણાવી

**ટોરોન્ટો**

વર્તમાન આર્થિક સ્થિતિને કારણે ત્રણમાંથી એક કેનેડિયન ડ્રાઈવરની શિયાળાના ટાયર ખરીદવાની શક્યતા ઓછી છે તેવું તારણ એક સરવેમાં બહાર આવ્યું છે. ટાયર એન્ડ રબર એસોસિએશન ઓફ કેનેડાએ સોમવારે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, શિયાળામાં ટાયર બદલવાનું મુખ્ય કારણ સલામતીનું છે. ઘણા લોકો તેના ફાયદાથી વાકેફ હોવા છતાં મોંઘવારીને કારણે આ વર્ષે 31 ટકા લોકો શિયાળાના ટાયર ખરીદે એની શક્યતા ઓછી છે. ચોક્કસપણે, મોંઘવારીના આ યુગમાં કેટલાક લોકો માટે શિયાળાના ટાયરનો ખર્ચ મોટો છે, એમ TRACના પ્રમુખ કેરોલ હોચુએ જણાવ્યું હતું.



TRACના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ઑન્ટેરિયોના 67 ટકા ડ્રાઈવરો હવે શિયાળામાં જ ટાયરની ખરીદી કરે છે. જે શ્રેષ્ઠ પકડ અને ઝડપથી ઊભા રહેવામાં મદદ કરે છે. જો કે, દરેક વસંત અને પાનખરમાં રિમ્સ અને ટાયરના બે સેટને સ્વિચ કરવાથી તેમાં વધારો થાય છે, અને ડ્રાઈવરોએ તેને સ્ટોર કરવા માટે જગ્યા પણ શોધવી પડશે. વધારાના ખર્ચ છતાં સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે 85 ટકા લોકો માને છે કે શિયાળાના ટાયર એક આવશ્યક રોકાણ છે. એકવાર તાપમાન 7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય પછી પ્લેન ઓલ-સીઝન ટાયર એટલું સારું પ્રદર્શન કરશે નહીં. કન્ઝ્યુમર રિપોર્ટ્સે હમણાં જ તમામ-સીઝન, બધા-હવામાન અને શિયાળાના ટાયરનું પરીક્ષણ કર્યું છે અને જાણવા મળ્યું છે કે શિયાળુ ટાયર શિયાળામાં ડ્રાઈવિંગ માટે પકડ અને ટ્રેક્શન માટે શ્રેષ્ઠ પસંદગી છે. કન્ઝ્યુમર રિપોર્ટ્સના ટાયર નિષ્ણાત રાયન પ્સ્ઝોકોવસ્કીએ જણાવ્યું હતું કે, અમારા પરીક્ષણમાં જાણવા મળ્યા મુજબ તે સંપૂર્ણપણે કામ કરે છે. તે શિયાળાના ટાયર જેટલા ચડિયાતા નથી, પરંતુ તે તમામ સીઝનના અને શિયાળાના ટાયર કરતાં વધુ સારા છે.

# યુદ્ધને કારણે મધ્ય પૂર્વની મુસાફરી વેળા કેન્સલેશન ઈન્શ્યોરન્સ યોગ્ય

## કેનેડાની ટ્રાવેલ એડવાઇઝરીથી ઇજિપ્ત, જોર્ડન અને લેબનોન પ્રભાવિત

**ઓન્ટેરિયો**

એક ટ્રાવેલ એજન્સી કેન્સલેશન ઈન્સ્યોરન્સના ફાયદાઓની ચર્ચા કરી રહી છે. કારણ કે, કેટલાક કેનેડિયનો કહે છે કે, તેઓ ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે મધ્ય પૂર્વની મુસાફરી પર રિફંડ મેળવવામાં અસમર્થ છે. કેનેડિયન ટ્રાવેલ એક્સપર્ટ લોરેન ક્રિસ્ટીએ મંગળવારે જણાવ્યું હતું કે, તમારું જોખમ લેવાનું સ્તર શું છે, તેના પર બધો આધાર છે. ઑક્ટોબર 7ના રોજ હમાસના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલ પર હુમલો કરાયો હતો. જે બાદ કેનેડાએ ઈઝરાયેલ, વેસ્ટ બેંક અને ગાઝા પટ્ટી માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી હતી. સરહદી



દેશો - ઈજિપ્ત, જોર્ડન અને લેબનોન - પણ ટ્રાવેલ એડવાઈઝરીથી પ્રભાવિત છે. વીમા એજન્સી ટ્રાવેલ સિક્યોર ઈન્ક.ના પ્રેસિડેન્ટ માર્ટી ફાયરસ્ટોને જણાવ્યું હતું કે, જો તમે ટ્રીપ પર વધુ પૈસા ખર્ચી રહ્યા હોવ તો કેન્સલેશન ઈન્સ્યોરન્સ એક યોગ્ય રોકાણ બની શકે છે. ફાયરસ્ટોને કહ્યું કે, જો વીમો ખરીદવામાં આવ્યો ન હોય, તો તમે ક્રુઝ કંપની (અથવા ટૂર કંપની)ની ધૂન પર છો તો તમને અમુક પૈસા, પૈસાનો એક ભાગ, ક્રેડિટ અથવા કંઈપણ પાછું આપવાનું નથી.

# ટ્રુડોની ટકોરની અવગણના બાદ બે કેનેડિયનોએ ગાઝા પટ્ટી છોડી

## 358 નાગરિકોને ગાઝામાંથી મદદ કરી હોવાનો કેનેડા સરકારનો દાવો

**ઓટ્ટાવા**

ગાઝા પટ્ટીની પરિસ્થિતિ "હૃદયસ્પર્શી છે," કેનેડાના નાયબ વડા પ્રધાને બુધવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઘેરાયેલા પેલેસ્ટિનિયન પ્રદેશમાં મહિલાઓ અને બાળકોની હત્યા રોકવા માટે ઈઝરાયેલને વિનંતી કરવા બદલ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને ઠપકો આપ્યો હતો. ડેપ્યુટી વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે બુધવારે મેસ્કોચ, ક્વેમાં પત્રકારોને જણાવ્યું હતું કે, મને લાગે છે કે દરેક જણ સંમત થશે કે ગાઝામાં માનવતાવાદી પરિસ્થિતિ હૃદયદ્રાવક છે. શું થઈ રહ્યું છે તે જોવું ખરેખર મુશ્કેલ છે. ફ્રીલેન્ડ, જેઓ ફેડરલ નાણા મંત્રી પણ છે, તેમને નેતન્યાહુએ મંગળવારે સાંજે બોલાવીને જવાબ આપવા માટે કહેવામાં આવ્યું હતું. ટ્રુડોએ મંગળવારે વેનકુવરમાં જણાવ્યું હતું કે, હું સ્પષ્ટ છું કે ન્યાયની કિંમત તમામ પેલેસ્ટિનિયન નાગરિકોની સતત પીડા ન હોઈ શકે. યુદ્ધના પણ નિયમો હોય છે. અમે ડોકટરો, પરિવારના સભ્યો, બચી ગયેલા લોકો, માતાપિતા ગુમાવનારા બાળકોની જુબાનીઓ સાંભળી રહ્યા છીએ. દરમિયાન બુધવારે, કેનેડા સાથેના સંબંધો ધરાવતા વધુ બે લોકોએ તેને ગાઝા છોડ્યું હતું. ગ્લોબલ અફેર્સ કેનેડા કહે છે કે તેણે 358 કેનેડિયન નાગરિકો, કાયમી રહેવાસીઓ અને તેમના સંબંધીઓને યુદ્ધગ્રસ્ત પ્રદેશમાંથી બહાર નીકળવામાં મદદ કરી છે, જ્યારે અન્ય નવ અન્ય માધ્યમો દ્વારા ઈજિપ્ત પહોંચવામાં સફળ થયા છે.

# ટોરોન્ટો અને વાનકુંવર પંથકમાં એકલતા અનુભવતા લોકોની સંખ્યા વધી : અહેવાલ

## પુખ્ત વયના લોકોમાં કામ વિશે ચિંતા અને હતાશા તથા ભેદભાવ જેવા મુદ્દા પણ સમસ્યા રહ્યા

**ટોરોન્ટો**

એક નવો અહેવાલ સૂચવે છે કે ટોરોન્ટો કેનેડાના સૌથી એકલા શહેરોમાંનું એક હોઈ શકે છે જેમાં 10 માંથી લગભગ ચાર રહેવાસીઓ હવે અઠવાડિયામાં ત્રણ કે ચાર દિવસ એકલતાની લાગણી અનુભવે છે. ટોરોન્ટો ફાઉન્ડેશનના 2023 વાઈટલ સાઈન્સ રિપોર્ટ, જેનું શીર્ષક છે, 'ધ પાવર ઓફ અસ' હતુ. આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે વ્યાપક શ્રેણીના સર્વેમાં ટોરોન્ટોના 37 ટકા ઉત્તરદાતાઓ અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ એકલતા અનુભવે છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ એકલતા અનુભવનારા ટોરોન્ટોનિયનોની સંખ્યા સર્વેમાં સમાવિષ્ટ અન્ય શહેરો કરતાં વધુ હતી. સરખામણીમાં, કેનેડિયન-વ્યાપી સર્વેક્ષણમાં 28 ટકા લોકો અન્ય મોટા પ્રદેશો અને અન્ય મોટા શહેરોમાં એકલતા અનુભવે છે તેવું તારણ નીકળ્યું હતુ. વાનકુવરમાં 28 ટકા લોકો એકલતા અનુભવતા હોવાનું નોંધાયું હતું અને મેટ્રોપોલિટન વિસ્તારોની યાદીમાં મોન્ટ્રીયલ સૌથી નીચું હતું અને 17 ટકા લોકો એકલતા અનુભવે છે. અત્યંત એકલતા અનુભવતા અન્ય પ્રદેશોમાં મેરીટાઈમ્સનો સમાવેશ થાય છે, જેમાં 35 ટકા રહેવાસીઓ અઠવાડિયામાં ઘણી વખત એકલતા અનુભવે છે અને કેલગરી-એડમોન્ટન પ્રદેશ 28 ટકા છે. ટોરોન્ટો ફાઉન્ડેશનના સીઈઓ શેરોન એવરીએ જણાવ્યું હતું કે, તમામ મુદ્દાઓમાં જોડાયેલી પેશીઓ એ આપણે બધા છીએ. આપણે એકબીજા સાથે અને આપણી સંસ્થાઓ સાથે જે સંબંધ ધરાવીએ છીએ. જ્યારે નબળા હોય, ત્યારે તે લગભગ દરેક બાબતમાં પ્રગતિને નબળી પાડે છે. અહેવાલમાં મુખ્ય તારણો ટોરોન્ટોના પુખ્ત વયના લોકોમાં કામ વિશે ચિંતા, ગંભીર એકલતા અને હતાશા તથા ભેદભાવ જેવા મુદ્દા પણ સમસ્યા રહ્યા છે. ઘણા ટોરોન્ટોના રહેવાસીઓએ સરવેમાં કહ્યું કે, 2022 સુધીમાં, ઘણા કે ઘણા બધા મિત્રો હોવાની જાણ કરનારની સંખ્યા 55 ટકાથી ઘટીને 44 ટકા થઈ ગઈ હતી.

# એમનું ઘર ભાંગે નહીં તે માટે મેં એમની સાથે લગ્ન ના કર્યા

ફિલ્મ અભિનેત્રી આશા પારેખની કિંમત માટે દાદ દેવી જોઈએ, તેમ પાછલી વયે જાહેરમાં કબૂલ કર્યું કે, 'હા, હું ફિલ્મ દિગ્દર્શક નાસીર હુસૈનન પ્રેમમાં હતી, એ એક જ એવી વ્યક્તિ હતી કે જેને મેં પ્રેમ કર્યો, અલબત્ત તેઓ પરિણીત હોઈ તેમનું ઘર ભાંગે નહીં તે માટે મેં એમની સાથે લગ્ન કર્યા નહીં. આ વાત કોઈ જાણતું નહોતું, મારી મમ્મી પણ નહીં, કે જેની હું ખૂબ જ નજીક હતી.'

આશા પારેખે લખેલી આત્મકથા 'ધી હિટ ગર્લ'નું તાજેતરમાં જ લોકાર્પણ થયું જેમાં સલમાન ખાનથી માંડીને એક્ટર ધર્મેન્દ્ર અને બીજી અનેક હસ્તી હાજર હતી. આ આત્મકથા આશા પારેખે જાણીતા પત્રકાર અને ફિલ્મ વિવેચક, દિગ્દર્શક ખાલીદ મોહમ્મદની સાથે રહીને લખી છે. આશા પારેખે તેમની આત્મકથામાં પહેલી જ વાર તેમના નાસીર હુસેન સાથેના પ્રેમસંબંધોનો જાહેરમાં સ્વીકાર કરતાં લખ્યું છે કે જે લોકોએ મારી જિંદગીમાં મહત્ત્વપૂર્ણ રોલ ભજવ્યો છે તેમના વિશે હું મારી આત્મકથામાં ના લખું તો તેનો કોઈ મતલબ નહોતો. મોહમ્મદે આખાયે એપિસોડને ગૌરવપૂર્ણ રીતે સંભાળ્યો છે.

આશા પારેખે લખ્યું છે કે, 'હું નાસીર સાહેબને તેમના પરિવારથી દૂર કરવા માંગતી નહોતી. હું કદીયે હોમ બ્રેકર નહોતી. મારી અને નાસીર હુસૈનના પરિવાર વચ્ચે કોઈ અણબનાવ કે ઝઘડો પણ નહોતો. એથીયે વધુ સારી વાત એ છે કે મારા પુસ્તકના લોકાર્પણ વખતે નાસીર સાહેબની દીકરી નસરત અને તેમનો પૌત્ર ઈમરાનખાન બંને હાજર હતા. મેં કદીયે કોઈની લાગણીને ઠેસ પહોંચાડ્યા વગર જિંદગીને ગૌરવપૂર્ણ રીતે માણી છે.'

સૌથી વધુ નોંધપાત્ર વાત એ છે કે આશા પારેખના આ પુસ્તકનું લોકાર્પણ ફિલ્મ મેકર નાસીર હુસેનના સગા ભત્રીજા અને મશહૂર એક્ટર આમીરખાનના હસ્તે થયું.

જિંદગીના એક ખાલી ખૂણાની કેવી ગૌરવપૂર્ણ કેફિયત?

એક જમાનામાં ફિલ્મ નિર્માતા-નિર્દેશક નાસીર હુસેનનો બોલીવૂડમાં ડંકો હતો. તેમની તમામ ફિલ્મો હિટ રહેતી. ૧૯૫૯માં નાસીર હુસેને જ આશા પારેખને તેમની ફિલ્મ 'દિલ દેકે દેખો'માં પહેલી જ વાર તક આપી. ફિલ્મ અને આશા પારેખ બેઉ હિટ રહ્યાં. તે પછીની તેમની સાત સુપરહિટ ફિલ્મોમાં આશા પારેખે મુખ્ય અભિનેત્રી તરીકેનો રોલ કર્યો જેમાં 'તીસરી મંજિલ' અને 'કારવાં' જેવી ફિલ્મોનો પણ સમાવેશ થાય છે.

એ જમાનામાં દેશમાં આશા પારેખનો વિશાળ ફેન વર્ગ હતો. આશા પારેખની એ જમાનાની હિટ ફિલ્મો (૧) મેરે સનમ (૨) ફિર વો હી દિલ લાયા હૂં (૩) જબ પ્યાર કિસી સે હોતા હૈ અને (૪) લવ ઈન ટોકિયોનો સમાવેશ થાય છે. આ બધી જ ફિલ્મોમાં તેણે એક હેપી ચાર્મિંગ-લકી ગર્લનો રોલ કર્યો હતો પરંતુ એ જ સમયગાળામાં તેનું અંગત જીવન અંદરથી એટલું સુખી નહોતું, કારણ કે તે જેમને ચાહતી હતી તેને તે હાંસલ કરી શકી નહોતી.

આશા પારેખનો જન્મ તા. ૨જી ઑક્ટોબરે ૧૯૪૨ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા પ્રાણલાલ પારેખ હિન્દુ હતા. તેમની માતા દાઉદી વોરા મુસ્લિમ હતાં. પરિવારનું તેઓ એક માત્ર સંતાન હોઈ માતાએ પુત્રીને શાસ્ત્રીય નૃત્યની તાલીમ માટે નાની વયે જ ક્લાસિકલ ડાન્સ ક્લાસમાં મોકલી આપી હતી.

આશા પારેખે આશા પારેખના નામથી બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. બિમલ રૉયે આશાને એક સ્ટેજ ફંક્શનમાં નૃત્ય કરતી જોઈ. ૧૦ વર્ષની વયે ફિલ્મ 'મા' (૧૯૫૨)માં રોલ આપ્યો હતો. તે પછી ૧૯૫૪માં પણ તેમણે બાળ કલાકાર તરીકે 'બાપ-બેટી' ફિલ્મમાં કામ કર્યું. આશાએ ૧૬ વર્ષની વયે અભિનય ક્ષેત્રે ઝંપલાવી પોતાની કારકિર્દીને અભિનેત્રી તરીકે પ્રારંભ કરવાનું નક્કી કર્યું. પરંતુ નિર્દેશક વિજય ભટ્ટે તેનામાં સ્ટાર બનવાના ગુણ નથી એમ કહી ફિલ્મ 'ગુંજ ઉઠી શહેનાઈ' (૧૯૫૯)માંથી બાકાત કરી દીધી. ત્યાર બાદ તરત જ નિર્માતા એસ. મુખર્જી અને દિગ્દર્શક નાસીર હુસેને તેને ફિલ્મ 'દિલ દેકે દેખો' (૧૯૫૯)માં કામ આપ્યું




હું કદીયે હોમ બ્રેકર નહોતી. મારી અને નાસીર હુસૈનના પરિવાર વચ્ચે કોઈ અણબનાવ કે ઝઘડો પણ નહોતો. એથીયે વધુ સારી વાત એ છે કે મારા પુસ્તકના લોકાર્પણ વખતે નાસીર સાહેબની દીકરી નસરત અને તેમનો પૌત્ર ઈમરાનખાન બંને હાજર હતા. મેં કદીયે કોઈની લાગણીને ઠેસ પહોંચાડ્યા વગર જિંદગીને ગૌરવપૂર્ણ રીતે માણી છે.'

અને આ ફિલ્મે જ તેને પ્રસિદ્ધિ અપાવી હતી.

'દો બદન'ની વાર્તા આશા પારેખ પર આધારિત હતી. ખાસ કરીને નિર્દેશક રાજ ખોસલા જેણે તેને પોતાની વધુ ત્રણ ફિલ્મોમાં કામ આપ્યું હતું. આશા દ્વારા અભિનિત ફિલ્મ 'ઉપકાર' (૧૯૬૭)ને બેસ્ટ ફિલ્મફેર ઍવૉર્ડ મળ્યો. આ સાથે જ આશાની 'જબ પ્યાર કિસી સે હોતા હૈ' (૧૯૬૧), 'ઘરાના' (૧૯૬૧), 'શિકાર' (૧૯૬૮) અને 'આન મિલો સજના'(૧૯૭૦) જેવી ફિલ્મોને બૉક્સ ઑફિસ પર લગાતાર સફળતા મળવાને કારણે તેણે 'જ્યુબિલી ગર્લ' તરીકે નામના મેળવી.

આશાને શક્તિ સામંતની ફિલ્મ 'કટી પતંગ' (૧૯૭૦)માં બેસ્ટ એક્ટ્રેસ તરીકેનો ફિલ્મફેર ઍવૉર્ડ મળ્યો. આ ફિલ્મમાં તેણે સફેદ સાડીમાં એક વિધવાનું પાત્ર ભજવ્યું હતું. જેના હાસ્યમાં તેનો દુઃખદ ભૂતકાળ છુપાયેલો હતો. હવે આશાએ નામ અને પ્રસિદ્ધિની ઊંચાઈને આંબી લીધી હતી. જો કે તે હવે ૩૦ વર્ષની આયુ પાર કરી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે નાસીર હુસેને આશા પારેખને છેક ૧૯૬૭માં તેમની ફિલ્મ 'બહારોં કે સપનેં'માં અભિનયની તક આપી હતી ત્યાંથી શરૂ થયેલા આશા અને નાસીર વચ્ચેના વ્યાવસાયિક સંબંધો આશરે ૨૧ વર્ષ સુધી લંબાય હતા, ધીમે ધીમે આશાએ સમાજસેવાનાં કાર્યો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. નોંધપાત્ર છે કે, સાંતાક્રુઝની એક હૉસ્પિટલ સાથે આશા પારેખનું નામ જોડવામાં આવ્યું છે.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં આશાની સિરીયલ 'કોરા કાગઝ' ઘણી જ લોકપ્રિય સાબિત થઈ. ત્યારબાદ ૧૯૯૫માં આશાએ અભિનયને હંમેશા માટે તિલાંજલિ આપવાનું નક્કી કર્યું. ૧૯૯૮માં આશાએ સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના ચેરપર્સન તરીકેનો હોદ્દો ગ્રહણ કર્યો. ઉલ્લેખનીય છે કે સેન્સર બોર્ડના ચેરપર્સન બનનાર એ પ્રથમ મહિલા હતાં.

આશા હિન્દી ફિલ્મજગતના સુપરસ્ટાર તરીકેનું બિરુદ મેળવનાર પ્રથમ ગુજરાતી અભિનેત્રી છે. જો કે હિન્દી ફિલ્મોમાં તે કારકિર્દીની ટોચ પર હતી તે વખતે પણ ૧૯૬૩માં 'અખંડ સૌભાગ્યવતી' જેવી ગુજરાતી ફિલ્મમાં કામ કરવાને પ્રાથમિકતા તેણે આપી હતી. તે ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી.

આશા હવે તેનો બધો જ સમય સમાજસેવાનાં કાર્યોમાં પસાર કરે છે. એના ખુદના નામથી જ ઓળખાતી 'આશા પારેખ હૉસ્પિટલ' સાંતાક્રુઝ મુંબઈમાં ચલાવવાની સાથે સાથે આકૃતિ નામની પ્રોડક્શન કંપનીના બેનર હેઠળ ટીવી સીરિયલોના નિર્માણમાં વ્યસ્ત છે. તેણે 'કલા ભવન'ના નામે નૃત્ય તાલીમ સંસ્થાની પણ સ્થાપના કરી છે, જેણે ઘણા પ્રતિભાશાળી નૃત્યકારોને મદદ કરી છે.

આશા પારેખ આજે પણ તેના જમાનાની પ્રતિસ્પર્ધી અભિનેત્રીઓ વહીદા રહેમાન ને નિયમિતપણે મળતી રહે છે. તેમની સાથે ફિલ્મો જુએ છે, ભોજન કરે છે અને ભૂતકાળનાં સુખદ સંસ્મરણોની યાદો તાજી કરે ૐ છે. બીજી તરફ ભૂતકાળની બધી જ જાણીતી અભિનેત્રીઓ અવારનવાર આશાને મળવા તેના ઘેર આવતી જતી રહે છે.

૨૦૦૨માં આશાના અભિનયજગતમાં આપેલ યોગદાન બદલ ફિલ્મફેર દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કાર મળ્યો હતો.

આશા પારેખ વીતેલા જમાનાનાં એક જાજરમાન ગુજરાતી મૂળનાં અભિનેત્રી હોવા છતાં ગુજરાતે તેમનું જેટલું સન્માન કરવું જોઈએ તેવું કર્યું નથી.

દેવેન્દ્ર પટેલ સંપર્ક : 91 98792 07102

## જાણવા જેવું

### બીજા પક્ષીઓને લૂંટી લેનારા ચાંચિયાઃ ફ્રિગેટ બર્ડ

બીજા પક્ષી પર હુમલો કરી તેનો ખોરાક ઝૂંટવી લેવાની વૃત્તિ ધરાવતા પક્ષીઓ પણ જોવા મળે તેમાં દક્ષિણ આફ્રિકાના ફ્રિગેટ બર્ડ વિખ્યાત છે. દરિયાકિનારે રહેતા ફ્રિગેટ બર્ડ બીજા પક્ષીની ચાંચમાંથી ખોરાક ઝૂંટવી લેવામાં નિષ્ણાત છે. લાંબી ચાંચ, લાંબી



પાંખ અને લાંબી પૂંછડી વાળા આ પક્ષીનું પેટ લાલ રંગના બલૂનની જેમ ફુલેલું હોય છે. શરીર પર કાળા રંગના પીંછા હોય છે. વિચિત્ર દેખાવના આ પક્ષીની પાંખ બે મીટર જેટલી ફેલાય પરંતુ ઊડી શકતા નથી, પાણીમાં તરી શકતા નથી કે જમીન પર સરખું ચાલી શકતા પણ નથી. તે ઝાડની નીચેની ડાળી પર ગમે તેવો માળો બાંધી લે છે. બધી રીતે નબળા આ પક્ષી વિચિત્ર દેખાવને કારણે ઝૂમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. આ પક્ષી છીછરા પાણીમાંથી માછલીનો શિકાર કરે છે.

### અજાયબ ઊભયજીવી : મેક્સિકોનું સેલામાન્ડર

દે ડકાં ટેડપોલ તરીકે પાણીમાં જન્મે છે અને પુખ્ત થયા પછી જમીન પર વસે છે. અર્ધું જીવન પાણીમાં અને અર્ધું જમીન પર જીવનારા પ્રાણીઓને ઊભયજીવી કહે છે. દેડકા જાણીતા છે પરંતુ પૃથ્વી પર લગભગ ૨૮૦૦ જેટલા ઊભયજીવી પ્રાણીઓ વસે છે તેમાં મેક્સિકોનું સેલામાન્ડર વિશિષ્ટ છે. કાળા શરીર પર કેસરી ટપકાંવાળા સેલામાન્ડર ગરોળીના આકારનું પ્રાણી છે. ટૂંકા પગ અને પૂંછડી ધરાવતા આ પ્રાણી ઉત્તર ગોળાર્ધના દેશોમાં જોવા મળે છે. તે પુખ્ત થાય ત્યારે પાંચ ફૂટ લાંબા હોઈ શકે છે. કેટલાક સેલામાન્ડરની જીભ તેના શરીર કરતા લાંબી હોય છે. ચીનમાં જોવા મળતા જાયન્ટ સેલામાઈન્ડર જંગી કદના કાચિંડા જેવા હોય છે. ઉત્તર અમેરિકામાં સેલામાન્ડરની સૌથી વધુ જાતો જોવા મળે છે. કેટલાક સેલામાન્ડર ઝેરી ડંખ ધરાવે છે. સેલામાન્ડર રાત્રિ દરમિયાન નાના જીવજંતુઓનો શિકાર કરે છે. દિવસ દરમિયાન જમીનમાં દર કરીને રહે છે. અડપપ્પી નામનું ૨૬ ઈંચ લાંબુ સેલામાઈન્ડર કૂતરા ભસતા હોય તેવો અવાજ કરે છે તેને વોટરડોગ પણ કહે છે.

### મહેંદીના લીલા પાનમાંથી લાલ રંગ કેવી રીતે બને છે?

મહેંદી સૌંદર્ય પ્રસાધનનું મહત્વનું અંગ છે. શુભપ્રસંગોએ હાથમાં મહેંદી મુકવાની પ્રથા પુરાણી અને વિશ્વભરમાં ફેલાયેલી છે. મહેંદી એક વનસ્પતિ છે. તેના લીલા પાન છૂંદીને હાથ ઉપર લગાડવાથી હાથમાં લાલ રંગ બેસી જાય છે અને તે ઘણા દિવસ સુધી રહે છે. મહેંદીના



છોડની ૪૦૦થી વધુ જાત છે. એશિયાના તમામ દેશો અને વિશ્વના કેટલાક દેશોમાં તે થાય છે. તેના પાનની મહેંદી મુકવા સિવાય છોડનો કોઈ ઉપયોગ નથી. તમામ જાતની મહેંદીના પાન તો મહેંદી મૂકવા ઉપયોગ થાય છે. લોસોન નામનું ખાસ તત્ત્વ હોય છે. તે મહેંદી શરીર પર લગાડવાથી ઠંડક પેદા કરે છે. કેટલાક દેશોમાં લોકો વાળ પણ મહેંદી વડે રંગે છે. મહેંદીના પાનનો ઉન, કપાસ અને રેશમના કાપડને રંગવામાં ઉપયોગ થાય છે.



તુલા (ર, ત)

■ **શનિ મહારાજનું ફળ:** શનિ મહારાજ આપના પંચમ સ્થાનમાંથી પસાર થતા હોવાથી સંતાનોની ઈચ્છા પુરી થશે. જાન્યુ.થી એપ્રિલ સુધીમાં કોઈપણ પ્રકારના દલાલીમાં કે જામીનગીરીમાં હશો તો મુક્ત થશો. વાણી દ્વારા વ્યક્તિત્વ પ્રભાવશાળી બને. રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. કાર્યના અવરોધો દૂર થાય. નવા રોકાણો માટે યોગ્ય સમય છે.

■ **ગુરુ મહારાજનું ફળ:** વર્ષના પ્રારંભથી એપ્રિલ માસ દરમિયાન જૂની બીમારીમાંથી ગુરુ મહારાજ રાહત અપાવશે. વિજાતીય આકર્ષણોમાં વધારો કરાવશે. પરપુરૂષો કે પરસ્ત્રી સાથેના સંબંધોને કારણે બદનામીના યોગો છે. એપ્રિલથી વર્ષના અંત સુધીમાં ધન, પરિવારનું સુખ પ્રાપ્ત કરી શકશો. નવા લોકોની ઓળખાણ ફાયદાકારક રહેશે. ઉત્સાહમાં કોઈ કાર્ય ન કરવું. ફાલતું લોકો સાથેની બેઠક મુશ્કેલી નોતરી શકે.

■ **રાહુ મહારાજનું ફળ:** જ્ઞાની લોકો, કથાકારો, જ્યોતિષીઓ, ભુવાજીઓ વગેરેના સંપર્કમાં વિશેષ રાખે. રાજકીય દબાણને વશ થઈને ખોટા નિર્ણયો થઈ જાય. સમાજમાં યશ, પ્રતિષ્ઠા મોટા પ્રમાણમાં ધન, ધર્માદો કરશો. રાહુ મહારાજ આપની પાસે લોકોપયોગી, સમાજ ઉપયોગી કાર્યો કરાવશે. લડાકુ, હિમ્મતવાન સ્વભાવનો પરિચય લોકોને થશે. જુલાઈથી વર્ષના અંત સુધીમાં ધારેલા કાર્યોની સફળતા મળવાના યોગ થશે.

■ **આર્થિક બાબત:** આ વર્ષે તમે ફાયદામાં રહેશો. એપ્રિલથી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, પ્રોપર્ટી, વીમા કંપની, બેંક, ફાઇનાન્સ વગેરે ક્ષેત્રોમાં કમાણી થશે. આર્થિક લાભ મેળવા કોઈ લાલચ, લોભ, પ્રલોભનમાં આવશો નહીં અને મહેનતમાં વિશ્વાસ રાખશો. સંગીત કલા ડાંસબાર, આર્ટ્સ, પ્રવાહી સાથેના ધંધાઓ સાથે જોડાયેલા લોકોને આર્થિક તંગી નડશે. ઉછીના આપેલા પૈસા પાછા આવવાથી આનંદથી અનુભૂતિ કરશો.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** વર્ષની શરૂઆતથી જ આપ આપના પરિવારમાં આપની કાર્યશૈલી, વાણી, વિચારના કારણે ઘણા ચહિતા બનશો. પરિવારમાં રહેલા બાળકો આપને રોલ મોડલ બનાવશે. સારો સ્વભાવ, પ્રેમાળ વાચા દ્વારા આપ પરિવારમાં બધાની આંખના તારા બનશો. સંતાનપ્રાપ્તિની ઈચ્છા પરિપૂર્ણ થશે. પરિવારમાં લગ્ન-પ્રસંગો, જનોઈ, સગાઈ વગેરે પ્રસંગો આવવાથી જૂના ઝઘડાઓ ભૂલી બધા એક થશે.

■ **સંતાન બાબત:** આપ સંતાનોના અભ્યાસ તથા ભવિષ્ય બાબત થોડા ચિંતિત જણાશો. ચિંતા અને વારે-વારે એમને ટોકવાની ટેવ જ તેમને જીવનમાં કામ લાગશે. સારા સંસ્કારો તેમને ખોટું કે અયોગ્ય કાર્ય કરતા રોકશે. સંતાનોનો ભરપૂર પ્રેમ મેળવશો. સંતાનોના આરોગ્ય વિષયે કાળજી રાખવી. સંતાનોને એમની પસંદગીની સ્ટ્રીમમાં ભણવા દેજો. વિવાહયોગ્ય દીકરી માટે માતા-પિતા સારો વર શોધી શકશે.


■ **આરોગ્ય બાબત:** આપ આરોગ્યથી ખૂબ સંતુષ્ટ રહેશો. કોઈપણ તકલીફ ફેબ્રુઆરી સુધી કશી જ અસર નહીં કરે. ફેબ્રુઆરીથી ગુપ્તરોગો સ્કીન ડિસીઝ વગેરે જેવી નાનીમોટી તકલીફો આવી શકે. પરિવાર, વિવાહ જીવન, અભ્યાસ, નોકરી બાબતે સતત કર્યો કરશો તો એ આરોગ્યને માઠી અસર કરશે અને જાનલેવા સાબિત થઈ શકે. હંમેશાં પોઝિટિવ રહેવું અને ઉંમર લાયક લોકોએ સમયસર બોડી ચેકઅપ કરાવતા રહેવું.

■ **નોકરી-ધંધા બાબત:** નોકરી-ધંધામાં આપના હરીફોમાં ચઢિયાતા રહેશો. આવડત ઓછી હશે, પરંતુ આત્મવિશ્વાસથી સફળતા મળશે. ઊંછી-ઉધારે આપેલા પૈસા પાછા આવવાથી ધંધામાં ઈન્વેસ્ટ કરશો તો ઘણો ફાયદો થશે. ધંધાકીય વિષયમાં જૂનથી ઓક્ટોબર દરમિયાન વિદેશ પ્રવાસો લાભદાયી બનશે. સેલ્સમેન, કથાકારો, જ્યોતિષીઓ, રાજકીય નેતાઓ મધુર વાણીના પ્રભાવ દ્વારા શત્રુઓને પણ મિત્રો બનાવશે.

■ **સ્ત્રીઓ માટે:** આપનો સ્વભાવ સુધારવા બાબતે ઠપકો મળશે.ગુસ્સાવાળો સ્વભાવ ઘણા સંબંધોને તોડતો દેખાશે. આપ લાગણીશીલ હોવા છતાં બધા વચ્ચે ખરાબ બનો છો. જે સ્ત્રીઓના એક્સમેરિટલ અફેર ચાલતા હોય તેમને જાન્યુઆરીથી માર્ચ સુધીમાં બદનામી સહન કરવી પડશે. વ્યવસાહિક ક્ષેત્ર સાથે જોડાયેલી સ્ત્રીઓ પ્રગતિ કરશે. પતિ તરફથી જુલાઈથી ઓગસ્ટ સુધીમાં નાની મોટી ભેટ-સોગાદો મેળવશે.

■ **યાત્રા પ્રવાસ:** પરિવાર સાથે હવાઈ મુસાફરી માર્ચથી જૂન વચ્ચે કરી શકશો. ધંધાકીય વિષયમાં આ વર્ષે ઘણા વિદેશી પ્રવાસમાં સફળતા પણ મેળવશો. તમારા વ્યવસાયને દૂર દૂર સુધી નામના અપાવશો. બાળકને ઉચ્ચ અભ્યાસ કરવા આગળ વર્ષોમાં વિદેશ મોકલવા ઈચ્છતા હશો તો ત્યાં પ્રવાસ કરીને આ વર્ષે જરૂરી માહિતી મેળવી શકશો. આખા વર્ષ દરમિયાન નાના-મોટા કંઈક ને કંઈક પ્રવાસો આપ કર્યા કરશો.

■ **વિદ્યાર્થીઓ માટે:** નૂતન વર્ષની શરૂઆતમાં અભ્યાસ અર્થે થોડા ચિંતિત બનશો. પરંતુ અભ્યાસમાં વધુ ધ્યાન આપીને ધાર્યું પરિણામ મેળવશે. ટીવી, સિરિયલ, નૃત્યમાં વિદ્યાર્થીઓ કિસ્મત અજમાવશે તો સફળતા મેળવશે. ઘરથી દૂર હોસ્ટેલમાં અથવા કોઈ મિત્રના ઘરે રહેતી વિદ્યાર્થિનીઓને આ વર્ષે તકેદારી રાખવી. વિદ્યાર્થિનીઓએ ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન વિજાતીય આકર્ષણથી બચવું અને અભ્યાસમાં ધ્યાન આપવું.



વૃશ્ચિક (ન, ય)

■ **શનિ મહારાજનું ફળ:** અઢી વર્ષની નાની પનોતી આરોગ્ય માટે ચિંતાકારક રહેશે. મનની સમતુલા જાળવવાથી જીવનમાં તેમજ વ્યવહારમાં સ્થિરતા લાવી શકશો. મોટા સાહસો કરીને કે બીજાના ખભા ઉપર બંધૂક ફોડવાવાળા લોકો માટે સમય કપરો રહેશે. વાયુ, પિત્ત વધવાથી શનિદેવ આપના આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે.

■ **ગુરુ મહારાજનું ફળ:** મોસાળ પક્ષથી કોઈ આશા રાખીને બેસવું નહીં. ફેબ્રુઆરીથી એપ્રિલ વચ્ચે સ્વાર્થના સંબંધો બહાર આવશે. કોર્પોરેટ ક્ષેત્રમાં આપનો વટ પડી જશે. આર્થિક બાબત સંક્રામણ હોવાથી ધર્મકાર્યોની તેમજ લોકોને મદદરૂપ થવાની ઈચ્છા પૂરી નહીં થાય. ગજા બહારનું સાહસ કરવુ નહીં. ભાઈભાંડુ સાથેના સંબંધોમાં સુધાર આવવાથી રાહત થશે. સારા કાર્યો અને સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રશંસા પ્રાપ્ત કરી શકશો.

■ **રાહુ મહારાજનું ફળ:** પ્રેમ પ્રકરણોમાં નિષ્ફળતા મળી શકે. શેરસટ્ટા, ક્રિકેટ, ક્લબો, બાર, હોટલો વગેરે ક્ષેત્રના લોકો માટે રાહુ આ વર્ષમાં ખૂબ ફળદાયી રહેશે. સગર્ભા મહિલાઓએ ખાસ સાવચેતી રાખવી. સરકારી અધિકારીઓએ સાવચેતી રાખવી. સતત સરકારની નજર આપના પર રહેશે. દરિયાકિનારેથી કે વિદેશના વ્યાપારીઓથી આર્થિક લાભ મળે. રાજકીય લોકોએ કારકિર્દી અસ્ત તરફ છે તેમ વિચારીને ચાલવું.

■ **આર્થિક બાબત:** પ્રારંભના મહિનાઓમાં આપ આર્થિક રીતે ઘણા નબળો હશો, પરંતુ ધંધામાં સ્વયં ધ્યાન આપવાથી સુધારો થશે. ઉછીના આપેલા પૈસા પાછા આવવાથી આનંદની અનુભૂતિ કરશો. ભાઈભાંડુઓ તરફથી પણ આર્થિક રીતે ઘણી મદદ મેળવી શકશો. રાજકીય લોકોએ આપનો સમય અસ્ત થવા જઈ રહ્યો છે તો વધેલા સમયનો યોગ્ય ઉપયોગ કરો. વાણી મધુર રાખવાની સલાહ છે, નહિતર ધંધાકીય સ્ત્રોતો ઓછા થશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** પરિવારમાં કોણ પોતાના છે અને કોણ પારકા છે તેના પારખા થશે. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે દુષ્ટ વ્યક્તિઓ સામે આવશે જે માત્ર બહારથી જ તમારા હોય છે. પતિ-પત્ની વચ્ચે નાની મોટી ગેરસમજ ઊભી થાય તો સમજણપૂર્વક હલ કરવી. અવિવાહિતો માટે ડિસેમ્બરથી માર્ચ સારો સમય રહેશે. પરિવારની અપેક્ષા સંતોષવામાં મુશ્કેલી આવે. ભાઈભાંડુઓના કલેશમાં રાહત જણાશે.

■ **સંતાન બાબત:** ગમે તેવી સંકળામણ વચ્ચે બાળકોના શોખ, અભ્યાસ વગેરે સંતોષવાની કોશિશ કરશો. કઠોર સ્વભાવ તમને એમનાથી દૂર ના કરે તેનો ખ્યાલ રાખવો. સંતાનોની થોડુંક પ્રેમથી સમજાવવામાં અને પ્રેક્ટિકલ જ્ઞાન આપવું. બાળકોને અભ્યાસ બાબતે ટોકતા રહેવું. સંતાનોના કારણે આ વર્ષે તમારી આબરૂને ઠેસ ન પહોંચે તે બાબતે સજાગ રહેવું. વિવાહ યોગ્ય સંતાનોમાં સંબંધ શોધવા જાન્યુઆરીથી માર્ચ શ્રેષ્ઠ સમય રહેશે.


■ **આરોગ્ય બાબત:** અઢી વર્ષની શનિ મહારાજની પનોતી ચાલતી હોવાથી શારીરિક રીતે અસર કરી શકે. જેથી મશીનોમાં, કારખાનાંઓમાં, કામ કરતા તથા વાહન ચલાવવામાં ખૂબ કાળજી રાખવી. હાર્ટમાં નાનું દર્દ થતું હોય અથવા પેટના સામાન્ય દુખાવો તો પણ ચિકિત્સકની મુલાકાત લેવી અને યોગ્ય નિદાન કરવું. ઉગ્ર સ્વભાવનો ત્યાગ કરવો. યોગ, પ્રાણાયામ તથા મોર્નિંગ વોક આરોગ્ય સુધારવામાં થોડી મદદ કરી શકે છે.

■ **નોકરી-ધંધા બાબત:** ધંધામાં થોડી ખોટ વર્તાશે, પરંતુ થોડી જાત મહેનત દ્વારા બધું સંભાળી શકશો. નોકરિયાત વર્ગને તેમની લાપરવાહીનેકારણે ઉપરી અધિકારીઓ તરફથી થોડો ઠપકો મળી શકે. જે લોકો સોડા શોપ, ખાણીપીણી, ગોલા-આઈસક્રીમ વગેરેના ધંધાર્થી છે તઓને ફાયદો થશે. જુલાઈથી ઓક્ટોબરની વચ્ચે ધંધાકીય પ્રવાસો કરી શકશો. નોકરિયાત વર્ગને તેમની મહેનત અનુસાર પ્રમોશન મળવાની શક્યતાઓ રહેશે.

■ **સ્ત્રીઓ માટે:** નૂતન વર્ષના પ્રારંભથી પોતાના કાર્યો પ્રત્યે સાવધાનીપૂર્વક વર્તવું. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે નવું મકાન કે વાહન ખરીદી શકશો. વિવાહ યોગ્ય સ્ત્રીઓ માટે ડિસેમ્બરથી એપ્રિલ સારો સમય રહેશે. સહકર્મચારી કે આડોશી પાડોશી અથવા પરિવારના લોકો દ્વારા નિંદા તથા કટુ વચનોનો સામનો કરવો પડશે. નોકરિયાત સ્ત્રીઓએ લાલચમાં ન આવવું. ગૃહઉદ્યોગ ચલાવતી મહિલાઓ માટે સારો સમય રહેશે.

■ **યાત્રા-પ્રવાસ:** આ વર્ષની શરૂઆતમાં પ્રવાસોમાં થોડી અડચણો આવે. જો ધર્મપ્રચારક છો તો આપની ધાર્મિક સભા દરમિયાન પ્રવચનમાં કાળજીથી બોલવું. માર્ચથી જૂનની વચ્ચે પ્રવાસ કરવામાં કાળજી રાખવી. વ્યવસાયિક યાત્રા દરમિયાન શરીરની પણ કાળજી રાખવી. આર્થિક રીતે નબળા હોવ તો પણ માતા-પિતા, વડીલોને યાત્રાધામોના પ્રવાસો કરાવશો. ટ્રાવેલિંગ, હિલ સ્ટેશનના પ્રવાસો દ્વારા તબિયત લથડી શકે છે.

■ **વિદ્યાર્થીઓ માટે:** આ વર્ષે જાતમહેનતે આગળ આવવું પડશે. જો થોડીક પણ ગેરસમજદારી વર્તાશો તો ઘણું છૂટવું જશે. ફાર્મસી, ઇજનેરી, તબીબી, હોટલ મેનેજમેન્ટ, ફાઈનાન્સ મેનેજમેન્ટ, ઇજનેરીના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ લાભદાયી રહેશે. માસ્ટર ડિગ્રી લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તક છે. કોલેજના વિદ્યાર્થીઓને પ્રોફેસર સાથે મનદુખ થઈ શકે. સ્ટુડન્ટ વિઝા પર ભારતથી વિદેશ જવા માંગતા બાળકો માટે સારો સમય રહેશે.



ધન (ભ, ફ, ધ, ઢ)

■ **શનિનું ફળ:** નૂતન વર્ષના પ્રારંભથી ભાગ્યની વૃદ્ધિ કરાવનાર ધર્મ પ્રત્યે શ્રદ્ધા વધશે. સંતાન બાબતના પ્રશ્નોનો ઉકેલ જૂન સુધીમાં આવી જાય. આળસવૃત્તિ તેમજ નજરઅંદાજ કરવાની વૃત્તિનો આપના સહકર્મચારીઓ ગેરફાયદો ઉઠાવશે. સહકારી ક્ષેત્ર કે રાજકીય ક્ષેત્રમાં ટકી રહેવા માટે દબદબો જાળવી રાખવા માટે સ્ટ્રોંગ બનવું પડશે.

■ **ગુરુ મહારાજનું ફળ:** નૂતન વર્ષના પ્રારંભમાં પ્રસિદ્ધિ, યશ, કીર્તિ પ્રદાન મળે. કુટુંબ પરિવાર સાથે વધારેમાં વધારે સમય વીતાવશો.એપ્રિલ માસથી અણધાર્યા લાભથી આપ અચંબામાં પડી જશો. એપ્રિલથી જૂનની વચ્ચે શેરસટ્ટામાં લાભ મળે. કોર્ટ કચેરીના કેસોમાં રાહત મળવાથી ખુશી અનુભવશો. સંતાનોના વર્તન વ્યવહારમાં ઓચિંતો સુધારો વર્તાશે. પારિવારિક સુખ સુવિધા તેમજ વાહન સુખમાં ગુરુ મહારાજ વધારો કરાવશે.

■ **રાહુ મહારાજનું ફળ:** શૈક્ષણિક ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર, અધિકારીઓ, પોલીસ ખાતા વગેરે માટે રાહુ મહારાજ ખૂબ ભાગદોડ કરાવે. રાજકીય લોકો, પત્રકારો, દલાલો, વાહનના વ્યવસાય સાથે જોડાયેલા લોકો, મદીરાના વેપારીઓને ખૂબ લાભ થશે. મોટી મોટી વાતો કરવાવાળા અજ્ઞાનીઓ, અંધવિશ્વાસુ વગેરે લોકો માટે કઠીન સમય છે. ભાગાભાગી તેમજ વધારે પડતા શ્રમથી તબિયત ઉપર ખૂબજ મોટી અસર થઈ શકે.

■ **આર્થિક બાબત:** આ વર્ષે આર્થિક બાબતે જરા પણ ચિંતિત રહેવાની જરૂર નથી. નવા નવા આવકનાં સાધનો ઉભા થશે. આપ નિઃસ્વાર્થ કામ કરવામાં માનો છે જેનાથી લોકો આપનાથી આકર્ષાય છે. આપના સારો સ્વભાવ અને પ્રેમાળ વર્તનો કોઈ કર્મચારી ફાયદો ન ઉઠાવે તેની તકેદારી રાખવી. શિક્ષકો, ડોક્ટરો અને પેઈન્ટર્સ માટે આ વર્ષ ઘણું લાભદાયી નીવડશે. પોલીસ વર્ગ માટે આ વર્ષ સાહસથી ભરાયેલું રહેશે.

■ **પારિવારિક અને વૈવાહિક જીવન:** પ્રારંભના મહિનાઓમાં આપ આપના પરિવાર સાથે વધારે સમય વિતાવશો. પરિવારમાં કથા, પૂજા-પાઠનું મોટું આયોજન કરશો. ધાર્મિક સ્વભાવથી પરિવારના વડીલજનો પ્રસન્નતા અનુભવશે. ધંધાકીય બાબતમાં સ્વભાવિક રીતે, અભ્યાસની બાબતમાં બધી રીતે શ્રેષ્ઠ થતા જોઈને માતાપિતા ગર્વ અનુભવશે. પતિ-પત્ની વચ્ચે ગેરસમજો દૂર થશે અને પ્રેમ વધશે. પિતાના આરોગ્યનું થોડું ધ્યાન રાખવું.

■ **સંતાન બાબત:** બાળકોને સારા સંસ્કારો આપ્યા હોવાથી આપ નિશ્ચિંત રહેશો. સંતાનો જો બહાર અભ્યાસ કરતા હોય અને જો એમના વાણીવર્તનમાં ફેરફાર વર્તાય તો સમજાવવા. બાળકના ભવિષ્યનો મહત્ત્વનો નિર્ણય કરશો. એપ્રિલથી જૂન વચ્ચે સંતાનો પગભર થતા જણાશે. વિવાહ યોગ્ય સંતાન માટે જીવનસાથી શોધવા જાન્યુઆરીથી માર્ચ ઉત્તમ સમય રહેશે. સંતાનોના વર્તન વ્યવહારમા સુધારો થશે.


■ **આરોગ્ય બાબત:** સંવત વર્ષ ૨૦૮૦ની શરૂઆતમાં આરોગ્ય થોડું નબળું વર્તાશે, ધાર્મિકતા હકારાત્મકતા દ્વારા આપને પેટ, લિવર, કિડની બાબતના દર્દોમાં રાહત મળશે. શરીર પ્રત્યે લાપરવાહી દાખવતા હોય તો ટેવ સુધારજો. દેશી ઉપચારો, ઔષધિઓ આપના આરોગ્યમાં સુધારો લાવશે. આપનું હૃદય લાગણીના લીધે નબળું પડતું હોય તેવું લાગશે. ખોરાક લેવામાં કાળજી રાખવી તેમજ હાલવા ચાલવાનું રાખવું.

■ **નોકરી-ધંધા બાબત:** પ્રાઈવેટ નોકરી કરતા લોકો માટે કંપનીએ આપેલા ટાર્ગેટને સફળતાપૂર્વક પૂર્ણ કરશો. ફિલ્મ કામ કરતા કલાકારો, શિક્ષકો, ધર્મના વડાઓ, કલાકારો માટે આ વર્ષ ઘણું લાભદાયી નીવડશે. દરિયાઈ ખેડૂતો માટે ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વેપારીઓ, સોની, કોર્પોરેટરો માટે માર્ચથી જૂન વચ્ચે પ્રગતિ થશે. આ વર્ષે આપે માત્ર ધંધાકીય મોનોપોલી આપના પૂરતી જ જળવાય રહે તેનો ખ્યાલ રાખવો.

■ **સ્ત્રીઓ માટે:** ધન-રાશિની સ્ત્રીઓ માટે આ વર્ષ પ્રગતિકારક રહેશે. આપની આવડત આપને આ વર્ષે યોગ્ય સ્થાને લઈ જશે. ઘણા વર્ષોની મહેનતના ફળ સ્વરૂપે આપને પ્રમોશન, એવોર્ડ વગેરે મળવાના ઉત્તમ યોગ છે. ઝડપથી ગુસ્સે થવાનો સ્વભાવ આપને લોકોમાં નિંદાને પાત્ર પણ બનાવી શકે છે. ડિસેમ્બરથી એપ્રિલની વચ્ચે ગેરસમજ ઊભી થશે. ગર્ભવતી મહિલાઓએ સારો એવો ખોરાક ડ્રાયફ્રૂટ્સ વગેરે લેવા હિતાવહ રહેશે.

■ **યાત્રા-પ્રવાસ:** વર્ષની શરૂઆતમાં બે ત્રણ વીક સુધી આપની યાત્રા-પ્રવાસમાં અડચણો આવે. એપ્રિલથી જુલાઈની વચ્ચે આપ પરિવાર સાથે સારા પ્રવાસ કરશો. ધંધાકીય પ્રવાસ દરમિયાન ઓરેન્જ તથા પીળા કલરના શર્ટ સફળતા અપાવશે. ધર્મ પ્રચારકો, કથાકારો, ગુરુકુળ કે આશ્રમ સંસ્થાન માલિકો, જ્યોતિષીઓ પ્રવાસ દરમિયાન સફળતાપૂર્વક પોતાનો ધ્યેય સિદ્ધ કરશે. વિદેશ પ્રવાસ ઓળખાણ-ઈન્વેસ્ટમેન્ટ અપાવે.

■ **વિદ્યાર્થીઓ માટે:** આ વર્ષે વિદ્યાર્થીઓ માટે ઇચ્છિત ફળ (રિઝલ્ટ) આપનાર રહે. આપની પૂર્વે તૈયારી ઘણી કામ લાગે. જી.આર.એસ.સી.યુ.પી.એસ.સી.ની તૈયારી કરતા વિદ્યાર્થીઓએ શાંતચિત્તથી તેમજ ખોટું ટેન્શન લીધા વિના તૈયારી કરવી. વેદ, સાહિત્ય, શાસ્ત્રો, પુરાણો ઉપર પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ પાસે બહુ મહેનત માંગી લેશે. સાયન્સના વિદ્યાર્થીઓએ પ્રેક્ટિકલ કરવામાં વધારે ધ્યાન આપવું.



મકર (ખ, જ)

**શનિ મહારાજનું ફળ :** શનિની સાડાસાતી પનોતીનો ત્રીજો અને આખરી તબક્કો શરૂ છે. આટલાં વર્ષોની બની બનાવેલી ઈજ્જત સાચવીને રાખવી જરૂરી છે. કોઈપણ પ્રકારના આર્થિક તેમજ શારીરિક શોષણના ભોગ ના બનો તેનો ખ્યાલ રાખવો. ધન, કુટુંબ બાબત ચિંતામાં ઘટાડો કરાવે. સંકટના સમયમાં પત્ની તેમજ પુત્રને આપની સાથે રહેશે.

■ **ગુરુ મહારાજનું ફળ:** પિતા તરફથી અનહદ પ્રેમ પ્રાપ્ત કરી શકશો. પૈતૃક સંપત્તિ મળે. લોભી પ્રકૃતિ બહુ રાખવી નહીં. દામ્પત્ય જીવનમાં સુમેળ રાખવો. આકસ્મિક ધનલાભ થાય. જમીન મકાનના પ્રશ્નો હલ કરાવે. મે માસથી સગર્ભા મહિલાઓએ સંભાળવું. જૂનથી ઓગસ્ટ વચ્ચે વિવાહ થઈ શકેશે. રાજકીય ક્ષેત્રે માન-સન્માન વધવાના યોગ છે. પ્રેમવિવાહમાં નિષ્ફળતા મળી શકે. ધર્મયાત્રાના યોગ છે.

■ **રાહુ મહારાજનું ફળ :** હરીફો માટે રાહુ કાળ સન્માન સાબિત થશે. ભાઈ-ભાંડુ સાથેના વિવાદનો અંત આવશે. આપનું આક્રમક વલણ ધંધામાં સફળતા અપાવશે. પૈસાની ઉચાપત કે સ્ત્રીઓને હેરાનગતિ બાબતના આક્ષેપ વિરોધીઓ દ્વારા થવાના યોગો છે. નવા નવા મિત્રો આપને મુશ્કેલીમાં માર્ગ બતાવશે. જુલાઈથી વર્ષના અંત સુધીમાં કોઈપણ પ્રકારની લોન લેવી નહીં કે વ્યાજના પૈસા લેવા નહીં.

■ **આર્થિક બાબત :** આપનું આર્થિક જીવન મધ્યમ રહેશે. હરીફોને આપનાથી આગળ નહીં વધવા દો. લોન તથા વ્યાજના પૈસા જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી ન લેવા. પિતા-દાદા તરફથી આર્થિક બાબતે ઘણો સહારો મળશે. આર્થિક સ્થિતિ મુજબ વર્તશો. સોના-ચાંદીના વેપારી, પોલીસ ઓફિસરો -રાજકારણી માટે વર્ષ પ્રગતિશીલ સાબિત થશે. વિશ્વાસુઓ દ્વારા આર્થિક શોષણના ભોગ ન બનો તેનો ખ્યાલ રાખવો.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન :** પરિવારમાં ચાલતા જૂના નાના મોટા ઝઘડાનું સમાધાન થશે. પતિ-પત્ની વચ્ચેના અણબનાવ દૂર થશે. બાળકો બિઝનેસ સંભાળશે, જેથી આપને ગર્વની લાગણી અનુભવાશે. ખરાબ સમયમાં સંતાનો અને પત્ની સાથ આપશે. આપ આપનાં સંતાનોના આરોગ્ય વિશે થોડા ચિંતિત રહેશો. પારિવારિક યાત્રાનું આયોજન કરશો. વૈવાહિક જીવનમાં પ્રેમલગ્ન હશે તો વર્ષ કષ્ટદાયક નીવડશે.

■ **સંતાન બાબત :** સંતાનોના ઉચ્ચ અભ્યાસ વિશે મનોમંથન કરતા જણાશો. બાળક રાજકીય, સામાજિક, સેવાકીય બાબતોમાં તથા યુવા સંસ્થાના આગેવાન બનવા ઈચ્છતા હોય તો સપોર્ટ મળે. બાળકને વિદેશ મોકલવા ઈચ્છો છો તો વિઝા અંગે જૂન સુધીમાં પ્રોસેસ કરવી. વિવાહ યોગ્ય સંતાનો માટે જીવનસાથી ફેબ્રુઆરીથી જૂન સુધીમાં શોધી શકશો. બાળકોના પ્રેમસંબંધમાં આપ તેને મિત્ર બનીને સહાયતા કરશો.

■ **આરોગ્ય બાબત:** આરોગ્ય પર શનિ મહારાજની સાડાસાતીની થોડી અસર જણાશે. છેલ્લા તબક્કામાં માનસિક તેમજ હૃદયની બાબતમાં કાળજી રાખવી પડશે. કોઈપણ સંજોગોમાં હકારાત્મક તેમજ અડગ રહેજો. મગજની નાનીમોટી બીમારી જેમ કે, સતત માથાનો દુખાવો, મગજમાં નાની ગાંઠ, હૃદયમાં નાનો દુખાવો, પેટદર્દ, પથરીનો દુખાવો વગેરેને સામાન્ય ન સમજતા. ડૉક્ટર્સની સલાહ લઈને યોગ્ય નિવારણ કરવું.

■ **નોકરી-ધંધા બાબત :** કાર્યકુશળતા, બુદ્ધિશક્તિ દ્વારા આપ આપનાં સંતાનોને હરાવશો. આપને ધંધામાં અણધાર્યા લાભો મળશે. હીરાઉદ્યોગમાં વેપારીઓ, શિક્ષક, કંદોઈ, કેટરર્સ, ફોટોગ્રાફર્સ વગેરે માટે માર્ચથી જુલાઈ લાભદાયક સમય રહેશે. આપનો વિશ્વાસુ સ્વભાવ ધંધામાં ખોટ ન કરે તેની તકેદારી રાખવી. નોકરીમાં નવા નવા કામો વિરોધીઓને ચોંકાવી દેશો. રાજકીય કારકિર્દીમાં સફળતા માટે થોડો સમય લાગશે.

■ **સ્ત્રીઓ માટે :** આ રાશિની સ્ત્રીઓ માટે જવાબદાર તેમજ સમજદાર બનવાની આવશ્યકતા રહેશે. ખોટા લોકોની વાતમાં ન આવી જવુ. અભ્યાસ-નોકરી બાબતમાં આપ આગળ રહેશો. મધુર વાણીથી ગેરસમજ ના થાય તેનો ખ્યાલ રાખવો. નિ:સંતાન સ્ત્રીઓ માટે જાન્યુ.થી માર્ચ ઉત્તમ સંતાન યોગ બને છે. વૈવાહિક જીવનમાં થોડા મતભેદો બાદ સ્થિતિ સામાન્ય થશે. મે માસથી સગર્ભાએ શાંતિ રાખવી. પ્રેમસંબંધોમાં સાવચેતી રાખવી.

■ **યાત્રા-પ્રવાસ :** આ વર્ષમાં કુટુંબ પરિવાર સાથે ઘણા ધાર્મિક તેમજ ફરવા લાયક સ્થળોના પ્રવાસ કરશો. જો આપ ધર્મક્ષેત્ર સાથે જોડાયેલા હોય તો પ્રચારક પ્રવાસો એપ્રિલથી જૂન વચ્ચે સફળતાપૂર્વક કરી શકશો. પરિવારમાં વૃદ્ધો સાથે યાત્રાધામોના પ્રવાસો કરશો. ધંધાર્થીએ કરેલા પ્રવાસો દરમિયાન થતી નવી નવી ઓળખાણો આપને આગળ જતા જીવનમાં પણ ઘણી કામ આવશે પ્રવાસ દરમિયાન આરોગ્યની કાળજી લેવી.

■ **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓએ અભ્યાસમાં ધ્યાન આપવું અને માર્ગ ચૂકી ન જાવ તેનો ખ્યાલ રાખવો. સહપાઠીઓ સાથે તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે ઝઘડામાં ન પડવું. વડીલોને પૂછ્યા વિના પૈસાની લેવડ-દેવડ કરવી નહીં. પ્રભાવશાળી વિદ્યાર્થીઓની સંગત કરવી. સાયન્સ-કોમર્સના વિદ્યાર્થીએ મહેનત કરવી પડશે. સાહિત્ય, પુરાણ, શાસ્ત્રોના વિદ્યાર્થીઓને પ્રયોગાત્મક શિક્ષણ ધર્મક્ષેત્રોના પ્રવાસો થશે.



કુંભ (ગ, શ, સ, ષ)

■ **શનિ મહારાજનું ફળ:** કુંભ રાશિના જાતકોને સાડાસાતીનો બીજો તબક્કો લક્ષ્મીદાયક રહેશે. ૨૦૨૪ના વર્ષમાં કોઈપણ પ્રકારની લાલચ કે કોઈ સ્કીમમાં ન ફસાવ તો વર્ષ ખૂબ જ સરસ પસાર થશે. રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે પ્રગતિ ખૂબ થશે. ખરડાયેલી પ્રતિષ્ઠા સુધારવાનો સમય સારો રહેશે. સંતાનો માતા-પિતાને મળવા માટે આ વર્ષમાં દોડ મૂકી આવશે.

■ **ગુરુ મહારાજનું ફળ:** નૂતન વર્ષના પ્રારંભથી એપ્રિલ માસ સુધી ગુરુ આપને ધન વ્યય કરતા અટકાવશે. વ્યવસાય માટે જગ્યા ખરીદવાનું સપનું સાકાર થશે. ગુરુ આપની આવકમાં વધારો કરશે. કોઈ ખોટી લાલચ કે લોભમાં આવી પૈસા વેડફાઈ ન જાય તેનો ખ્યાલ રાખવો. જમીન, મકાન, વાહનની ખરીદી માટે જુલાઈથી ઓક્ટોબરનો સમય શ્રેષ્ઠ છે. અવિવાહિતો માટે સગપણની વાતો આગળ વધશે.

■ **રાહુ મહારાજનું ફળ:** આ રાશિના જાતકોને રાહુ મહારાજ શેરસટ્ટામાં, બે નંબરના વ્યવસાયમાં, દારૂ, જુગારમાં, લોચાવાળી જગ્યામાં, કબજાવાળી જગ્યાઓમાં, કોર્ટ મેટરોમાં લાભ કરાવશે. આ વર્ષમાં માત્ર મોબાઈલ, ટેક્નોલોજી રેકોર્ડિંગની દુનિયામાં ફસાઈ ન જાવ તેનો ખ્યાલ રાખવો. માલ-મિલકતો-ઓળખાણો વધવાથી પરિવારના સભ્યો તથા જૂના મિત્રો આપની પાસે લાવશે. રાજકીય રીતે વગદાર બનવાના યોગ છે.

■ **આર્થિક બાબત:** આ વર્ષમાં આપ સોના-ચાંદીનાં ઘરેણાંની ખરીદીઓ કરશો. જમીન-મકાન, વાહન જુલાઈથી ઓક્ટોબર વચ્ચે ખરીદી શકશો. જો બેનંબરના ધંધાઓ સાથે જોડાયેલા હશો તો ઘણો લાભ થશે. આર્થિક બાબત જોઈને પરિવારમાં ભાઈ-ભાંડુઓ આપની પાસે ઉછીના પૈસા માંગશે. નવા રોકાણ તથા બેન્ક લોનો ભરપાઈ કરી શકાશે. ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ તેમજ પ્રોપર્ટીના વ્યવસાયવાળા લોકોને સફળતા મળવાના યોગ છે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** પરિવાર તરફથી ઘણો પ્રેમ, આદર, સત્કાર મળશે. ભાઈ-ભાંડુઓમાં પ્રેમ વધે. જૂના મિત્રો સાથેની ગેરસમજો દૂર થશે. ડિસે.થી માર્ચ વચ્ચે પ્રસંગો આવવાથી ખુશીનો માહોલ રહેશે. અવિવાહિતો માટે સગપણની વાતો આગળ વધે. અજાણ્યાના વ્યવસાયિક સંબંધોને કાર્યક્ષેત્ર સુધી સીમિત રાખવા. વૈવાહિક જીવનમાં તેમજ પરિવારમાં જતું કરવાની આદતને કારણે આપ એકતા સાધી શકશો.

■ **સંતાન બાબત:** સંતાનો ઘણા પ્રેમાળ સ્વભાવના હોવાથી આપે તેઓ કોઈના ભોળપણની લાલચમાં ફસાઈ ન જાય તેનો ખ્યાલ રાખો. બાળકો સ્પોર્ટ્સ તથા અભ્યાસમાં સફળ થતા આપને ગૌરવની અનુભૂતિ થશે. બાળકોને ડિસેમ્બરથી માર્ચ વચ્ચે બહારનું ખાતા અટકાવશો તો આરોગ્ય ન બગડે. ફૂડ પોઈઝન થવાની શક્યતા છે. સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન બાળકને અકસ્માત ન થાય તેની કાળજી રાખવી.


■ **આરોગ્ય બાબત:** કેફી દ્રવ્યો શરાબ, ડ્રગ્સ, સ્મોકિંગ કરતા હશો તો મોટી બીમારી આવવાના યોગ રહેશે. બહારનું ખાવાનું ટાળવું. ગર્ભવતી મહિલાઓએ પોષણયુક્ત ખોરાકનું સેવન કરવું અને બેદરકારી રાખવી નહી. આપ વધારે પડતા શ્રદ્ધાવાન તથા લાગણીશીલ હોવાને કારણે બીજાના દુ:ખમાં દુ:ખી થઈને પોતાનું આરોગ્ય બગાડશો નહીં. ક્રોધશીલ સ્વભાવ આપને હાઈબ્લડપ્રેશર જેવા દર્દ અપાવી શકે છે.

■ **નોકરી-ધંધા બાબત:** શરૂઆતમાં કંપની તરફથી મળેલા ટાર્ગેટ આસાનીથી પૂર્ણ થાય. પોલીસ અધિકારીઓ, રાજકીય લોકો તેમજ વકીલ, મોટિવેશનલ સ્પીકર્સ, લેખક વગેરે માટે માર્ચથી જૂનની વચ્ચે પ્રગતિનો સમય રહેશે. લેબોરેટરીમાં કાર્ય કરતા લોકો માટે ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે જાળવણીપૂર્વક ચકાસણી કરવી. લેબોરેટરીના હોદ્દાને આપના કારણે ઠેસ ન પહોંચે તેનો ખ્યાલ રાખવો. ધંધામાં બુદ્ધિ કુશળતાથી વધારે પ્રગતિ લાવશો.

■ **સ્ત્રીઓ માટે:** આ વર્ષે વિજાતીય આકર્ષણમાં ન આવો અને અભ્યાસ પર પૂરતું ધ્યાન આપો તો ચોક્કસ સફળતા મળશે. વધુ કોસ્મેટિક આઈટમનો ઉપયોગ કરતી સ્ત્રીઓએ સારી કંપનીના પ્રોડક્ટ યૂઝ કરવા અને અખતરા ન કરવા. ડિસેમ્બરથી ફેબ્રુઆરીની વચ્ચે મિત્રો, પરિવારજનો સાથે રમણીય પ્રવાસ થશે. સ્ત્રીઓએ કાર્યક્ષેત્રમાં પૂર્ણ લગન સાથે કાર્ય કરવું. વર્ષના મધ્યમાં ગેરસમજો દૂર થશે અને ફરીથી સંબંધો સ્થપાશે.

■ **યાત્રા પ્રવાસ:** જાન્યુઆરીથી માર્ચ દરમિયાન પહાડી વિસ્તારોના પ્રવાસો કરશો. નવું ડ્રાઈવિંગ શીખ્યા હોવ તો સાવચેતીપૂર્વક ગાડી ચલાવવી. વિદેશના પ્રવાસો નવી ઓળખાણ તેમજ નવું ઈન્વેસ્ટમેન્ટ લાવશે. લાંબા સમયથી અટવાયેલા વિઝાના પ્રશ્નો થાળે પડશે. એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે કંપની કે ઉપરી અધિકારીના ખર્ચે વિદેશ જવાનું થાય. આ વર્ષે પ્રવાસમાં સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. સગર્ભા સ્ત્રીઓએ પ્રવાસ ટાળવો.

■ **વિદ્યાર્થીઓ માટે:** ફેશન ડિઝાઈનર, એક્ટિંગ, કલાકારી, સંગીત, ભજન, સંસ્કૃત, સ્વિમિંગ, ક્ષેત્રના આગળ વધવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે. હોસ્ટેલોમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસમાં મન પોરવવા માટે સવારમાં બ્રહ્મમુહૂર્તમાં જાગી ૩૦ મિનિટ ધ્યાનમાં બેસવું ખૂબ જરૂરી. ડૉક્ટર, ઈજનેરી, ખેલ-કૂદ વગેરેના વિદ્યાર્થીઓને ખૂબ જ મહેનત માંગી લેશે.



મીન (દ, ચ, ઝ, થ)

**શનિ મહારાજનું ફળ:** વર્ષના પ્રારંભથી આપ સાડાસાતીના પ્રથમ તબક્કામાંથી પસાર થાવ છો. ધીરજની કસોટી થશે. કોઈ પણ નિર્ણય સાથીઓ કે સલાહકારોની સાથે ચર્ચા કરીને જ લેવા. ઉતાવળો નિર્ણય મુશ્કેલીમાં મૂકી શકે છે. એપ્રિલથી જૂન વચ્ચે શસ્ત્રક્રિયાઓ ટાળવી. રાજકીય ક્ષેત્રના લોકો કાવા-દાવાઓથી પર થઇ સમાજસેવા કરશો.

■ **ગુરુ મહારાજનું ફળ:** કુટુંબ-પરિવાર, ભાઈઓ-બહેનો વગેરે સાથે અણબનાવ થઈ શકે. ફાઇનાન્શિયલ સ્થિતિ નબળી પડવામાં આપ દોષનો ટોપલો હંમેશ બીજા ઉપર નાખશો. એપ્રિલ માસથી ઓગસ્ટની વચ્ચે લક્ષ્મી ચાંદલો કરવા આવે તો મોઢું ધોવા ન જશો. જન્મનો ગુરુ બળવાન હશે તો વિદેશથી પુષ્કળ ધન કમાશો. લાંબી મુસાફરી સુખદ રહેશે. અવિવાહિતો માટે મેથી ઓગસ્ટની વચ્ચે સારા સમાચારો મળે.

■ **રાહુ મહારાજનું ફળ:** નૂતન વર્ષના પ્રારંભથી રાહુ આપની સ્વરાશિમાંથી પસાર થતો હોવાથી વિશ્વાસે વહાણ ચલાવવું નહિ. શારીરિક પીડાઓ ખાસ કરી ગુપ્તભાગોમાં નાની-મોટી શસ્ત્રક્રિયાઓ કરાવડાવે. પાવર મિલકતોના પ્રશ્નોમાં વિખવાદ કરાવે. ખાણી-પીણીમાં ધ્યાન રાખવું. ભાગીદારો સાથે સુમેળ થશે. વેપાર વાણિજ્યમાં ઊંચી ઉડાન ભરી શકાય. પૈસા કમાવાની લાયમાં બીમારી ઘર ના કરી જાય તેનું ધ્યાન રાખવું.

■ **આર્થિક બાબત:** આ વર્ષે આપની આર્થિક સ્થિતિ દયનીય જણાશે. તેને સુધારવા બાબતે અથાગ પ્રયત્ન કરવા પડે. આરોગ્યને કારણે આપના પૈસા દવાખાનામાં વેડફાતા જણાશે. શનિની સાડાસાતીના કારણે કોઈ લોભલાલચમાં ન આવવુ. વર્ષના અંતમાં આપની આર્થિક સ્થિતિ સુધરતી જણાતા સ્વજનો જલન અનુભવશે. આપનામાં ટેલેન્ટ ઘણું હશે, પરંતુ આપ રૂકાવટ અનુભવશો. આર્થિક કારણોસર ચિંતા ન કરવી.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** સાડાસાતીનો પ્રથમ તબક્કો હોવાથી પરિવારમાં કોણ તમારું છે અને કોણ નથી તેની આપને જાણ થઇ જશે. પરિવારમાં પ્રસંગો આવવાથી આપ આનંદમયી જણાશો. મોસાળ પક્ષ તરફથી કોઈ અનિચ્છનીય બનાવ બનવાથી દુ:ખ અનુભવશો. વૈવાહિક જીવનમાં શાંતિ તેમજ સુમેળ સાધવાથી સમસ્યાઓના હલ થશે. ગેરસમજોથી વૈવાહિક જીવનમાં ચક્રવાત સર્જાશે.

■ **સંતાન બાબત:** સંતાનો આપથી ખૂબ જ પ્રેમ કરે છે, પરંતુ આપના તામસી તેમજ ઓવર પઝેસિવ સ્વભાવને કારણે સંતાનો પોતાની ફિલિંગ્સ શેર કરતા પહેલા વિચારશે. આપનાં સંતાનોને સૌથી શ્રેષ્ઠ બનાવવામાં એમનું બાળપણ ન છીનવાય તેનો ખ્યાલ રાખજો. આપ આપના બાળકોની સફળતાથી ખૂબ ખુશ થાવ છો અને એમને વધારે પ્રોત્સાહિત કરો છો, જે આપના બાળકને આગળ વધારવાની પ્રેરણા આપે છે.

**આરોગ્ય બાબત:** વિક્રમ સંવત ૨૦૮૦નું વર્ષ આપ આપના આરોગ્યની વિશેષ કાળજી રાખજો. વધુ પડતી ચિંતા તથા ઓવર થીંકિંગથી આપ આપનું મગજ બગાડશો નહિ, ફેબ્રુ.થી જુલાઈની વચ્ચે શસ્ત્રક્રિયા કરાવવી પડે. શનિની સાડાસાતી પનોતી ચાલતી હોવાથી લાગવા-ભાંગવાના યોગ છે. આંખો, મસ્તિષ્ક, પેટ, હૃદય, ગુપ્તાંગો વગેરેની સમસ્યાઓ પીડા ઉપજાવશે. આયુર્વેદિક ઉપચારો, યોગ, ધ્યાન આપના માટે અનુકૂળ રહેશે.

■ **નોકરી-ધંધા બાબત:** નોકરી-ધંધા બાબતે પરિવારથી દૂર જવાનું થશે. આપે ધંધામાં પાર્ટનર ચકાસણી બાદ બનાવવા, પરંતુ પૂર્ણ વિશ્વાસ ન કરવો. ગેરેજ, કારખાના વગેરેના ધંધાર્થીઓ માટે લાભદાયક સમય નીવડશે. ધંધામાં પડતી આવવાથી ટેન્શન ન લેશો અને મહેનત ચાલુ રાખશો તો ફરીથી હરીફોનો સામનો કરવા સક્ષમ બનશો. ધંધાનો ગુસ્સો પરિવાર પર ન ઊતરી જાય તેનો ખ્યાલ રાખવો.

■ **સ્ત્રીઓ માટે:** સ્ત્રીઓએ પોતાના આરોગ્ય વિશે વિશેષ કાળજી રાખવી. શિક્ષિકાઓ, ડૉક્ટરો પોલીસમાં કામ કરતી સ્ત્રીઓએ પોતાના સ્વભાવ પર કંટ્રોલ રાખવો, નહિતર નાની ભૂલને કારણે બદનામી અનુભવશો. વિજાતીય આકર્ષણોથી બચવું તથા અભ્યાસકીય ક્ષેત્રમાં બેદરકારી ન વર્તવી. પ્રેમવિવાહમાં નિષ્ફળતા મળે જેથી વિશ્વાસ કરવામાં ખ્યાલ રાખવો. પરિવારમાં જો આપ સ્વભાવ સારો નહિ રાખો તો નિંદાનો ભોગ બનશો.

■ **યાત્રા-પ્રવાસ:** પ્રવાસો કરવામાં કાળજી રાખવી. પહાડી વિસ્તારોના પ્રવાસો ટાળવા. પ્રવાસ દરમિયાન આપ તે સ્થળના નિયમો તેમજ ત્યાંની ગરિમાને જાળવી રાખશો, નહિતર મુશ્કેલી સર્જાશે. ધર્મપ્રચારકોને ધર્મપ્રવાસો કરીને ફાયદો થશે. આ વર્ષે આપ પરિવાર તથા મિત્રો સાથે ગામ કે શહેર છોડવા ઇચ્છતા હશો તો થોડી મુશ્કેલી આવશે. રિજેક્ટ થયેલા વિઝાના ઇચ્છુકોએ હિંમત ન હારવી.

■ **વિદ્યાર્થીઓ માટે:** અભ્યાસ બાબતે લક્ષ્યને લઇને મુંઝવણ હોય તો વિશ્વાસુ કે વડીલો પાસેથી માર્ગદર્શન લેવું. રુચિ અનુસાર સ્ટ્રીમ પસંદ કરવી. કોઈના દબાણમાં આવીને વિષયો પસંદ કરશો તો ખરાબ પરિણામ આવી શકે. મહેનતુ સ્વભાવ આપને આગળ વધવામાં મદદ કરશે. આપનું જ્ઞાન અન્ય વિદ્યાર્થીઓ સાથે વહેંચવું એ સારી બાબત છે, પરંતુ આપની મોનોપોલી અને વિચારો પોતાના સુધી સીમિત રાખવા હિતાવહ છે.

# મહિલા પોતાના જ દૂધમાંથી બનાવે છે સાબુ અને લોશન

દૂધ બાળકો માટે શ્રેષ્ઠ ખોરાક માનવામાં આવે છે. માતાના દૂધમાં ઘણાં પોષક તત્ત્વો હોય છે, જે બાળકને ઘણી બીમારીઓથી બચાવવામાં મદદ કરે છે. બાળકના જન્મ પછી સ્ત્રીનું શરીર તે બાળક માટે દૂધ ઉત્પન્ન કરે છે પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે માતાના દૂધમાંથી સાબુ અને લોશન પણ બની શકે છે? તાજેતરમાં જ એવું જાણવા મળ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં એક મહિલા સાબુ અને બોડી લોશન જેવી શ બ્યૂટી પ્રોડક્ટ્સ બનાવવા માટે માતાના દૂધનો ઉપયોગ / કરી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, બ્રિટની એડી નામની ! મહિલા તેના બ્રેસ્ટ મિલ્કનો ઉપયોગ કરીને સ્કિન કેર પ્રોડક્ટ્સ બનાવવાને કારણે ચર્ચામાં છે. તેણીએ તેનો ઉપયોગ કરીને સાબુ, લોશન, ડાયપર ક્રીમ અને અન્ય ઘણાં ઉત્પાદનો બનાવ્યાં છે. બ્રિટની એડી દાવો કરે છે કે માતાનું દૂધ ખૂબ જ ફાયદાકારક છે કારણ કે તે કરચલીઓથી છૂટકારો મેળવવામાં મદદ કરે છે, ચહેરાને ચમક આપે છે અને ત્વચાને યુવાન બનાવી રાખે છે. તેને ઈજા થયેલી જગ્યા પર પણ લગાવી





શકાય છે કારણ કે તે એન્ટીઓક્સિડેન્ટના રૂપમાં કામ કરે છે. બ્રિટનીએ પોતાનો ખુદનો બિઝનેસ સ્થાપિત કર્યો છે. બ્રિટની એડડીને આ ઉત્પાદનો બનાવવા માટે તેના બ્રેસ્ટ મિલ્કનો ઉપયોગ કરવાનો વિચાર કેવી રીતે આવ્યો? તેણે ફ્રોઝન બ્રેસ્ટ મિલ્ક ફ્રીજમાં રાખ્યું હતું. ત્યારે તેના પતિ ફ્રીજ સાફ કર્યા બાદ ચાલુ કરવાનું ભૂલી ગયા હતા. બાદમાં તેને ખબર પડી કે દૂધ બગડી ગયું છે તેનો બગાડ ન થાય તે માટે તેણે વિચાર્યું કે શા ન પી માટે તેનો ઉપયોગ સ્કિન કેર પ્રોડક્ટ તરીકે ન કરીએ? તેણીએ પછી સાબુ બનાવવાનું શરૂ કર્યું, જે વૃદ્ધત્વના સ્ટ્રેચ માર્ક્સ અને ડ્રાય સ્કિનને મટાડવામાં મદદ કરે છે. બ્રિટની અનુસાર, માતાના દૂધમાં ઘણાં તત્ત્વો હોય ઝી છે જે ત્વચાને મોઈશ્ચરાઈઝ કરે છે. તેમાં લૌરિક એસિડ પણ હોય છે, જે એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો ધરાવે છે અને ત્વચાને ઠંડી કરવામાં મદદ કરી શકે છે. પોતાની રેસીપીમાં સુધારો કર્યા પછી, તેણે “મમાઝ મેજિક મિલ્ક’ નામનો પોતાનો બિઝનેસ શરૂ કર્યો. તેના એક સાબુની કિંમત 30 ડૉલર (2493 રૂપિયા) છે. ક્રીમ અને લોશનની કિંમત 15 ડૉલર (1,246 રૂપિયા) છે. તે ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ છે અને તેને ઘણા બધા એવોરર્સ પણ મળ્યા છે. તમે પણ તમારું બ્રેસ્ટમિલ્ક આપી તમારી પસંદ અનુસાર સાબુ, લોશન, ક્રીમ બનાવડાવી શકો છો.



# -85 ડિગ્રીમાં રહે છે એન્ટાર્કટિકાની મિશેલ

દુનિયામાં અચરજભર્યા કારનામાં કરનારની અછત નથી પરંતુ 32 વર્ષની મિશેલ એંડો જે કરી રહી છે ભાગ્યે જ કોઈ આવું કરી શકે. એ એક એવી જગ્યા એ રહે છે જ્યાંનું તાપમાન -85 ડિગ્રી સેલ્સિયસ રહે છે. છ મહિના સુધી સૂરજ નીકળતો જ નથી. શ્વાસ લેવાનું પણ મુશ્કેલ છે છતાં મિશેલ ત્યાં રહે છે. વીડિયોઝ શેર કરી ત્યાંની લાઈફ કેવી છે તે જણાવતાં રહે છે. સાનફ્રાન્સિસ્કોની રહીશ મિશેલ દક્ષિણ ધ્રુવ પર રહે છે. એક એવી જગ્યા જયાં ચારે બાજુ બરફ જ બરફ છે. દિવસરાત બર્ફીલી હવા હોય છે. દુનિયાનાં સૌથી ઠંડાં ક્ષેત્રોમાંનું આ એક છે છતાં મિશેલ ત્યાં કામ કરે છે. આ જગ્યા એન્ટાર્કટિકામાં છે. મિશેલ ગયા વર્ષે ઓકટોબરમાં અમંડુસેન-સ્કોટ સ્ટેશન પર હોસ્પિટાલિટી મેનેજર તરીકે કામ કરવા ગયાં હતાં. આ એક રીસર્ચ સેન્ટર છે જયાં સાયન્ટિસ્ટ અને એમને મદદ કરનાર રહે છે. મિશેલ જણાવે છે કે મહિનાઓ સુધી એકદમ ઓછા તાપમાને બિલકુલ અંધારામાં અલગ - અલગ રહેવું પડે છે. કોઈ બહાર જઈ શકતું નથી. સૂરજની રોશની મળતી નથી. મિશેલે જણાવ્યું કે એન્ટાર્ટિકામાં વર્ષના છ મહિના 24 કલાક અંધારું રહે છે. આ ભયાનક સ્થિતિથી “વિંટર ઓવર સિન્ડ્રોમ’ નામની બીમારી આવી શકે છે. એનાથી તમને ડિપ્રેશન, ભૂલવાની બીમારી, ચીડિયાપણું આવી શકે છે. જો તમે તેનાથી બચવા ઈચ્છતાં હો તો ભૂતની જેમ છુપાઈને રહેવું પડે છે. હોસ્ટેલ જેવા મકાનમાં એ રહે છે.

# જેટલી ખૂબસૂરત દેખાય છે એટલી જ ખતરનાક યુવતી

અમુક લોકોને જોતાં જ તમે તેના તરફ આકર્ષિત થઈ જાવ છો અને તેમના જીવન વિશે વધારે જાણવાનો પ્રયત્ન પણ નથી કરતાં. એક એવી જ મહિલા છે જેની સુંદરતાને જોઈને તમે તેનાથી મોહિત થઈ જશો પરંતુ તેના પ્રોફેશન વિશે સાંભળશો તો તમે પણ ચોંકી જશો. બાદમાં દોસ્તી તો દૂર તમે તેની આસપાસ ફરકવાનું પણ વિચારશો નહીં. આ મહિલાનું નામ અમાન્ડા પૉલસન છે. તે યુનાઈટેડ સ્ટેટ્સની રાજધાની વોશિંગ્ટનમાં રહે છે. આમ તો એ એક રિસર્ચર છે પરંતુ તે જે વસ્તુ પર રિસર્ચ કરે છે તે બધાના વશની વાત નથી. હકીકતમાં અમાન્ડા પેરાનોર્મલ વસ્તુઓ એટલે કે, ભૂત-પ્રેતોથી જોડાયેલી વસ્તુઓ પર સંશોધનનું કામ કરે છે. 18 વર્ષની ઉંમરથી જ તે કરિયરના રૂપે ભૂત-પ્રેતની શોધ કરે છે અને તેને તે ખૂબ જ દિલચસ્પ લાગે છે. તે ભૂતિયા જગ્યા પર જાય છે અને ભૂતો સાથે વાત પણ કરે છે. ઘણાં લોકોને આ વાત મજાક લાગે છે તો અમુક લોકો તેનાથી ડરે છે પરંતુ, અમાન્ડાને આ



પસંદ છે. અમાન્ડા બાળપણથી જે ઘરમાં રહે છે, ત્યાં ભૂતિયા ચીજવસ્તુઓ જોવા મળે છે. પહેલી વાર 7 વર્ષની ઉંમરમાં જ તેણે પહેલો પેરાનોર્મલ અનુભવ કર્યો હતો. તેને પોતાની ઢીંગલી પોતાની જગ્યાએથી રાત્રે ચાલતી દેખાઈ. પહેલાં તો તેને ડર લાગ્યો પરંતુ બાદમાં તેનો તેમાં રસ વધ્યો. તે ભૂત સાથે જોડાયેલાં પુસ્તકો વાંચતી હતી અને પહેલી વાર ઓઉઈઝિયા બોર્ડ નામની ભૂતિયા ગેમ દ્વારા એક 1800માં મરી ચૂકેલા માણસના ભૂત સાથે વાત કરી હતી.

# પર્યાવરણને બચાવવાની અનોખી રીત : વાળ દાનમાં આપો

એક સમય હતો જ્યારે વેનેઝુએલાના તટીય શહેર મારાકાઈબોમાં ચોર મહિલાના વાળ કાપી લઈ જતા હતા. કાતરધારી ચોર સંતાઈને હાથમાં બંદૂક સાથે ઊભા રહેતા અને તક મળતાં જ મહિલાના વાળ કાપી ભાગી જતા હતા. તેમને પિરાન્હા નામે ઓળખવામાં આવતા હતા. વાળ હેર સલૂનમાં વેચી 50000 રૂપિયા સુધી તેઓ કમાતા હતા. કોલંબિયા, ચીન અને દક્ષિણ આફ્રિકામાં પણ વાળની ચોરી થાય છે. એક વાર ફરી વેનેઝુએલામાં વાળ ડિમાન્ડમાં છે પરંતુ હેતુ તદન જુદો જ છે. આ વખતે મશહૂર મારાકાઈબો ઝીલ બચાવવા માટે લોકો વાળ કાપી દાન કરે છે. મારાકાઈબો ઝીલ દક્ષિણ અમેરિકાની સૌથી મોટી અને દુનિયાની સૌથી જૂની ઝીલોમાંની એક છે. પરંતુ અહીં તેલના કૂવાઓનો ભંડાર છે. જેમાંથી કાચું તેલ કાઢવામાં આવે છે. સતત તેલના કૂવાની શોધને કારણે આ વિસ્તાર ઘણો પ્રદૂષિત થઈ ગયો છે. આખી ઝીલ પણ પ્રદૂષણની લપેટમાં છે. ઝીલના પાણી પર તેલના કણો ફેલાય છે જે જીવો માટે જીવલેણ સાબિત થાય છે. તેલના આ કણોને પ્રસરતા અટકાવવા અને એને અલગ કરવા માટે એક ખાસ સાદડી બનાવવામાં આવી રહી છે. જે માણસોના વાળમાંથી તેયાર થાય છે. આ માટે વાળ દાન કરવાની ઝુંબેશ ચાલે છે. ઈન્દ્રધનુષી ચમક અને લીલી શેવાળનાં ફૂલોથી હંકાયેલી આ ઝીલને બચાવવાની રુંબેશ 28 વર્ષની સેલીન એસ્ટ્રાસ ચલાવે છે. એણે આ ઝીલ સાફ કરવાનું બીડું ઝડપ્યું છે. તેમણે પ્રોએક્ટો સિરેના નામનું એક સ્વયંસેવી સંગઠન બનાવ્યું છે. તેઓ લોકોને પોતાના વાળ દાનમાં આપવાનું સમજાવે છે. જુલાઈમાં સેલિનના મનમાં આ વિચાર આવ્યો અને પ્રયોગ કર્યો તો સફળ રહ્યો. હવે મહિલાઓ, બાળકો અને યુવાનો પણ વાળ દાનમાં આપે છે. કેટલાંક પોતાના પાલતુ કૂતરાઓના વાળ પણ કાપી દાનમાં આપે છે. સેલિનની ટીમ વાળનો ઉપયોગ પેંટીહોઝ જેવી જાળ ગૂંથવામાં કરે છે જે મારાકાઈબો ઝીલમાં મૂકવામાં આવશે. એ તેલના પડને ફેલાતાં કે અલગ થતાં અટકાવશે. ઝીલની સફાઈ માટે ચાદર જેવા ઉપકરણ ડિઝાઈન કરવામાં આવ્યાં છે. સેલિનના જણાવ્યાનુસાર 2 પાઉન્ડ વાળ 11થી 17 પાઉન્ડ તેલ શોષી શકે છે. આ પર્યાવરણ બચાવવાની અનોખી રીત છે.





# કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ બાદ ત્રણનો ઘેરાવ કરાયો

## સુરક્ષા ટીમે બાતમીના આધારે સમનુ ગામને ચારેકોરથી ઘેરતા આતંકવાદીઓએ ફાયરિંગ કર્યું

**કુલગામ**



જમ્મુ-કાશમરી માં આતંકવાદીઓએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. અહીં દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. કુલગામ જિલ્લાના સમનૂ ગામમાં આજે બપોરે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ છે, જેના બંને તરફી ફાયરિંગ થઈ રહ્યું છે.

મળતા અહેવાલો મુજબ પોલીસ, સેના અને 34 આરઆર અને CRPFની સંયુક્ત ટીમને બાતમીના આધારે કુલગામના સમનુ ગામને ઘેરી લીધું હતું અને મોટાપાયે તપાસ અભિયાન શરૂ કર્યું છે. જોકે આ દરમિયાન આતંકવાદીઓએ પોલીસનો કાફલો અને કડક બંદોબસ્ત જોતા જ આડેધડ ફાયરિંગ શરૂ કરી દીધું છે. જેનો સેના પણ વળતો જવાબ આપી રહ્યું છે. હાલ સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. આ વિસ્તારમાં 2થી 3 આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે.

# બંગાળની ખાડી પર વાવાઝોડાનું સંકટ ભારતમાં 11 રાજ્યને આઈએમડીનું એલર્ટ

**નવી દિલ્હી**

બંગાળની ખાડી ઉપર વધુ એક વાવાઝોડાનું સંકટ જોવા મળી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું કે, પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી ઉપર ઉદભવેલું ઊંડુ દબાણ આગામી 24 કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે અને તે બાંગ્લાદેશના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. ઉપરાંત હવામાન વિભાગે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ સહિત 10 રાજ્યો માટે ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. IMDની આગાહી મુજબ તાજેતરની લહેરોના કારણે 19 અને 20 નવેમ્બરે તમિલનાડુ અને કેરળના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. આઈએમડીએ બુલેટીનમાં કહ્યું કે, 20 નવેમ્બરે તમિલનાડુ અને કેરળ માં કેટલાક વિસ્તારોમાં સામાન્યથી હળવો વરસાદ અને કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

બંગાળની ખાડી પર ઉદભવેલું ડીપ ડિપ્રેશન આજે ગુરુવારે ગંભીર બન્યું છે અને તે અતિ ગંભીર સ્થિતિમાં આવી ગયું છે. ડીપ ડિપ્રેશન પ્રતિ કલાક 17 કિલોમીટરની ઝડપી ગતિએ આગળ વધી ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશા તરફ આગળ વધી રહ્યું છે, શનિવારે વહેલી સવારે મોંગલા તેમજ ખેપૂપારા વચ્ચે બાંગ્લાદેશ દરિયાકાંઠો પાર થાય તેવી આશંકા છે.

# ઉત્તરકાશીમાં ટનલનો ભાગ તૂટતાં 40 મજૂરો ફસાયા, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ


**કાશી**

ઉત્તરાખંડમાં ઉત્તરકાશીમાં નેશનલ હાઈવે પર નેશનલ હાઈવે પર બનાવવામાં આવી રહેલી નિર્માણાધીન ટનલનો એક ભાગ શનિવારે મોડી રાત્રે તૂટી પડતાં લગભગ 40 શ્રમિકો અંદર ફસાયા હતા. આ શ્રમિકોને ટનલમાં 72 કલાક જેટલો સમય વિતાવો પડ્યો છે. આ દુર્ઘટના બાદ બચાવ કાર્ય સતત ચાલુ છે. બચાવ કામગીરી દરમિયાન ઓગર ડ્રિલિંગ મશીન તૂટી જવાને કારણે બચાવ કામગીરીને અસર થઈ છે. જોકે, ક્ષતિગ્રસ્ત મશીનને દૂર કરીને નવું ડ્રિલિંગ મશીન લગાવવા માટે પ્લેટફોર્મ લેવલિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. નિષ્ણાતો અનુસાર આજ સુધીમાં તમામ કામદારોને બહાર કાઢવામાં આવશે અને બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ દુર્ઘટનામાં જે રાજ્યોના શ્રમિકો ટનલમાં ફસાયા છે તેમાં બિહારના 4, ઉત્તરાખંડના 2, બંગાળના 3, યુપીના 8, ઓરિસ્સાના 5, ઝારખંડના 15, આસામના 2 અને હિમાચલ પ્રદેશના એક કર્મચારીનો સમાવેશ થાય છે. ટનલમાં ફસાયેલા શ્રમિકો ખોરાકની માંગ કરવામાં આવી હતી જેમને પાઈપ દ્વારા ખોરાક મોકલવામાં આવે છે. આ શ્રમિકોનું અંતર લગભગ 35 મીટર હોવાનું કહેવાય છે.

# 2 ટ્રેન આગની ચપેટમાં: વૈશાલી એક્સપ્રેસમાં 19 ઘવાયા, એક ટ્રેનના 3 કોચ બળીને રાખ

**લખનઉ/નવી દિલ્હી**

માત્ર 12 કલાકના સમયગાળામાં બે ટ્રેન દુર્ઘટનાના અહેવાલ મળ્યાં છે. જેમાં યુપીના ઈટાવામાં બીજી ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. અહીં દિલ્હીથી સહરસા જતી 12554 નંબરની વૈશાલી એક્સપ્રેસમાં આગ લાગી ગઈ હતી. પેન્ટ્રી કાર નજીકના કોચ S6માં આ ઘટના બની હતી. જેમાં લગભગ 19 મુસાફરો ઘવાયાની માહિતી મળી છે. જોકે ઘટના પાછળનું કારણ હજું જાણી શકાયું નથી. રેલવે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. માહિતી અનુસાર આગની ઘટના બાદ પીડિત 11



મુસાફરોને સૈફઈ મેડિકલ કોલેજ મોકલાયા હતા. જ્યારે 8 મુસાફરોને હેડક્વાર્ટરના ડૉ. ભીમરાવ આંબેડકર રાજકીય સંયુક્ત હોસ્પિટલ મોકલાયા હતા.

બીજી તરફ અગાઉ દિલ્હીથી દરભંગા જતી ટ્રેનના 3 કોચમાં આગની ઘટના બની હતી. તેમાં એક સ્લીપર કોચ અને બે જનરલ કોચ સામેલ હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો નહોતો. આગ પર કાબૂ મેળવાયા બાદ સળગી ગયેલા ત્રણ કોચને ટ્રેનથી અલગ કરાયા હતા. તેના પછી અન્ય કોચમાં મુસાફરોને બેસાડીને રવાના કરાયા હતા. દરભંગા જતી ટ્રેનમાં આ ત્રણ કોચમાં આશરે 500 લોકો મુસાફરી કરી રહ્યા હતા. એક યાત્રીના જણાવ્યાનુસાર આગ શોર્ટ સર્કિટને લીધે લાગી હતી.

# હૈદરાબાદના સિકંદરાબાદમાં કાર રિપેરિંગ કરતી વેળા ભીષણ આગ લાગી: 15નાં મોત

**હૈદરાબાદ**

હૈદરાબાદ-સિકંદરાબાદમાં આગનું તાંડવ મચી ગયું હતું. હૈદરાબાદમાં કાર-રીપેરિંગ દરમિયાન એકાએક આગ ફાટી નીકળતાં 15 લોકોનાં મૃત્યુ થયા હતાં. પ્રાપ્ય માહિતી પ્રમાણે હૈદરાબાદના નામપલ્લી વિસ્તારમાં એક કારની મરામત ચાલી રહી હતી તે દરમિયાન બાજુમાં રહેલા કેમિકલના કેરબામાં આગ લાગી ગઈ. તેના પરિણામે ૨૧ લોકો આગની ચપેટમાં આવી ગયા. તે પૈકી ૯ લોકોનાં સારવાર દરમિયાન જ મૃત્યુ થયા હતાં.




આગ લાગવાની માહિતી મળતાં ફાયર બ્રિગેડના બંબા પહોંચી ગયા હતા. પરંતુ કેમિકલને લીધે લાગેલી આગ પાણીથી બુઝાઈ શકી નહીં તેથી ફાયર બ્રિગેડને અગ્નિશામક પ્રવાહીથી મહામહેનતે આગ કાબુમાં લીધી હતી. આ આગથી તે કોમ્પ્લેક્ષમાં આગ પ્રસરવાની ભીતીને લીધે અગ્નિશાક કરમચારીઓએ સીડી દ્વારા તેઓને નીચે ઉતાર્યા હતા.

હૈદરાબાદમાં આ પૂર્વે ૧૮મી માર્ચે કાલાપથ્થર વિસ્તારમાં અંસારી રોડ પર પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગી હતી તે બુઝાવવા ફાયર બ્રિગેડની ૭ ગાડીઓ કામે લગાડવી પડી હતી. આ ઘટના પૂર્વે આશરે ૩૯ કલાકે હૈદરાબાદનાં ઉપનગર સિકંદરાબાદમાં એક કોમ્પ્લેક્ષમાં આગ ફાટી નીકળી હતી. તેમાં ૬ લોકોનાં મૃત્યુ થયા હતાં.

# ચંદ્રયાન-3નો અનિયંત્રિત હિસ્સો ફરી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યો

**બેંગ્લોર**

આ વર્ષે 14 જુલાઈના રોજ ચંદ્રયાન-3ના અંતરિક્ષ યાનને નક્કી કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરનારા LVM3 M4 લોન્ચ વ્હીકલનો 'ક્રાયોજેનિક' ઉપરનો ભાગ બુધવારે પૃથ્વીના વાતાવરણમાં અનિયંત્રિત રીતે ફરી પ્રવેશ્યો હતો. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એ આ જાણકારી આપી. ઈસરોએ એક નિવેદનમાં કહ્યું કે ઉત્તર પ્રશાંત મહાસાગર પર સંભવિત બિંદુનો અંદાજ લગાવવામાં આવ્યો છે. છેલ્લો 'ગ્રાઉન્ડ ટ્રેક' ભારતની ઉપરથી



પસાર થયો ન હતો. ઈસરોએ કહ્યું કે આ 'રોકેટ બોડી' LVM-3 M4 લોન્ચ વ્હીકલનો ભાગ છે. બુધવારે તે આંતરરાષ્ટ્રીય સમય અનુસાર બપોરે 2:42 વાગ્યે પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશ્યું. ઈસરોએ જણાવ્યું હતું કે રોકેટ બોડીનો પુનઃપ્રવેશ તેના પ્રક્ષેપણના 124 દિવસની અંદર થયો હતો.

# સહારાના સુબ્રત રોયનું 75 વર્ષની વયે નિધન, મુંબઈમાં લીધા અંતિમ શ્વાસ

**મુંબી**

સહારા ગ્રુપના સ્થાપક સુબ્રત રોયનું મુંબઈમાં અવસાન થયું છે. તેઓ લાંબા સમયથી ગંભીર રીતે બીમાર હતા અને મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. પાર્થિવ દેહને લખનઉ લાવવામાં આવ્યો હતો. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સુબ્રત રોયનો જન્મ 10 જૂન 1948ના રોજ બિહારના અરરિયામાં થયો હતો. તેમનું પ્રાથમિક શિક્ષણ હોલી ચાઈલ્ડ સ્કૂલ કોલકાતાથી લીધું હતું ત્યારબાદ તેણે યુપીના ગોરખપુરથી મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. સહારા ગ્રુપના પ્રમુખ બન્યા તે પહેલા તેમણે લાંબો સમય રિયલ એસ્ટેટમાં વિતાવ્યો હતો.

# નેપાળ-ભારત સરહદે ગેરકાયદે રીતે ઘૂસણખોરી કરતાં માતા-પુત્ર પકડાયા

**કાઠમંડુ**

ભારત-નેપાળ સરહદ પર તૈનાત SSB સુરક્ષાકર્મીઓ નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન બે પાકિસ્તાની નાગરિકો ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા. SSB 41મી બટાલિયનના જવાનોએ તેમને પાણીની ટાંકી BOP પાસે ઝડપી લીધા હતા. અટકાયત કરાયેલા બંને પાકિસ્તાની માતા-પુત્ર છે. મહિલાનું નામ શાઈસ્તા હનીફ હોવાનું કહેવાય છે. તેમની ઉંમર 62 વર્ષની છે. તેમના પતિનું નામ મોહમ્મદ હનીફ હોવાનું બહાર આવ્યું હતું. જ્યારેતેમના પુત્રની ઉંમર 11 વર્ષ છે, જેનું નામ આર્યન જણાવવામાં આવ્યું હતું. આ બંને ગહનમાર સ્ટ્રીટ, સરાફા બજાર, કરાચી, પાકિસ્તાનના રહેવાસી છે. હાલમાં અધિકારીઓ આ અંગે કંઈ પણ કહેવાનું ટાળી રહ્યા છે. SSB સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ માતા-પુત્ર નેપાળથી ભારતમાં પ્રવેશી રહ્યા હતા. SSB 41મી બટાલિયને મહિલા અને બાળકને રોક્યા. તેમને પોતાનું ઓળખ પત્ર બતાવવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ તે કોઈ માન્ય ઓળખપત્ર બતાવી શક્યા ન હતો. શંકાના આધારે સુરક્ષાકર્મીઓએ મહિલાની બેગ તપાસતા પાકિસ્તાની નાગરિકતાના પુરાવા મળ્યા હતા.

# ચારધામ પૈકી ગંગોત્રી ધામના વિધિવત રીતે કપાટ બંધ થયા

**નવી દિલ્હી**

ચારધામ પૈકી સૌથી પહેલાં ગંગોત્રી ધામના દરવાજા આજે વિધિવત રીતે બંધ કરવામાં આવ્યા હતા અને બાદમાં માતા ગંગાની ઉત્સવની શોભાયાત્રા મુખબા માટે નીકળી હતી. ઉત્તરાખંડના ચાર ધામમાં યમુનોત્રી, ગંગોત્રી, બદ્રીનાથ અને કેદારનાથનો સમાવેશ થાય છે, જેમાં આજે વિશ્વ પ્રસિદ્ધ ગંગોત્રી ધામના દરવાજા શિયાળા માટે સવારે 11.45 કલાકે અન્નકૂટ પર્વ નિમિત્તે વિધિવત રીતે બંધ કરવામાં આવ્યા હતા અને માતા ગંગાની ઉત્સવની શોભાયાત્રા મુખબા માટે નીકળી હતી. પાલખીમાં સવાર થઈને મંદિર પરિસરમાંથી ગંગાની મૂર્તિ બહાર આવતા જ સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. હવે કેદારનાથ ધામ અને યમુનોત્રી ધામના દરવાજા 15 નવેમ્બરના રોજ એટલે કે ભાઈ-બીજના દિવસે બંધ કરાયા હતા.

# આફ્રિકાને હરાવી ઓસ્ટ્રેલિયા ફાઈનલમાં

## હવે 19મીએ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો થશે : ડેવિડ મિલરની સદી એળે ગઇ, ટ્રેવિસ હેડનું ઓલરાઉન્ડર પ્રદર્શન

**કોલકાતા**

વર્લ્ડકપ-2023ની બીજી સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ આફ્રિકાને 3 વિકેટે હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. સાઉથ આફ્રિકાની ટીમ 49.4 ઓવરમાં 212 રને ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 47.2 ઓવરમાં સાત વિકેટે 215 રન ફટકારી ફાઈનલમાં એન્ટ્રી મેળવી લીધી છે. સાઉથ આફ્રિકા તરફથી ડેવિડ મિલરે ફટકારેલી સદી એડે ગઈ છે. તો ઓસ્ટ્રેલિયા તરફથી ઓપનિંગમાં આવેલા ટ્રેવિડ હેડે ફિફ્ટી ફટકારવા ઉપરાંત 2 વિકેટ ઝડપી મહત્વનું યોગદાન આપી ટીમને જીત અપાવી છે. આજની મેચમાં ભારે રસાકસી જોવા મળી હતી. સાઉથ આફ્રિકાનો ઓછો સ્કોર હોવા છતાં ઓસ્ટ્રેલિયાને વિજયના સ્કોર સુધી પહોંચવામાં ફાફા પડી ગયા હતા, જોકે જોશ ઈંગ્લિશ, મિચેલ સ્ટાર્ક અને કેપ્ટન પેટ કમિન્ટની ધૈર્યપૂર્વક બેટીંગના કારણે ઓસ્ટ્રેલિયાનો વિજય થયો છે. 19મીએ ઓસ્ટ્રેલિયા ભારત સામે ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.




### ડેવિડ મિલરે 116 બોલમાં 8 ફોર, 5 સિક્સ સાથે 101 રન ફટકાર્યા

સાઉથ આફ્રિકા તરફથી ડેવિડ મિલરે 116 બોલમાં 8 ફોર અને 5 સિક્સ સાથે 101 રન ફટકાર્યા હતા, જ્યારે હેનરીચ કાલસને 48 બોલમાં 4 ફોર અને 2 સિક્સ સાથે 47 રન, ગેરાલ્ડ કોએત્ઝેએ 19 રન, એડમ માર્કરામે 10 રન, કાગીસો રબાડાએ 10 રન કર્યા હતા. બાકી તમામ બેટરો ડબલ ફિગર સુધી પણ પહોંચી શક્યા ન હતા. તબરીઝ શામ્સીએ 2-2 વિકેટ, જ્યારે કાગીરો રબાડા, એડમ માર્કરામ અને કેશવ મહારાજે 1-1 વિકેટ ખેરવી હતી. ઓસ્ટ્રેલયા તરફથી ટ્રેવિસ હેડે અડધી સદી ફટકારવાની સાથે 2 વિકેટ પણ ઝડપી ટીમને જીતાડવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. ટ્રેવિસે 48 બોલમાં 9 ફોર અને 2 સિક્સ સાથે 62 રન ફટકારવા ઉપરાંત 2 વિકેટ પણ ખેરવી છે. બોલિંગમાં મિચેલ સ્ટાર્ક અને પેટ કમિન્સે 3-3 વિકેટ, જ્યારે જોશ હેઝલવુડ અને ટ્રેવિસ હેડે 2-2 વિકેટ ખેરવી છે.




## કોહલી-શ્રેયસનું શ્રેષ્ઠ પ્રદર્શન, શમીએ લીધી 7 વિકેટ, ન્યૂઝીલેન્ડ 70 રને હાર્યું

**મુંબઈ**

વનડે વર્લ્ડ કપ 2023માં આજે (15 નવેમ્બર) મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ટૂર્નામેન્ટનો પહેલો સેમીફાઈનલ મુકાબલો રમાયો હતો. ટીમ ઈન્ડિયાએ આ વખતે વર્લ્ડ કપમાં સતત 10 મેચ જીતી છે. ટીમ ઈન્ડિયાએ આ સેમીફાઈનલથી મેનચેસ્ટરમાં 2019 વર્લ્ડકપમાં કીવી ટીમથી મળેલી હારનો બદલો પણ લઈ લીધો છે. આજની મેચમાં ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગનો નિર્ણય લીધો હતો. રોહિત શર્માનો ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય શ્રેષ્ઠ સાબિત થયો છે. ભારતીય બેટ્સમેનોએ જબરદસ્ત બેટિંગ કરીને 50 ઓવરમાં 4 વિકેટના નુકસાન પર 397 રન બનાવ્યા હતા. જેની સામે ન્યૂઝીલેન્ડે 327 રન બનાવી શકી હતી. ન્યૂઝીલેન્ડને 70 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતની જીતમાં કોહલી અને શ્રેયસ ઐયરની સદી સાથે શમી 7 વિકેટનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

### ભારતે 4 વર્ષ બાદ કીવી સામે લીધો બદલો

આ જીત સાથે જ ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામે 2019 મેનચેસ્ટરનો બદલો પણ લઈ લીધો છે. જોકે, ત્યારે વર્લ્ડ કપ સેમીફાઈનલમાં કીવી ટીમના હાથે વિરાટ કોહલીની કપ્તાની વાળી ભારતીય ટીમને હાર મળી હતી. હવે રોહિત શર્માના નેતૃત્વમાં તે હારનો બદલો લઈ લીધો છે. હવે ભારતીય ટીમ ત્રીજી વખત વર્લ્ડ કપ ચેમ્પિયન બનવાથી એક જીત દૂર છે. હવે ટીમ ઈન્ડિયાને ફાઈનલ મુકાબલો ઓસ્ટ્રેલિયા સાથે 19 નવેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં થશે. આ ફાઈનલમાં ભારતની ટક્કર બીજા સેમીફાઈનલના વિજેતા ઓસ્ટ્રેલિયા સાથે થશે. મોહમ્મદ શમીએ ટિમ સાઉદી, લોકી ફર્ગ્યુસન, ડેરેલ મિચેલ, ટોમ લથમ આઉટ, કેન વિલિયમસન, રચીન રવીન્દ્ર અને ડેવોન કોન્વેને આઉટ કર્યા હતા. આમ, શમીએ આ મેચમાં કુલ 7 વિકેટ ઝડપી હતી.

**પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા નવા કેપ્ટનનું એલાન**

## બાબર આઝમે ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશીપથી રાજીનામું આપ્યુ

### રાજીનામાં બાદ પાકિસ્તાન ટીમને મળ્યા 2 નવા કેપ્ટન

વનડે વર્લ્ડ કપ 2023માં શરમજનક પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ભૂકંપ આવ્યો છે. બુધવારે સાંજે જ બાબર આઝમે ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશીપથી રાજીનામું આપી દીધું હતું. તેના થોડા સમય બાદ જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ નવા કેપ્ટનોનું એલાન પણ કરી દીધું છે. પીસીબીએ અલગ-અલગ ફોર્મેટમાં 2 નવા કેપ્ટનની નિમણૂંક કરી છે. ટેસ્ટ ટીમની કમાન સ્ટાર બેટ્સમેન શાન મસૂદને મળી છે. જ્યારે ટી20 ફોર્મેટની કમાન ફાસ્ટ બોલર શાહીન શાહ આફરીદીના હાથમાં રહેશે. પીસીબીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ માહિતી આપી છે. પીસીબીએ વનડે ટીમના કેપ્ટનની નિમણૂંક નથી કરી.



### પીસીબીએ પહેલી પોસ્ટ ડિલીટ કરી

પીસીબીએ સૌથી પહેલા એક ટ્વિટ કરીને નવા કેપ્ટનની નિમણૂંકની માહિતી આપી હતી, તેમાં આફરીદીને વ્હાઈટ બોલ ફોર્મેટ એટલે T20 અને વનડે બંનેમાં કેપ્ટન બનાવાયો હતો. પરંતુ પીસીબીએ બાદમાં તે પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. ત્યારબાદ બીજી પોસ્ટ શેર કરતા જણાવ્યું કે, આફરીદી માત્ર T20ના કેપ્ટન છે.

## વર્લ્ડકપ ફાઈનલ પહેલા હોટેલરૂમની કિમતોમાં રોકેટગતિએ ભાવવધારો

**અમદાવાદ**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 19 નવેમ્બરે ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ યોજાવાની છે. આ ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની ટક્કર થવાની છે. વર્લ્ડ કપ ફાઈનલ અગાઉ અમદાવાદનો હોટલ ઉદ્યોગ તેજીમાં આવી ગયો છે. એટલું જ નહીં ફાઈનલ મેચને કારણે અમદાવાદ આવતી ફ્લાઈટના ટિકિટોમાં પણ ધરખમ વધારો થયો છે. આઈસીસી વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચને લઈને હોટેલ ઉદ્યોગને જાણે કમાવાની મૌસમ ખીલી ગઈ છે. સામાન્ય દિવસોમાં જે હોટેલના રૂમનુ એક રાતનુ ભાડુ 5 હજાર રૂપિયા હતુ તેના હાલ 50 હજાર રૂપિયા કરી દેવાયા છે. એટલુ જ નહીં કેટલીક હોટેલનો રેટ તો 1 લાખ રૂપિયા થયો છે. અત્યારથી મોટાભાગની હોટેલોના બુકિંગ ફુલ થયા છે અને કેટલીક વૈભવી હોટેલોએ તો 18 નવેમ્બરનું બુકિંગ લેવાનુ જ બંધ કરી દીધુ છે. વર્લ્ડ કપ 2023ની ફાઈનલને લઈને અમદાવાદ આવતી ફ્લાઈટના ભાડામાં 5 થી 7 ગણો વધારો થયો છે. જે ફ્લાઈટનું ઍરફેર 5000 રૂપિયા હતુ તેના હાલ 25000 રૂપિયા થયા છે. અમદાવાદની નામાંકિત હોટેલની વાત કરીએ તો આઈટીસી વેલકમનું એક રૂમનો એક રાત્રિનો રેટ એક લાખ રૂપિયા છે. હોટેલ વિવાન્તાનું એક રાતનુ ભાડુ 90 હજાર રૂપિયા કરાયુ છે. કોર્ટયાર્ડ મેરિયોટના 60 હજાર રૂપિયા જ્યારે રેનિસન્સના 55000 રૂપિયા અને હિલ્લોકના 63000 રૂપિયા એક રાતનું ભાડુ છે. હાલ શહેરની ફાઈવ સ્ટાર અને થ્રી સ્ટાર હોટેલના મળીને 10 હજારથી વધુ રૂમ છે. જેમાંથી મોટાભાગના બુક થઈ ચુક્યા છે. આ ઉપરાંત વર્લ્ડકપ ફાઈનલને પગલે સીંગલ એર ફેર ચારથી પાંચ ગણું વધ્યું છે.

## વર્લ્ડકપ-2023 પછી ભારતીય ક્રિકેટ ટીમના કોચ નહીં હોય રાહુલ દ્રવિડ

**ભારતીય ટીમના કોચ તરીકે રાહુલ દ્રવિડનો 2 વર્ષનો કાર્યકાળ પૂર્ણ**

**બેંગ્લોર**

આ વર્લ્ડકપ પછી રાહુલ દ્રવિડ કોચ તરીકેનો કાર્યકાળ પૂરો કરશે. T20 વર્લ્ડકપ 2021 બાદ રવિ શાસ્ત્રીની જગ્યાએ રાહુલ દ્રવિડને કોચ બનાવવામાં આવ્યા હતા. ભારતીય ટીમના કોચ તરીકે રાહુલ દ્રવિડનો કાર્યકાળ 2 વર્ષનો છે, જે વર્લ્ડકપ પછી સમાપ્ત થશે. સાથે જ એવું માનવામાં આવે છે કે કોચ તરીકે રાહુલ દ્રવિડ માટે વર્લ્ડકપની ફાઈનલ છેલ્લી મેચ સાબિત થઈ શકે છે. એટલે કે વર્લ્ડકપ પછી રાહુલ દ્રવિડ ભારતીય ક્રિકેટ ટીમના કોચ નહીં હોય. અત્યાર સુધી BCCIએ રાહુલ દ્રવિડ સાથે કોઈ



નવા કરાર વિશે વાત કરી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ દ્રવિડ અને બાકીના સપોર્ટ સ્ટાફને લઈને BCCIની અંદર અલગ-અલગ અભિપ્રાય છે. હવે ભારતીય ટીમના તાજેતરના પ્રદર્શન પછી, દષ્ટિકોણ બદલાઈ ગયો છે.

### ઓસ્ટ્રેલિયા સિરીઝમાં વીવીએસ લક્ષ્મણ કોચ

વર્લ્ડકપ પછી ભારતની ઓસ્ટ્રેલિયા સામે T20 શ્રેણી રમશે. આ શ્રેણીની પ્રથમ મેચ 23 નવેમ્બરે રમાશે. વિશાખાપટ્ટનમમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો સામસામે ટકરાશે. આ સિરીઝમાં રાહુલ દ્રવિડની જગ્યાએ વીવીએસ લક્ષ્મણ કોચ તરીકે જોવા મળશે. જો કે રાહુલ દ્રવિડના કાર્યકાળ પર BCCI શું નિર્ણય લે છે તે જોવું રસપ્રદ રહેશે.



# મ્યાનમારમાં હવાઈ હુમલા અને ભારે ગોળીબાર વધતાં 2000થી વધુ લોકો મિઝોરમમાં પ્રવેશ્યા

## મિઝોરમના વિવિધ ભાગોમાં મ્યાનમારના 31,364 નાગરિકો વસવાટ કરી રહ્યા છે

**ઐઝવાલ**

મ્યાનમારના ચિન રાજ્યમાં હવાઈ હુમલા અને ભારે ગોળીબારના કારણે પડોશી દેશના 2000થી વધુ લોકો મિઝોરમમાં પ્રવેશ્યા હતા. આ તમામ લોકો છેલ્લા 24 કલાકમાં સરહદ પાર કરીને મિઝોરમમાં પ્રવેશ્યા. માહિતી અનુસાર ચંફઈ જિલ્લાના ડેપ્યુટી કમિશનર જેમ્સ લાલરિંચને જણાવ્યું કે આ બધા લોકો તાજેતરના હવાઈ હુમલા વચ્ચે મ્યાનમારથી આ જિલ્લામાં પ્રવેશી ગયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

જેમ્સ લાલરિંચને વધુ માહિતી આપતાં જણાવ્યું કે મ્યાનમારની શાસક જુંટા સમર્થિત સેના અને મિલિશિયા જૂથ પીપલ્સ ડિફેન્સ ફોર્સ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો. તેમણે કહ્યું કે જ્યારે પીડીએફએ મ્યાનમારના ચીન રાજ્યમાં ખાવમવી અને રિખાવદરમાં બે સૈન્ય મથકો પર હુમલો કર્યો.



તેના પછી આ અથડામણ સર્જાઈ હતી. જેમ્સ લાલરિંચને કહ્યું કે મ્યાનમારના રિખાવદર સૈન્ય મથકને સોમવારે વહેલી સવારે પીપલ્સ ડિફેન્સ ફોર્સે કબજે કરી લીધું હતું અને બપોર સુધીમાં ખાવમાવી સૈન્ય મથકને પણ નિયંત્રણમાં લઈ લેવામાં આવ્યું હતું.

# જમ્મુ કાશ્મીરના સુરનકોટમાં ગ્રેનેડ હુમલો, મંદિરને બનાવાયુ નિશાન

**સુરનકોટ**

જમ્મુ કાશ્મીરના સુરનકોટમાં ફરી એકવાર માહોલ ખરાબ કરવાનો પ્રયાસ થયો છે. અસામાજિક તત્વોએ હવે કૃષ્ણ મંદિરને નિશાન બનાવ્યું છે. બુધવારે રાતે કૃષ્ણ અને શિવમંદિરમાં ગ્રેનેડ હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. જો કે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ મંદિરમાં છત અને સીડીઓને નુકસાન થયુ છે. મંદિરોમાં તમામ મૂર્તિઓ સુરક્ષિત છે. ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. લોકોને આતંકી હુમલો થયો હોવાની આશંકાને પગલે ભયભીત જોવા મળ્યા હતા.

ઘટનાને પગલે આજુબાજુમાં રહેતા



કેટલાક લોકો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઘટનાને પગલે સેના અને પોલીસને જાણ કરવામાં આવી હતી. સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચ્યા અને વિસ્તારને ઘેરી લીધો હતો. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે તાત્કાલિક ફોરેન્સિક ટીમને સ્થળ પર બોલાવી હતી. બ્લાસ્ટમાં કયા પ્રકારના વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની તપાસ કરી રહી છે.

# બેંકે ભુલથી ગ્રાહકોના એકાઉન્ટમાં 820 કરોડ નાખી દીધા, 79 ટકા રિકવર કરાયા

**નવી દિલ્હી**

દેશની સરકારી યુકો બેંકના ગ્રાહકોના એકાઉન્ટમાં નાણાંનો વરસાદ થઈ ગયો છે, જોકે બેંકની ભુલને કારણે લગભગ 820 કરોડ રૂપિયા જમા થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. બેંકે જણાવ્યું કે, આ રકમ ટેકનિકલ ફોલ્ટના કારણે ગ્રાહકોના એકાઉન્ટમાં જમા થઈ છે, જેને પરત લેવાની કામગીરી ચાલી રહી છે. યુકો બેંકે જણાવ્યું કે, અત્યાર સુધીમાં 649 કરોડ રૂપિયા એટલે કે 79 ટકા રકમ પરત આવી ગઈ છે. બેંકે કહ્યું કે, આ રકમ ઈમિડિએટ પેમેન્ટ સિસ્ટમ (IMPS) દ્વારા બેંકના કેટલાક એકાઉન્ટમાં ભુલથી જમા થઈ ગઈ હતી. યુકો બેંકે આજે નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું કે, બેંકે વિવિધ પગલા ભરી રિસીવ એકાઉન્ટોને બ્લોક કરી દીધા છે અને 820 કરોડ રૂપિયામાંથી 649 કરોડ રૂપિયા પરત મેળવી લીધા છે. આમ કુલ રકમમાંથી 79 ટકા રકમ પરત મેળવી લેવાઈ છે. જોકે આમ ટેકનિકલ કારણે થયું છે કે, હેકના કારણે, તેની બેંક તપાસ કરી રહી છે. યુકો બેંકે અત્યાર સુધીમાં 649 કરોડ રૂપિયા પરત મેળવી લીધા છે.

# સુપ્રીમ કોર્ટની આકરી ટિપ્પણી બાદ તમિલનાડુના રાજ્યપાલે સરકારને 10 પેન્ડિંગ બિલ પરત મોકલ્યા

**ચેન્નઇ**

તમિલનાડુ અને પંજાબની રાજ્ય સરકારોએ રાજ્યપાલોની બિનજરૂરી અને કારણ વગરની દખલગીરી અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે તમિલનાડુ અને પંજાબના રાજ્યપાલો સામે કડક વલણ અપનાવ્યું હતું. હવે તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિએ ગુરૂવારે વિધાનસભામાં 10 પેન્ડિંગ બિલ પરત કર્યા છે. જેમાં અગાઉની AIADMK સરકાર દ્વારા પસાર કરાયેલા 2 બિલનો પણ સમાવેશ થાય છે.

રાજ્યના કાયદા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવામાં રાજ્યપાલ રવિ દ્વારા બિનજરૂરી વિલંબ થયો હતો. તમિલનાડુ ઉપરાંત પંજાબ સરકારે પણ આવી જ એક ફરિયાદ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્યપાલની સહી વગર બિલ પાસ થતું નથી અને સહીમાં વિલંબને કારણે વિધાનસભાની કાર્યવાહીને નુકસાન થાય છે. બંને રાજ્યોની ફરિયાદો પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્ટે ફરિયાદોને "ગંભીર ચિંતાનો વિષય" ગણાવી હતી.

બિલ પરત ફર્યાના થોડા કલાકો બાદ તમિલનાડુ વિધાનસભાના અધ્યક્ષ એમ અપ્પાવુએ આગામી 18 નવેમ્બરે એક દિવસ પૂરતું વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવ્યું છે. એવી આશા રાખવામાં આવે છે કે શાસકપક્ષ ડીએમકે દ્વારા આ તમામ બિલોને રાજ્યપાલની મંજૂરી માટે સીધા રાજભવન મોકલી દેવાશે.


## ઈન્ટરનેશનલ

# પાકિસ્તાને યુક્રેનને હથિયારો વેચી 3000 કરોડ કમાયા: રિપોર્ટમાં દાવો

**ઈસ્લામાબાદ**

રોકડ સંકટ સામે ઝઝૂમતાં પાકિસ્તાને રશિયા વિરુદ્ધ જઈને યુક્રેનને ઘાતક હથિયારોનું વેચાણ કર્યું હોવાનો મોટો ખુલાસો થયો છે. અહેવાલોમાં દાવો કરાયો છે કે પાકિસ્તાને યુક્રેનને 36.4 કરોડ ડૉલર એટલે કે આશરે 3,000 કરોડ રૂપિયાના હથિયારોનું વેચાણ કર્યું છે. સાથે જ પાકિસ્તાન આ દરમિયાન રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ અને ઘઉં તો ખરીદતું જ રહ્યું.

યુક્રેનને વિસ્ફોટકનો સપ્લાય કરવા માટે પાકિસ્તાને ગત વર્ષે બે ખાનગી અમેરિકી કંપનીઓ સાથે હથિયારોની



ડીલ કરી હતી. રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે બ્રિટિશ સૈન્ય માલવાહક વિમાને યુદ્ધગ્રસ્ત દેશને હથિયાર સપ્લાય કરવા માટે રાવલપિંડી સ્થિત પાકિસ્તાની એરફોર્સના બેઝ નૂર ખાનથી સાઈપ્રસ, અક્રોટિરી અને રોમાનિયા માટે 5 વખત ઉડાન ભરી હતી.

# 'ભારત તેની તાકાત બતાવી યુદ્ધવિરામ કરાવે' પેલેસ્ટાઈનના રાજદૂત અલહૈઝાએની અપીલ

## ગાઝામાં લગભગ 12000થી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા, 15 લાખથી વધુ લોકો બેઘર

**પેલેસ્ટાઈન**

હમાસ વિરુદ્ધ ઈઝરાયલની કાર્યવાહી હજુ ચાલુ છે. તેના લીધે અત્યાર સુધી ગાઝામાં લગભગ 12000થી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે, જ્યારે 15 લાખથી વધુ લોકો બેઘર અને વિસ્થાપિત થઈ ચૂક્યા છે. આ સૌની વચ્ચે પેલેસ્ટાઈને હવે ભારતની મદદ માગી છે.

ભારતમાં પેલેસ્ટાઈનના રાજદૂત અદનાન અબુ અલહૈઝાએ કહ્યું કે પેલેસ્ટાઈનના લોકો માટે હું ચિંતિત છું. ભારતે ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે તેની તાકાતનો ઉપયોગ કરવો જોઈએ. અદનાન અબુ અલહૈઝાએ કહ્યું કે મેં ભારત સરકારને અનેક ફોન કોલ કર્યા. હું ભારતને ફરી આગ્રહ કરું છું કે તે ઈઝરાયલ અને હમાસ વચ્ચે તાત્કાલિક ધોરણે યુદ્ધવિરામ કરાવવા મોટી ભૂમિકા ભજવે.

અલહૈઝાએ કહ્યું કે ભારતે ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થતા કરવી જોઈએ અને તાત્કાલિક યુદ્ધવિરામ કરાવીને માનવીય સહાય માટે સરહદો ખોલવા ઈઝરાયલ પર દબાણ કરવું જોઈએ. આવી સ્થિતિ કોરોના દરમિયાન પણ હતી. ગાઝા જેવા નાના વિસ્તારોમાં આ પ્રકારના નરસંહારથી લોકોને હવે બીમારીઓનો ડર લાગી રહ્યો છે. દરેક જગ્યાએ મૃતદેહો વિખેરાયેલાં પડ્યા છે.

# પાક.ના બલુચિસ્તાન પ્રાંતમાં હથિયારધારી દ્વારા 3 કોન્સ્ટેબલને બંધક બનાવી હથિયારોની લૂંટ

**કરાંચી**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં હથિયારધારી લોકોએ એક ચેકપોસ્ટ પર હુમલો કર્યો હતો. અધિકારીઓએ કહ્યું કે, અહીં તુરબતમાં પોલીસ ચોકી પર ભારે હથિયારોથી સજ્જ હુમલાખોરોએ ત્રાટકી ત્રણ પોલીસ કોન્સ્ટેબલને બંધક બનાવ્યા છે. હુમલાખોરોએ ત્રણ કોન્સ્ટેબલને બંધક બનાવવા ઉપરાંત સબમશીન બંદુકો અને દારુગોળો પણ લૂંટી લીધા છે. અધિકારીઓએ જણાવ્યું કે, લગભગ 6થી 8 હથિયારાધારી લોકોએ ચેકપોસ્ટ પર હુમલો કર્યો છે. અધિકારીઓએ કહ્યું કે, એક શંકાસ્પદ વ્યક્તિ રાજધાની ક્વેટામાં એન્ટ્રી પોઈન્ટ ઉપર ઓળખ આપ્યા વગર અને વાહન થોભાવ્યા વિના કેન્ટોનમેન્ટમાં ઘૂસી ગયો હતો.

# દિવાળી પર ઋષિસુનકનો અંદાજ: જમીન પર બેસીને ગાયું 'રઘુપતિ રાઘવ રાજારામ'

**લંડન**

બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનક તેમની હિંદુ ઓળખથી શરમાતા નથી. આ દિવાળીએ તેઓ લંડનના એક મંદિરમાં પહોંચ્યા અને જમીન પર બેસીને 'રઘુપતિ રાઘવ રાજા રામ' ગાયું હતું. બ્રિટિશ પીએમ ઋષિ સુનક એક ધર્મનિષ્ઠ હિંદુ છે. તે ખુલ્લેઆમ પોતાની જાતને એક ગૌરવપૂર્ણ અંગ્રેજ તરીકે સ્વીકારે છે પરંતુ સાથે જ તે કહેતા પણ શરમાતા નથી કે તેના મૂળ ભારતીય છે અને તેનો તેમને ગર્વ છે. તેઓ હિંદુ સંસ્કૃતિ પર પણ ખૂબ ગર્વ અનુભવે છે. તે કહે છે કે આ બધી



વસ્તુઓ તેને પોઝિટીવ એનર્જી આપે છે અને તેમાં છુપાવવા જેવું કંઈ નથી. ઋષિ સુનક બ્રિટનના પ્રથમ અશ્વેત અને બિન ખ્રિસ્તી પીએમ છે. કન્ઝર્વેટિવ પાર્ટીમાંથી આવતા સુનકને ગયા વર્ષે દિવાળી પર નિયુક્ત કરવામાં આવ્યા હતા.

# ડેનમાર્કની સંસદમાં લવાયું બિલ : કુરાનનું અપમાન કરનારને થશે 2 વર્ષની જેલ

**ફ્રેન્કફર્ટ**

યુરોપિયન દેશો સ્વીડન અને ડેનમાર્કમાં મુસ્લિમોના પવિત્ર ધર્મગ્રંથ કુરાન શરીફ સળગાવવાની ઘટનાઓ સામે આવ્યા બાદ મુસ્લિમ દેશોમાં રોષ ભારે ફેલાયો છે. ડેનમાર્કની સરકારે કહ્યું કે આ પ્રકારનો તણાવ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. તેથી જાહેરમાં કોઈપણ ધાર્મિક ગ્રંથને સળગાવવાની કે તેનું અપમાન કરવાની ઘટનાને ગુનો બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ડેનમાર્કની સંસદની વેબસાઈટ અનુસાર આ કાયદા હેઠળ કુરાન શરીફ સળગાવવા અથવા તેનું અપમાન કરનારા આવા અપરાધીઓને બે વર્ષ સુધીની જેલ થઈ શકે છે

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

SHARP INTERNATIONAL
IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

AUSTRALIA VISA FOR CANADIAN CITIZENS

CANADA IMMIGRATION

- Canada PR
- Canada LMIA Job Offer
- Canada Work Visa
- Canada Business/ Investor Visa
- Canada Visitor visa
- Canada Spousal visa
- Family Sponsorship
- Super Visa

AUSTRALIA IMMIGRATION

- Australia Skilled Regional Visa
- Skilled Nominated Visa
- Skilled Independent Visa
- Temporary Skilled Work visa
- Employer Nomination Scheme
- Business Investor Visa

STUDY ABROAD SERVICES:

- Study in Canada/ Australia/ UK USA/ Newzealand
- Study in Singapore/ Malta/ Latvia Finland/ Malta/ Poland
- Europe Work Visa

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST

CONTACT US



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
499 Main Street, Unit 94Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911